'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ગુરૂ - રત્નત્રયીનો આધાર

|| 3 ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


ગુરૂદર્શિત સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપનો માર્ગ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

# પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ગુરુ - રત્નત્રયીનો આધાર

॥ ૩ ॥



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

ગુરુદર્શિત સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપનો માર્ગ

☐ **PARAM BHADRANKAR GURU - RATNATRAYI NO AADHAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Gurukrupa & Samkit
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 3**

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
Halar | London

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ભાગમાં વિસ્તારપૂર્વક વિવેચન કરાયેલા અનેક ગુણોની શ્રેણીમાંથી એક એક ગુણરૂપી પુષ્પો ચૂંટી ચૂંટીને રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની મહેનતથી નજરાણાસ્વરૂપે ખીલીને શ્રી સંઘના હસ્તકમળમાં પહોંચી રહ્યાં છે, જેનાં વાંચન-ચિંતન દ્વારા ભવિ જીવો સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનની ભૂમિકામાં આગળ વધી રહ્યાં છે, તેનો આનંદ છે. આ લેખનનું કામ આત્મજ્ઞાન પમાડવાનું છે.

સાહેબજી એક ચિંતનમાં જણાવે છેઃ 'સમ્યગ્દર્શનનો અર્થ પરમાત્મદર્શન પણ થાય. આત્મજ્ઞાનનું બળ વધે, તો મિથ્યાત્વ-અજ્ઞાન ઘટે. નિમિત્ત પરદ્રવ્યનું કાંઈ કરે, તો મિથ્યાશ્રદ્ધાનો અને 'નિમિત્ત નથી' એમ માનીએ, તો મિથ્યાજ્ઞાનનો દોષ આવે.' વળી 'ઉપમિતિ'ના ભાવો જણાવતાં લખે છેઃ 'ગુરુકૃપાથી જો ગ્રન્થિભેદ વડે કર્મસ્થિતિ ઘટી હોય, મિથ્યાત્વજનિત સંતાપ શમ્યો હોય અને ચંદન સમી શીતલતા આપનારૂં સમ્યગ્દર્શન પ્રગટ્યું હોય, તો જ શાસનમંદિરમાં પ્રવેશ થયો છે, એમ સમજવું.'

અહીં આત્મજાગૃતિ માટે અત્યંત પ્રેરક એવા મિથ્યાત્વ-સમ્યક્ત્વના અનેક ચિંતનો છે. જેને કોઈપણ એક જ વિષયનું આધ્યાત્મિક ચિંતન વાંચવું હોય, તો આ એક એક લઘુ ગ્રંથ પૂરક બની રહેશે. આ જ્ઞાનકાર્યનાં પ્રકાશનમાં પરમ ગુરુભક્ત સુશ્રાવકરત્ન **પારસભાઈ** તેમના માતુશ્રી **જયાબેન** તથા પિતા **ચુનીલાલ દોઢીયા**નાં આત્મકલ્યાણ માટે ઉત્તમ રીતિએ લાભ લઈ રહ્યાં છે, તેની અંતરથી અનુમોદના! આ. મનમોહનસૂરિ

હેમપ્રભવિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરું હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન / હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

## 'ગુરુ' કોને કહે છે?

'निवर्तयत्यन्यजनं प्रमादतः
स्वयं च निष्पापपथे प्रवर्तते ।
गुणाति तत्त्वं हितमिच्छुरंगिनाम्
शिवार्थिनां यः स गुरुर्निगद्यते ॥' અર્થાત્:

જે બીજાને પ્રમાદ કરવાથી રોકે, જે પોતે નિષ્પાપ રસ્તે ચાલે તથા જે હિત અને કલ્યાણની કામના રાખનારાને તત્ત્વબોધ કરે છે, તેને 'ગુરુ' કહે છે.

ગુરુ અજ્ઞાનનાશક છે. જેનાથી સામાન્ય-વિશેષ ધર્મની પ્રાપ્તિ પોતાને થાય છે, તેવા ગુરુનો દ્રોહ તે ધર્મનો દ્રોહ છે.

### ઉત્તમ ગુરુનાં લક્ષણો

(૧) શ્રોત્રિય (૨) બ્રહ્મનિષ્ઠ
(3) બહુશ્રુત અને ગીતાર્થ (૪) સમભાવ
(૫) નિત્ય નૈમિત્તિક કૃત્યકારી (૬) ભગવદ્ભક્ત
(૭) શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાંત - બ્રહ્મનિષ્ઠ.
આત્માનું દૃઢ અપરોક્ષ જ્ઞાન જેમાં હોય, તે ખરા ગુરુ.

'હું આનંદસ્વરૂપ છું' એટલે સુખ મેળવવાને માટે
મારે જગતના પ્રાણી - પદાર્થોની આવશ્યકતા ન હોય.
'હું શરીર નહિ' એટલે જન્મ, મૃત્યુ, જરા યા વ્યાધિ
મને પીડા આપી શકે નહીં. 'હું પ્રાણ નહિ' એટલે
ક્ષુધા, તૃષા, શીતોષ્ણ મને વ્યાકુળ કરી શકે નહીં.
'હું ઇંદ્રિયો નહિ' એટલે વિષયના સંયોગ - વિયોગ,
જન્મ, સુખ અને દુઃખ મને સ્પર્શ કરી શકે નહીં.
'હું અંતઃકરણ નહિ' એટલે શોક - મોહ, રાગ - દ્વેષ,
કર્તા - ભોક્તા વગેરે ધર્મો મારા સુધી પહોંચી શકે નહીં.

'હું છું કે નહિ?' એવો સંશય ક્યારેય થતો નહિ.
આત્મા પ્રત્યક્ષ છે, અન્યથા 'હું છું' એવો પ્રત્યય ન ઘટે.

કર્તૃત્વાભિમાનનો નિરાસ કરવા એમ વિચારવું કે:
પોતાનું વર્તમાન જીવરૂપ સ્વરૂપ ખોટું છે અને
સાચું સ્વરૂપ તો શુદ્ધ આત્માનું રૂપ છે.

'હું શુદ્ધ છું' એ વિચારનું સૂક્ષ્મ અભિમાન પણ
દુરુપયોગ કરી ન જાય, તે ખાતર ઈશ્વરાર્પણ વિધિ છે.

# ગુરુની ઉપાસનાનું મહત્ત્વ

જે અંધકારમાંથી પ્રકાશમાં લાવે, તે ગુરુ.

(૧) મહાપુરુષોના ગુણોનું સંકીર્તન એ
દીર્ઘકાળ સુધી પ્રાપ્ત કરેલા જ્ઞાનનું ફળ છે.

(૨) જે ઘેર સંત પુરુષોનું આવાગમન નથી,
તે ઘર નહીં સર્પોનું નિવાસસ્થાન છે.

(૩) સાધુ પુરુષોમાં રહેવાવાળી દિવ્યતા
તેમના પાદતલમાં નિવાસ કરે છે.
તેઓનું આત્મસ્વરૂપ ઉપરાંત તેમની દ્રષ્ટિ,
સંભાષણ અને સ્મરણમાત્ર પણ પવિત્રતમ છે.

(૪) અગ્નિની જ્વાળામાં વસવું એનું ઠીક છે,
પરન્તુ ગુરુ વિના વસવું, તે અસહ્યવાસ છે.

(૫) ભગવદુપાસનાનું અંગ ગુરૂપાસના છે.

(૬) સંતસેવાથી પાપનાશ થાય છે તથા
પાપનાશથી આત્મદર્શન મળે છે.
સંતસેવાથી મંગલવૃદ્ધિ તથા મંગલવૃદ્ધિથી યશવૃદ્ધિ થાય.

## સર્વમાં ગુરૂઆધીનતા એ મુખ્ય છે.

જૈન શાસનમાં ગુરૂભક્તિ ગુરૂપાદના પૂજનરૂપ નથી, કિન્તુ ઉપદેશના પાલનરૂપ છે. ચરણની સેવા અર્થાત્ ચારિત્રની સેવા. ઉપદેશનું પાલન, આજ્ઞાનું સેવન એ જ સાચી સેવા છે. ગુરૂ જે પ્રકારનું આચરણ કરે, તેનો અંશ માત્ર પણ જીવનમાં આવે, તે અંશે ગુરૂભક્તિ છે.

દેવની ભક્તિ દેવથી જુદાપણાંનો નાશ કરવાના પ્રયત્નરૂપ, ગુરૂની ભક્તિ ગુરૂના ઉપદેશના પાલનરૂપ અને ધર્મની ભક્તિ જિનવચન અનુસાર સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે.

## સત્દેવ, સત્ગુરૂ, સત્શાસ્ત્ર અને ધર્મ

સત્દેવ : આત્માની પ્રગટ ત્રિકાળ પરમાત્મ પૂર્ણદશા.

સત્ગુરૂ : જે આત્મજ્ઞાનસહિત નિર્ગ્રંથ દશાવાન છે, તે.

સત્શાસ્ત્ર : પ્રત્યેક આત્માની સ્વતંત્રતા - સ્વાધીનતા તથા અનંત ગુણોની પૂર્ણતાની જે શાસ્ત્રમાં પ્રરૂપણા હોય, તે.

ધર્મ : આત્માનું સ્વરૂપ જેમ છે, તેમ જ યથાર્થ માને.

# પાંચ પ્રકારના ગુરુ

આ નમસ્કાર મંત્રમાં પાંચ પ્રકારના ગુરુઓ રહેલાં છે:

અરિહંતો માર્ગદર્શક હોવાથી પ્રેરક ગુરુ છે,
સિદ્ધો અવિનાશી પદને પામેલાં હોવાથી સૂચક ગુરુ છે,
આચાર્યો અર્થના દર્શક હોવાથી બોધક ગુરુ છે,
ઉપાધ્યાયો સૂત્રના દાતા હોવાથી વાચક ગુરુ છે.
સાધુઓ મોક્ષમાર્ગે સહાયક હોવાથી સહાયક ગુરુ છે.

પંચ ગુરુઓને નમસ્કારરૂપ હોવાથી આ નવકાર મંત્રને 'ગુરુમંત્ર' અથવા 'પંચમંગલ' પણ કહે છે.

ગુરુ વિના જ્ઞાન નહીં = શ્રદ્ધા વિના જ્ઞાન નહીં.
શ્રદ્ધા પેદા કરવાની તાકાત જેનામાં હોય, તે ગુરુ.

**ગુરુ એ ઈશ્વરે મોકલેલું નિમિત્ત છે.**

**ગુરુ એ મનુષ્યરૂપે, જીવંત કે વિદેહ પણ હોઈ શકે અને માત્ર ચેતનાનાં મોજાં રૂપે પણ આવી મળે.**

ગુરુ શિષ્યને શિષ્ય નહીં, કિન્તુ ગુરુ બનાવે છે,
તેથી શિષ્ય પોતે ગુરુનો ઉપકાર માને છે.

ગુરૂ = ગ + ર અગ્નિબીજ, ઉ - શાંતબીજ.

કામ્ય પ્રયોગ ગુરૂ વિના પણ ફળે,

નિષ્કામ પ્રયોગ માટે ગુરૂની જરૂર છે.

શિષ્ય મુક્ત ન થાય, ત્યાં સુધી ગુરૂને મુક્તિ ન મળે.

શિષ્યને ગુરૂ બનાવવાથી તત્કાળ ગુરૂ બનાય છે.

સૂર્યોદય પહેલાં પાંચ ઘડી 'ગુરૂ' શબ્દના

કોટી જાપથી એક ભાઈએ કુંડલીનીનું ઉત્થાન કર્યું હતું.

શિવરૂપ બનવા માટે શું કરવું?

મધ્યરાત્રીએ શ્રી વિદ્યા (ત્રિપુરા) ઉપાસના.

રાત્રે ૧૨ થી ૩નો સમય શ્રેષ્ઠ. બીજા નંબરે ઉષઃકાળ.

ગુરૂ બનવાનો ઉપાય શિષ્ય બનવું તે છે.

ગુરૂ = ભારે, વજનદાર. એ અર્થમાં જે જેટલા

સુખ-દુઃખનો ભાર મન-વચન-કાયાથી ઉપાડે છે,

તે તેટલાનો વડીલ, ગુરૂ કે નાયક બને છે.

જે કોઈનો પણ ભાર ઈચ્છા કરતો નથી,

તે ગુરૂ પણ નથી, શિષ્ય પણ નથી, કિન્તુ તુચ્છાત્મા છે.

ગુરુઓ કેવા હોવા જોઈએ કે જેઓ હોય

માર્ગામાર્ગને જાણનારા ને નયચક્રના સંચારને સમજનારા.

કેવા પ્રકારના ગુરુઓ શિવાય

માર્ગમૂઢ દૃષ્ટિવાળા જીવોને વિવિધ ભંગોથી ગહન અને

અતિદુષ્કર એવા દ્રવ્ય-ભાવ આદિ ભેદોવાળા

અહિંસા અને હિંસાના સ્વરૂપના

વિચારનો પાર પામી શકવો શક્ય નથી.

અતિદુષ્કર વિવિધ ભંગ વડે કરીને

ગહન વન સમાન, હિંસા-અહિંસાના સ્વરૂપનાં વિચારમાં

મૂઢ બનેલા અને માર્ગ ચૂકેલા

અજ્ઞાન આત્માઓનું ગુરુઓ જ શરણ છે.

'અંધપરંપરા' એટલે શું ?

ગુરુઅંધ = ફળને જાણ્યા વિના ફળનું પ્રતિપાદન.

શિષ્યબધિર = વૈરાગ્ય વિના જ ધર્મનું શ્રવણ.

શાસ્ત્રનો અભ્યાસ કરીને જે અનુભવ વિના

ઉપદેશ કરે, તે 'અંધપરંપરા' કહેવાય છે.

## માનવમાત્ર માટે જીવનમાં કેટલાંક ઋણ

માતૃઋણ, પિતૃઋણ, ગુરુઋણ અને છેલ્લું મહત્ત્વનું તીર્થંકર પ્રભુનું ઋણ સૌએ અદા કરવાનું હોય છે.

માતા-પિતાના ઋણની મુક્તિ તેમની સેવા તેમજ તેમની આજ્ઞા તથા સદાચારનું પાલન કરવા આદિથી ઉપરાંત તેમની છેલ્લી અવસ્થામાં તેમનો જીવનકાળ ધર્મમય પસાર થાય, તેવા પ્રેરણા - અનુકૂળતા કરી આપવાથી થાય છે.

ગુરુઋણની મુક્તિ તેમને સર્વ સમર્પણથી જ થઈ શકે. જેની પાસે ધર્મપણે શીખવા હોય, તેનો વિનય કરવો. ઊભા થવું, હાથ જોડવા, મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' બોલી મન વડે વિનય ભાવ ધારણ કરવો.

તીર્થંકરપ્રભુનું ઋણ તેમણે જે ઉત્તમ ભાવના વડે તીર્થંકર નામકર્મ નિકાચ્યું, તે જ ભાવનાને અખંડ ટકાવી રાખવી.

'વિશ્વના એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંતના
સર્વ જીવો સુખી થાઓ, સર્વનું કલ્યાણ થાઓ.'

આવી ભાવનાથી તીર્થંકરપ્રભુનું ઋણ ઉતારી શકાય છે.

શક્તિનું જે પ્રદીપન કરે, તે ગુરુ.

આદર્શવાન ગુરુ બ્રહ્મનિષ્ઠ, વૈદિક નથી.

શક્તિપાતક્રમને નિગ્રહાનુગ્રહ સમર્થ હોય.

દીક્ષાનો અર્થ શક્તિપાત.

દીક્ષા ત્રણ પ્રકારે : દર્શન, સ્પર્શન, ભાષણ.

મલવિક્ષેપાવરણ હાનિ - મુદત ત્રણ રાત્રિ.

ગુરુ અને શિષ્યનો સંબંધ

ગુરુને ઉત્તરારણિ અને શિષ્યને અધરારણિની ઉપમા છે. એ બંનેના સંબંધથી બ્રહ્મવિદ્યારૂપી અગ્નિ પેદા થાય છે. ગુરુ પોતાની આવશ્યકતા માટે કદી શિષ્યને પ્રાર્થના કે આશા કરતાં નથી, તેથી શિષ્યે જ ગુરુને પ્રણિપાત, પ્રશ્ન અને સેવા વડે સંતુષ્ટ કરવા સદા તત્પર રહેવું. ચક્ષુ, ભાષણ તથા સ્પર્શથી 3 રીતે ગુરુ દીક્ષા આપે છે.

મુખ્યત્વે ગુરુની ઇચ્છાથી શક્તિપાત થાય છે.

સ્પર્શ આદિ બાહ્ય સાધન છે.

ગુરુની ઇચ્છા ન હોય, તો શિષ્યમાં શક્તિપાત થતો નથી.

# પાંચ રીતે મળતી ગુરુની સહાય

નિષ્ઠાવાળા ગુરુ યોગ્ય શિષ્યને નીચે પ્રમાણે પાંચ રીતે આધ્યાત્મિક મદદ આપી શકે છે: (૧) મંત્રદીક્ષા (૨) સ્પર્શદીક્ષા (૩) દૃષ્ટિ અને સંસર્ગદીક્ષા (૪) ધ્યાનદીક્ષા (૫) ઉપદેશદીક્ષા.

(૧) ગુરુ સમીપ સવાર - સાંજ ધ્યાનમાં બેસીને જે શિષ્ય ગુરુએ આપેલ મંત્રના પાઠ સાંભળે, તેમનામાં આત્મજ્ઞાન અને આત્મજાગૃતિ પ્રગટે છે.

(૨) બીજી રીત 'સ્પર્શ દીક્ષા'ની છે.

જેમ કબૂતર ફક્ત પોતાના ઈંડાને પાંખની હૂંફ આપી, સ્પર્શ કરી મોટાં કરે છે, તેમ કેટલાક ગુરુઓ શિષ્યના માથા ઉપર હાથ મૂકી, પોતાનું ચૈતન્ય તેમાં ફેલાવે છે અથવા શિષ્ય ગુરુના ચરણમાં પોતાનું માથું મૂકી, તેમના ચરણમાં રહેલ ચૈતન્ય પોતામાં પ્રવેશ કરે, તેવા શરણાગતિભાવથી નમે છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે મહાપુરુષોના ચરણરજની સેવા કર્યા વગર સાચું જ્ઞાન મળશે જ નહીં અને મળશે તો ટકશે નહીં.

(3) આત્માની અસર જાગ્રત કરવાનો ત્રીજો પ્રકાર દૃષ્ટિનો અર્થાત્ 'દર્શનદીક્ષા'નો છે. જેમ કાચબા પોતાના બચ્ચાંની સામે પ્રેમમય દૃષ્ટિ કરીને મોટાં કરે છે, તેવી રીતે ગુરુ પણ શિષ્યને પોતાના પ્રેમથી અસર કરી શકે છે.

(૪) ચોથી રીત 'ધ્યાન'ની છે.

માછલી પોતાના ઈંડા નદી કિનારે મૂકીને નદીમાં ફરે છે, ત્યાં તે સતત તેના ઈંડાનું ધ્યાન કરતી રહે છે. તે ધ્યાનની અસરથી કિનારે પડેલા ઈંડા સેવાઈને બચ્ચાં નીકળે છે, તેવી રીતે સાચા - સાચા ગુરુના ધ્યાનમાત્રથી પોતાના શિષ્યના આત્મસ્વરૂપની જાગૃતિ કરી આપે છે.

(૫) ધ્યાનની જેમ જ ઉત્તમ ગુરુ 'ઉપદેશ'થી પણ અસર પહોંચાડી શકે છે, એ વાત તો અનુભવસિદ્ધ છે. પશુઓમાં માછલી અને પક્ષીઓમાં ટીમા પણ સ્વસંતાનને સ્પર્શ વિના કેવળ ધ્યાનથી જ સેવન કરી રહે છે,

એ જ રીતે ગુરુ ઉપદેશ અને હિતશિક્ષાથી
પોતાના શિષ્યોનું કલ્યાણ કરી શકે છે.

# શક્તિપાતમાં શક્તિના પ્રકાર

માનસી, ક્રિયાવતી, કલાવતી, વર્ણવેધમયી,
પિપિલિકા - કપિ - ખગ ઈત્યાદિ.
કલાવતીનો સંબંધ રૂપાત્મક કલાઓ સાથે અને
વર્ણમયીનો સંબંધ શબ્દમયી સૃષ્ટિ સાથે છે,
તેથી મંત્ર, પદ, કવિતા ઈત્યાદિની શક્તિનો ઉદય થાય છે.
વેધમયીથી ષટ્ચક્રવેધન થાય છે.
શક્તિના ચારે સ્વરૂપ એક સાથે પણ પ્રગટ થાય છે.
તે બધાનું સ્વરૂપ શક્તિ હોવાથી એકરૂપ જ ગણાય.
તીર્થંકરો કરતાં તીર્થ વધે છે. ગુરુ સ્વયં તીર્થરૂપ છે,
સૌથી નિકટનાં ઉપકારી છે, તેથી અધિક સેવ્ય છે.
શક્તિવંતને પ્રહાર, પર્વત સાથે મસ્તક અફળાવવું અને
સુતેલા સિંહને જગાડવાથી જેમ સ્વયં આપત્તિ આવે,
તેમ ગુરુ અવિનયથી અહિત થાય. ગુરુકૃપા વિના જ્ઞાની
કે ક્રિયાવાન પણ પ્રકાશ સુખ, સમાધિ, સામાયિક કે
સમતા ન પામી શકતાં, તેના પરિણામે મુક્તિ પામતો નથી.

ગુરુ મંદબુદ્ધિ, અલ્પવય કે અલ્પ શ્રુતવાળા હોય,
તો ય હીલના ન કરવી, કેમકે ગુરુહીલના મહાપાપ છે.

ગુરુહીલના, નિંદા કે અવજ્ઞા -
એ અગ્નિની જેમ જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે.
ગુરુહીલના બેઈંદ્રિયાદિ ભવોને આપે છે,
મિથ્યાત્વને પમાડે છે, તે દૃષ્ટિવિષ સર્પથી ય ભયંકર છે.
જીવવા માટે અગ્નિમાં ઊભું રહેવું, સર્પને ક્રોધ પમાડવો કે
જીવવા માટે ઝેરને ખાવું, તેમ ગુરુ આશાતના છે.
મંત્રબળથી અગ્નિ, સર્પ કે વિષ વશ થાય,
પરન્તુ ગુરુહીલના કરનારનો મોક્ષ થાય નહીં.
માથા વડે પર્વત ભાંગવા ઈચ્છે, સુતા સિંહને જગાડે,
ખડગની ધાર ઉપર હાથ વડે પ્રહાર કરે,
તે ઉપમા ગુરુની હીલનાની જાણવી.
જ્ઞાની શિષ્યે પણ આહિતાગ્નિવત્
ગુરુની સેવા કરવી જોઈએ.
ગુરુની પ્રસન્નતા - આશીર્વાદથી સર્વ કાર્યસિદ્ધિ થાય છે.

ગુરુ પ્રત્યે અવિનયવાન અધમ ગતિમાં રોળાય છે.

વિનયથી કીર્તિ - શ્રુત - લાભ પામી શકાય છે. હિતશિક્ષા આપનાર ઉપર કોપ કરનારો પોતાની પાસે આવતી દિવ્ય લક્ષ્મીને જાણે લાકડી વડે નિષેધ કરે છે, પાછી વાળે છે.

વિનયહીન જીવો દેવયોનિમાં પણ આભિયોગિક દેવપણું પામે, જ્યારે વિનયવંત મહર્દ્ધિક દેવપણું પામે છે.

જલસિંચનથી વૃક્ષ વધે, તેમ ગુરુ પ્રત્યેના વિનયગુણે શિષ્યની પોતાની ગ્રહણ, આસેવન શિક્ષાઓ વધે છે.

ક્રોધી, ગારવવાન, અવર્ણવાદી, અકૃત્યમાં તત્પર, ગુરુની આજ્ઞાને નહીં માનનાર, અવિનયી અને અસંવિભાગી શિષ્યોને ક્લિષ્ટ અધ્યવસાયોના કારણે મોક્ષપ્રાપ્તિ નથી.

ગુરુ સિતાવિદ્ - આમોચક હોય, તેવા ગચ્છની ઉપેક્ષાથી દીર્ઘ સંસાર તથા એવા ગચ્છના પાલનથી ત્રીજા ભવે મોક્ષ મળી શકે છે. સારણાદિહીન ગચ્છ ત્યાજ્ય છે.

જિહ્વાથી ચાટતા ગુરુ અભદ્ર,

જ્યારે દંડથી તાડતા ગુરુ ભદ્ર ગણાયાં છે.

ગુરુની ટીકાથી બચાવનાર વિનય છે.

'ગુરુ આણાઇ ઠિઅસ્સ ય બજ્ઝાણુટ્ઠાણસુદ્ધચિત્તસ્સ |
અજ્ઝપ્પજ્ઝાણમ્મિ વિ એગગ્ગત્તં સમુલ્લસઇ' ||

અર્થ: ગુરુ આજ્ઞામાં રહેનાર તથા
બાહ્યાનુષ્ઠાનથી ચિત્તની શુદ્ધિને મેળવનાર મુમુક્ષુ આત્માઓને
અધ્યાત્મ ધ્યાનમાં એકાગ્રતા મળે છે.

ગુરુનો વિનય કર્મક્ષય અને મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશથી કરવો.
સદા ગુરુ વિનીત શિષ્યને કોમળ વચનથી,
જ્યારે અવિનીત શિષ્યને
પરુષ અથવા કઠોર કે અપ્રિય લાગે તેવા વચનથી તારે છે.
વિનયની પરીક્ષા કરવી અઘરી છે.
ગુરુના વચનને ઇચ્છે, અંગીકાર કરે, તેનું આરાધન કરે,
અને સ્વપ્રશંસા ન કરે, તો વિનયથી સમાધિ પ્રાપ્ત થાય.
ગુરુના વચનો અંદર મળતો બોધ
ગુપ્ત અને સુપ્ત શક્તિને પ્રગટ અને જાગ્રત કરે છે.
ગુરુ સૂર્ય - ચંદ્રની ઉપમાને પાત્ર છે.

# ગુરુના 3 પ્રકારો

(a) કાષ્ઠ નાવ (b) લોહ-પાષાણ નાવ (c) વડપત્ર સમાન.

આચારનું મૂળ વિનય છે.

ગુરુને વિધિપૂર્વક વંદન કરવારૂપ વિનય ધર્મ છે.
જગદ્ગુરુ જિનેશ્વરો અને કલ્યાણમિત્ર સદ્ગુરુને વંદન.
દર્શનાચારની શુદ્ધિ માટે દેવવંદન તથા
જ્ઞાનાચારની શુદ્ધિ માટે ગુરુવંદન છે.
પ્રારંભમાં દેવ અને ગુરુની પૂજા કરવી,
તે મંત્રશાસ્ત્રમાં 'પૂર્વસેવા' કહેવાય છે.
બ્રહ્મ અથવા આત્મા જેવા ગૂઢ વિષયનું જ્ઞાન
ગુરુ વિના પ્રાપ્ત થવું અશક્ય છે.
લોકરંજન કે ઉદરપોષણ નિમિત્તે વેષ અને ક્રિયા
ધારનાર 'ગુરુ' ન ગણાય. ગુરુ ભક્તિશૂન્યતા-ગુરુ વિનાના
તપ, વિદ્યા, વ્રત અને કુળ - શબના અલંકારતુલ્ય છે.
ગુરુની આજ્ઞાને આધીન રહેલો દુષ્કર કાર્યો પણ સાધી
શકે છે, જેમ કે મહાવ્રતો, મનોગુપ્તિ, કષાયવિજય વગેરે.

# નિષ્ઠાવાન ગુરૂ

નિષ્ઠાવાન ગુરૂઓને મૌન રહેવું હંમેશા બહુ ગમે છે. તેઓની અચલ માન્યતા હોય છે કે જો બધામાં એક આત્મા છે, તો વાતચીતથી ચર્ચા કરવાની ખાસ જરૂર નથી. કેવળ દૃષ્ટિથી અગર ધ્યાનથી જરૂરી ચર્ચા કરી શકાય છે અને એથી વાતાવરણ પણ બહુ શાન્ત અને આધ્યાત્મિક લાગવાનું બની રહે છે. નિષ્ઠાવાન ગુરૂ બાળકને જુએ છે, ત્યારે તેમને પોતાથી જુદા તરીકે જોતાં નથી. શિષ્ય કે ભિખારી પણ જો ત્યાં એવા ભાવથી જ જુએ કે

'હું પણ ગુરૂથી જુદો નથી',

તો રેડીઓના વેવલેન્થના જેમ જ સાચા વેવલેન્થ ઉત્પન્ન થાય છે અને શિષ્યના હૃદયમાં આપોઆપ જ સાચાં અને સારા અનુભવ અંતરતમમાં આવવા લાગે છે. નિષ્ઠાવાન ઉત્તમ સાધક ગુરૂની નજર નીચે ધ્યાનસ્થ થવાથી અદ્ભુત દશા ઉત્પન્ન થવા લાગે છે અને સાધક નવા અનુભવમાં અનેક બાબતોના ખુલાસા થઈ જાય છે.

'ગુરુ' એટલે પ્રકાશ આપનાર દીવાદાંડી.

ગુરુભક્તિહીન શિક્ષણમાં
આત્મતત્ત્વ કે ભગવત્તત્ત્વ કદી પણ પ્રકાશ પામતું નથી.
'ગુરુ' એટલે ભારે, શિખર સમો ઊડી ન જાય તેવા.
જેનું ચિત્ત કંચન-કામિની દ્વારા ચલિત ન થાય, તે 'ગુરુ'.
'નમો અરિહંતાણં'થી ભક્તિ અને જ્ઞાન પેદા થાય છે,
કારણ કે તેમાં શિષ્ય અને ગુરુનો અનુરૂપ સંબંધ થાય છે.

પવિત્ર પદો પણ ગુરુમુખેથી લેવા જોઈએ.
ગુરુમુખે ગ્રહણ કરવાથી અને આજ્ઞાનું અનુપાલન કરવાથી
અર્થ - ક્રિયાના સામર્થ્યવાળી ફળની નિષ્પત્તિ થાય છે.
ગુરુ સમદર્શી - દૃઢચારિત્રી - જ્ઞાન - ક્રિયાસંપન્ન જોઈએ.

'गुरौ मानुषीबुद्धिं मंत्रे चाक्षरबुद्धिकम् ।
प्रतिमासु शिलाबुद्धिं कुर्वाणो नरकं व्रजेत् ॥'

અર્થાત્: ગુરુમાં 'આ મનુષ્ય માત્ર છે' એવી બુદ્ધિ કરતો, મંત્રમાં 'આ માત્ર અક્ષરો છે' અને પ્રતિમામાં 'આ માત્ર પત્થર છે' એવી બુદ્ધિ કરતો વ્યક્તિ નરકમાં જાય છે.

'ગુરુ તારક છે' એનો અર્થ છે કે...

ગુરુ પ્રત્યે શિષ્યનો ભાવ તારક છે.

'ગુરુ' એટલે ચર્મચક્ષુથી દેખાતી વ્યક્તિ જ નહીં,
પરન્તુ આપણા અંતઃકરણમાં વસનારો 'ગુરુભાવ'.

ગુરુ પ્રત્યેનો 'ભાવ' એ જ ખરો ગુરુ છે.

ગુરુ અને ગુરુભાવ, દેવ અને દેવભક્તિ નિરનિરાળાં છે.
તેવો તેવો ભાવ કે તેવા તેવા ભક્તિ ઉત્પન્ન થવામાં
તે તે વ્યક્તિ જ મુખ્ય અને મૂળ કારણરૂપ બને છે,
માટે તે તે વ્યક્તિ પ્રત્યે પણ તેટલો જ,
બલ્કે તેથી પણ અધિક આદરનો ભાવ રહેવો જોઈએ.
જો ન રહે, તો ગુરુભાવ કે દેવભક્તિ આપણા
અંતરમાં ઉત્પન્ન જ થઈ ન શકે.
દેહાત્મબુદ્ધિને લીધે જીવ ભાવથી સંકોચાઈ લઘુ બનેલો છે.
લઘુત્વ પણ એક પ્રકારે ભાવ જ છે અને તે લઘુભાવ
ગુરુભાવની ઉપાસનાથી હતો - ન હતો થઈ જાય છે,
તેથી ગુરુભાવ સર્વમાં શ્રેષ્ઠ છે.

'ધ્યાનમૂલં ગુરો મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરો વાક્યમ્ મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥ ૧ ॥'

અર્થાત્: ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ, પૂજાનું મૂળ ગુરુનાં ચરણ, મંત્રનું મૂળ ગુરુવાક્ય, મોક્ષનું મૂળ ગુરુકૃપા છે. ગુરુ પોતાના સ્પર્શ, દૃષ્ટિ, છાયા, તેજ, અનુગ્રહ, વિચારથી પારસ, કલ્પવૃક્ષ, દર્પણ, ક્રૌંચ, સૂર્યકાન્તની જેમ તારક થાય.

સાચા શિક્ષકની જેમ જ એક સાચો સાધુ પણ એક સળગતી અને સુગંધિત અગરબત્તી જેવો જ છે, કે જે પોતે બળીને બીજાને સદ્ગુણની સુવાસ આપે છે.

કળાનું શિક્ષણ આપનાર 'શિક્ષક' કહેવાય,
જીવનના સંસ્કારો આપનાર 'ગુરુ' કહેવાય અને
આત્માને ઓળખાવે, તે 'સદ્ગુરુ' ગણાય.

'સદ્ગુરુના શરણ વિના આપણામાં રહેલું અજ્ઞાનરૂપી અંધારું નાશ પામવાનું નહીં' એમ સંતપુરુષો ફરમાવે છે. ગુરુભાવની ઉપાસનાથી બ્રહ્મભાવને લઈ પહોંચાય છે, તેથી ગુરુને 'બ્રહ્મદઃ' પણ કહ્યાં છે.

## ચોવીસ ગુરુઓનાં નામ

(૧) પૃથ્વી - ધૈર્ય, ક્ષમા (૨) વાયુ - સંતોષ અને અસંગતા
(૩) આકાશ - નિર્લેપતા (૪) અગ્નિ - પવિત્રતા, નિષ્પાપતા
(૫) જળ - સ્વચ્છતા, મધુરતા, શીતળતા (૬) પિંગળા - વેશ્યા
(૭) ચંદ્રમા - સૌમ્યતા, સંપત્તિ-વિપત્તિમાં સમાનતા (૮) સાપ
(૯) સૂર્ય - સ્વપર પ્રકાશકતા (૧૦) કબુતર - અનાસક્તિ
(૧૧) અજગર - સંતોષ (૧૨) ભ્રમર - સંસારમાં ફસાય છે.
(૧૩) મધુમક્ષિકા - અતિ સંગ્રહ વડે વિનાશ (૧૪) મત્સ્ય
(૧૫) સમુદ્ર - અગાધતા (૧૬) હાથી (૧૭) હરિણ (૧૮) વાનરી
(૧૯) કુરર પક્ષી (૨૦) કન્યા (૨૧) લુહાર (૨૨) ભૃંગી કીડો
(૨૩) બાળક (૨૪) પતંગા.

સદ્ગુણી પ્રત્યે ગુરુભાવ કેળવશો, તો બહુ લાભ મળે.

આપણું શરીર અહંતાદિ ભરેલું છે,
તેથી તેનું માન સચવાય, પેટ ભરાય અને બધી સગવડ
મળે એવી ચિંતા અને એવા પ્રયત્નના સ્વભાવવાળું છે,
માટે શરીરની બહાર નીકળવા ઘણાં પ્રયત્નો જરૂરી છે.

'ગુરુ વિના જ્ઞાન નહીં' એનો અર્થ
સર્વ પ્રત્યે નમ્ર બનીને ચાલવું તે છે.

જ્યાં સુધી અન્યની પ્રત્યે ગુરુભાવ ન કેળવાશે,
ત્યાં સુધી આપણામાં નમ્રતા પ્રગટતી નથી.

નમ્રતા, ઋજુતા, કોમળતા સમાન આંતરગુણાદિકથકી જ્ઞાન વિકસે છે. જ્ઞાનપ્રાપ્તિ માટેની અનિવાર્ય શરત જીવનમાં સહુની પ્રત્યે આદર અને સમભાવ કેળવવો, તે જ છે.

સ્વાર્થૈષણા - પરાર્થૈષણા સમજાવનાર ગુરુ છે.

જે લે તે ગુરુ નહીં, આપે તે ગુરુ.

સાચો ગુરુ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું કાર્ય કરે છે.

ગુરુ આગળ નમ્રતા રાખો. તમારું વ્યક્તિત્વ નવું બનાવો.

જેમ એક દીવાને અડકવાથી બીજા દીવાઓ સળગે છે, તેમ એક પૂર્ણ મહાપુરુષના સંપર્કમાં આવ્યે પૂર્ણ બનાય છે.

ગુરુની ગેરહાજરીમાં પુસ્તક એ પ્રાણ છે.

રોજ બે કલાક સદ્વાંચન કરવું જ જોઈએ.

ગુરુગમથી આચરણને સાધો, સુઈ રહો નચિંતો. - કબીર

# તત્ત્વત્રયી

દેવ: ૧૮ દૂષણરહિત હોય, ગુરુ: પાંચ મહાવ્રતોના ધારક તથા દશવિધ યતિધર્મપાલક શુદ્ધ માર્ગપ્રરૂપક હોય અને ધર્મ: દયા, મૂલ, વિનય-વિવેક સહિત કેવલિભાષિત હોય.

ગુરુની કરુણા વિના શિષ્યાત્માનાં
અંત:પ્રકાશનો ઉદય દુ:શક્ય છે.

ગુરુમાં જે કરુણા રહેલી છે, એ જ ગુરુતત્ત્વ છે. તે દેવતત્ત્વમાંથી ગુરુતત્ત્વમાં પ્રવેશે. ધર્મતત્ત્વ કરુણારૂપ છે. તે કરુણાનો જ વિનાશ થાય, તો માર્ગ આગળ વધે જ શા રીતે? તીર્થંકરો અને ગુરુઓ તો નિમિત્તમાત્ર છે.

આ જગતમાં જે કાંઈ છે, તે આ આત્મા જ છે.

આ આત્મા જ કોઈ વખતે દેવરૂપે, તો કોઈક વખત ગુરુરૂપે, તો વળી કોઈક વખત ધર્મરૂપે સમુપસ્થિત થાય છે.

આંખો ફેરી પરખતાં ક્યારે અને કઈ નિશાળે શીખ્યો?

સમર્પણા એટલે પોતાના અસ્તિત્વ તેમ જ
બુદ્ધિનો અહંકાર છોડી દઈ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું.

'ગુરુ' શબ્દના બે અર્થ થાય છે:

અજ્ઞાનનો, પાપનો કે અનિષ્ટનો નાશ કરનાર અને આપણાથી મોટી વ્યક્તિ - પછી તે માતા - પિતા હોય, અધ્યાપક હોય, ધર્મ અને તત્ત્વજ્ઞાન દ્વારા ઈશ્વરાભિમુખ કરનાર હોય કે સ્વયં ઈશ્વર હોય, તે બધા જુદા જુદા પ્રકારે ગુરુના સ્થાને છે.

જૈન ધર્મમાં માત્ર એવા જ વ્યક્તિને ગુરુ તરીકે ગણવામાં આવે છે કે જે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સાથે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ જેવા પાંચ વ્રત તથા ક્ષમા, નિરાભિમાનિતા, તૃષ્ણાત્યાગ, તપ વગેરે શ્રમણધર્મનું પાલન કરતી હોય.

અધ્યાત્મવિદ્યા એ કેવળ ગુરુગમ્ય હોઈ અહીં ગુરુશ્રદ્ધા એ અધિકારિતા, ગુરુવચન એ શાસ્ત્ર અને ગુરુઆજ્ઞા એ સાધના ગણાય છે.

ગુરુ પોતાના તેજોમય, યોગમય, જ્ઞાનમય મંત્રવચને શિષ્યમાં સ્થાપિત કરે છે.

## માર્ગદર્શકની શું જરૂર ?

ગુરુ વિના માર્ગ કોણ બતાવશે ?

ઉત્સાહ કોણ આપશે ? ગુંચ કોણ ઉકેલશે ?

ધ્યેય સુધી પહોંચવાનું પીઠબળ કોણ પૂરું પાડશે ? માર્ગદર્શક.

## માર્ગદર્શકની જરૂર ક્યારે નહિ રહે ?

મન જ્યારે નિર્મળ - સાત્વિક બનશે અને

પાંચે ઇંદ્રિયોનો સંયમ સહજ બનશે.

હૃદયની શુદ્ધિ સધાતા અંદર રહેલા ઈશ્વર સાથે સંબંધ

બંધાશે, ઈશ્વરીય પ્રેરણા અને પથપ્રદર્શન પ્રાપ્ત થશે.

શુદ્ધ થયેલું હૃદય અને એમાં રહેલો ઈશ્વરી પ્રકાશ

પછી ગુરુનું કામ કરશે અર્થાત્ પોતે જ પોતાનો ગુરુ થશે.

જ્ઞાનમાર્ગમાં પોતાની બુદ્ધિએ કરેલા નિર્ણય ઉપર અને

ભક્તિમાર્ગમાં શરણ અથવા તો

ગુરુવચનમાં આસ્થા રાખવાની હોય છે.

સન્માનદૃષ્ટિ નહિ, કિન્તુ સત્ તથા ઋત પ્રત્યેની પ્રીતિને

કારણે જે ધૈર્યત્વ પ્રગટે, તે જ સાચું શુદ્ધત્વ છે.

'आया गुरवो सत्थं ति पच्चक्खा वाऽऽदिणोऽज्झिवइ जिणस्स।
सपच्चक्खत्ताणाओ सीसाण उ तिप्पयारो वि ॥२१४१॥'

: સ્તુતિ :

આત્મા, ગુરુ અને શાસ્ત્ર - એમ ત્રણ પ્રકારે પ્રત્યક્ષ છે.
સ્વપ્રત્યક્ષરૂપપણાંથી પહેલો પ્રત્યક્ષ જિનેશ્વરનો ઉદ્દેશ છે
અને શિષ્યોને ત્રણે પ્રકારનો ઉદ્દેશ છે.

ઈશ્વર અને ગુરુ એ બે આપણા જીવનરથના પૈડાં છે.
આપણા જીવનની ખરાબમાં ખરાબ વાતો કરીશું, છતાં જેની નજરમાંથી આપણે ઉતરવાના જ નહિ, એને 'ગુરુ' કહેવાય.
સ્થિરતા, શુદ્ધીકરણ અને બલીકરણ - એ ત્રણે ય વસ્તુ માટે ગુરુની જરૂર છે. આપણામાં બળ છે કે નથી, એની સંમતિ કે અસંમતિ ય ગુરુ જ આપે છે, માટે વંદનીય છે.
દરેક માનવમાં દૈવતત્ત્વ તો રહેલું છે, પરંતુ ગુરુના માર્ગદર્શન વિના આ દૈવતત્ત્વને બહાર લાવવું કે તેનો વિકાસ કરવો મુશ્કેલ છે. ગુરુને શરણે થવું, એ ઈશ્વર પાસે પહોંચવાનો સૌથી સરળમાં સરળ માર્ગ છે.

ગુરુમાં શાંતિ, સંયમ, નિષ્પાપતા, નિઃસ્વાર્થતા તથા
૧૪ રાજલોકના જીવો માટે સર્વવ્યાપક પ્રેમ હોવાં જોઈએ.

વિશાળતા વિના ચિત્તશુદ્ધિ શક્ય નથી.

માનવમાં કોઈપણ પ્રકારની અનુભૂતિ વિના
શુષ્ક પાંડિત્ય હોઈ શકે છે, પરંતુ
આધ્યાત્મિક ઉત્કર્ષમાં એની વિશેષ કિંમત નથી.

નિર્ભયતાના અનિવાર્ય બે અંગો: ગહનતા અને વ્યાપકતા.

## <u>ગુરુનું માહાત્મ્ય</u>

જે કોઈપણ સાધકને જે કાંઈ પણ વિભૂતિની પ્રાપ્તિ થઈ છે, થાય છે કે થવાની છે, તે ગુરુકૃપાને કારણે જ.

મનુષ્યમાં જે બોધકિરણ છે, તે તેના ગુરુત્વનું ચિહ્ન છે. તેનાથી યા તો બોધિમાં જવાય છે અથવા તો મૂર્છામાં. બોધની કિરણના આલંબને જ અંતરમાં ગતિ કરી શકાય.

સત્યનું સંપૂર્ણ દર્શન કરવું હોય,
તો શિષ્યે પોતાના ગુરુ સાથે તાદાત્મ્ય કેળવવું જોઈએ
તથા ગુરુ જે રીતે વિચારે, તે રીતે વિચારવું જોઈએ.

'श्री गुरुः सर्वकारणभूताशक्तिः।

तेन नवरन्ध्र रूपो देहः।' <u>સ્મૃતિ</u>:

આ ગુરુ એ જ જ્ઞાનનું કારણ હોવાથી પરમ શક્તિ છે.

મૂર્તિ અને મંત્રને જગાવનાર ગુરુ છે.

ગુરુથી કુબુદ્ધિ - લોભબુદ્ધિ ટળાય છે.

<u>દેહરૂપી ગુરુમાં ૯ છિદ્રો છે:</u>

૨ કાન + વાણી એ દિવ્યગુરુ, ૨ આંખ + લિંગ એ છે સિદ્ધગુરુ તથા ૨ નાક + ગુદા એ માનવગુરુ છે. એ ૬ ઉપરાંત ૧ મુખ, ૧ ઉપસ્થ, ૧ ગુદા - એમ ૯ છિદ્રો છે.

દેહ એ જ દિવ્ય, સિદ્ધ અને

માનવકોટિના નવનાથના સમુદાયરૂપી પરમ ગુરુ છે.

૯ ગુરુ વિના જ્ઞાન નહિ, તેમ દેહ વિના પણ જ્ઞાન નહિ.

દેહાંતર્ગત પરમ દેવનો દર્શક ગુરુનો દેહ છે.

જ્ઞાનદાતા ગુરુ વગર પરમાત્મા પ્રાપ્ત થતો નથી.

સદ્ગુરુ શિષ્યને સંપત્તિ કે સંતતિ આપતાં નથી પણ સદ્ગુરુ શિષ્યને સન્મતિ અને સદ્ગતિ આપે છે.

## કેવા શિષ્યને કેવી શિક્ષા આપવી ?

સૂકું કપડું આગથી તુરત સળગે છે, કિન્તુ
જો એ કપડું ભીનું હોય, તો
આગથી પહેલાં ભીનાશ સૂકાય છે પછી કપડું સળગે છે.
શક્તિપાતશક્તિ બન્ને સ્થળે સરખી છે.
ઉપરોક્ત દૃષ્ટાંત જેવી જ સ્થિતિ
અધિકારી તથા અનધિકારી શિષ્યો માટે પણ સમજવી.

## ગુરુના ચરણસ્પર્શ શા માટે ?

ગુરુ પગના અંગુઠા દ્વારા પોતાની શક્તિ
પ્રદાન કરનાર વ્યક્તિ કે શિષ્યમાં સંક્રમણ કરે છે તેથી.

સાચા ગુરુનું લક્ષણ = શિષ્યાદિચ્છેત્ પરાજય ।

એકલી વિદ્યા નહિ પણ ગુરુના ગુણો શિષ્યમાં ઉતરવા
જોઈએ અને ગુરુએ પણ અધિક ગુણો કેળવવા જોઈએ.
ઉત્તમ શિષ્યનું લક્ષણ એ કે તે ગુરુને પૂર્ણ માને,
સર્વસ્વ સમજે, સમર્પિત થઈને રહે, કૃતજ્ઞતા રાખે.
'आज्ञागुरूणामविचारणीया ।'

# ઉત્તમ ગુરૂ શું કાર્ય કરે ?

ઉત્તમ ગુરૂ એટલે તીર્થંકર ગુરૂ નહીં, ગણધર ગુરૂ.
તીર્થંકર ગુરૂ મેઘસમાન વચનનો વરસાદ વરસાવે છે.
ગણધર ગુરૂ તેના માળા ગુંથીને લોકોપકારક બનાવે છે.

બગીચામાં વૃષ્ટિ કરવી, તે મેઘનું કામ છે,
જે વૃક્ષને જેટલું પાણી જોઈએ, તેટલું જ આપવું,
તે ક્યારા બનાવનાર માળીનું કામ છે.
બન્ને કાર્યો જુદાં જુદાં હોવા છતાં જરૂરી છે.

ઉત્તમ પુત્ર તરીકે રામ - પિતા તરીકે દશરથનું મહત્વ છે.
ઉત્તમ પિતા તે છે કે જે પુત્રને પોતાથી અધિક કરે.
ઉત્તમ ગુરૂનું લક્ષણ પણ શિષ્યને અધિક બનાવવો તે છે.
જ્ઞાનના વિસ્તાર માટે શિષ્યમાં જેટલી નમ્રતા જોઈએ,
તેથી પણ અધિક નમ્રતા ઉત્તમ ગુરૂમાં હોવી જોઈએ.

જે શિષ્યનું હૃદય ખુલતું નથી,
તેને ગુરૂ પણ બોધ કરી શકતાં નથી.

'હૃદય ખુલતું હોવું'નો અર્થ પોતાના અજ્ઞાનનો સ્વીકાર.

મન-ઇચ્છા, વાસના, તૃષ્ણાદિ નિવૃત્ત થઈ અંતર્મુખ બને,
ત્યારે શરીરમાં વાદ્ય-ઝંકારની જેમ એક ધ્વનિ સુણાય છે.
મન જ્યારે તે ધ્વનિમાં નિવિષ્ટ થાય છે, ત્યારે
એક પરમ જ્યોતિનું સ્પષ્ટ દર્શન થાય છે.
જ્યોતિના દર્શન બાદ સાધકના ગુરુદેવ
યોગ અને વિરાટ ચૈતન્યની સાક્ષાત અનુભૂતિ કરાવે છે,
ત્યારબાદ પ્રકૃતિની પ્રાપ્તિનો આનંદ અનુભવાય છે.
ગુરુ થવું કઠિન છે, તો શિષ્ય થવું તેથી પણ કઠિન છે.
સુશિષ્ય થવા માટે મનને તૃષ્ણારહિત, નિર્લોભી બનાવવું.
શિષ્યના સહાયક ગુણો: ત્યાગ, વૈરાગ્ય, વિવેક, નીતિ, ભાવનાદિ.
ગુરુ ઉપદેશાનુસાર શબ્દ, જ્યોતિ અને રૂપનો
અનુભવ લેવા શિષ્યએ પ્રયત્ન કરવો જોઈએ.
પોતાના શિષ્યના કલ્યાણને માટે ગુરુ
અનેક આકારે-પ્રકારે સતત કાર્ય કરી રહ્યાં હોય છે.
ગુરુતત્વ નિત્ય અને શાશ્વત છે.
તે યોગ્ય શિષ્યને નિરંતર શોધી રહેલ હોય છે.

## આગમોએ કોને ગુરુ માન્યાં છે?

જે પરોપકારમાં રક્ત હોય, ગુણાદિકમાં તત્પર હોય,
યોગમાર્ગની સિદ્ધિ માટે સદ્અધ્યયન કરનાર હોય,
જેના હૃદયમાં ઉપાસ્યદેવ રમી રહેલ હોય, આવા
ગુણોથી સંપન્ન હોય, તેને આગમોએ 'ગુરુ' માન્યા છે.

ગુરુ-શિષ્ય સમભાવાપન્ન તથા સમહૃદયી રહે,
ત્યારે જ તે વિદ્યા આત્મવિદ્યા બને.
પોતાનો ક્ષય થાય, ત્યારે મોક્ષ થાય છે.

## દીક્ષાગુરુ કોને કહેવાય?

શિષ્યમાં આધ્યાત્મિક શક્તિ જાગ્રત કરે, તે દીક્ષાગુરુ છે.

## ગુરુ અને ત્રણ પ્રકારે દીક્ષા

મંત્રદીક્ષા શબ્દથી, અગ્નિદીક્ષા આંખથી અને
દેહદીક્ષા સ્પર્શથી પ્રાપ્ત થાય છે.
ગુરુનો શબ્દ અર્થને, ગુરુની આંખ લક્ષ્યને પ્રકટ કરે છે
અને ગુરુનો સ્પર્શ શક્તિનો સંચાર કરે છે
ગુરુની જરૂર એટલા માટે કે સમજોલે સમજાવવા શક્ત.

## ગુરુતત્ત્વ અને તેનો પ્રભાવ

આ વિષમ એવા સંસારમાં માનવજાતિને સુખ અને સમાધાન આપવા માટે જ ગુરુતત્ત્વનું અસ્તિત્વ છે.

ગુરુતત્ત્વ પોતાના સ્થાન ઉપર જ રહીને જગતને સુખ અને શાંતિ આપે છે.

ગુરુતત્ત્વ જ ઉપનિષદનું પરમાનંદ, ભક્તોનું પ્રિયતમ, યોગીઓનું ધ્યાનાનંદ, તત્ત્વજ્ઞાનીઓનું બ્રહ્માનંદ અને વીરોનું ચિદાનંદ તત્ત્વ છે. 'સમગ્ર વિશ્વ પોતાનું ઘર છે' એવો ભાવ ગુરુતત્ત્વમાં સ્થાયી રહે છે.

તેનો જ એ પ્રભાવ છે કે ગુરુની દિવ્યમૂર્તિના દર્શનથી પણ ભક્તજનને આનંદનો અનુભવ થાય છે.

જીવને શિવ, નરને નારાયણ અને પુરુષને પુરુષોત્તમ બનાવવાની શક્તિ મહાન એવા ગુરુતત્ત્વમાં રહેલી છે.

ઉત્તમ ગુરુ તે જ બની શકે કે જે ઉત્તમ શિષ્ય બને. ગુરુ દત્તાત્રય તેમાં દૃષ્ટાંત છે. તેઓ વૃક્ષ, નદી અથવા શ્વાન - કોઈની પણ પાસેથી ગુરુતત્ત્વ માની શિક્ષણ લેતાં.

જેમ પારસમાં લોઢાને સુવર્ણ કરવાની શક્તિ છે, તેમ ગુરૂતત્ત્વમાં શિષ્યને ગુરૂ બનાવવાની શક્તિ રહેલી છે.

જેમ ધનવાન નિર્ધનને ધનવાન બનાવે છે,
તેમ ગુરૂથી ગુરૂ બનવાની શક્તિ પ્રાપ્ત થાય છે.
તે શક્તિને 'અનુગ્રાહિક શક્તિ' કહેવામાં આવે છે.
'ગુરૂકૃપા' દ્વારા જ આત્માનુભૂતિ સરળ બને છે.
ગુરૂનો ઉપકાર અપાર, અસીમ, અનંત છે.
સંત, ગુરૂ અને ભગવાન -
કોઈ એક દેશ કે એક વ્યક્તિના હોતાં નથી.
ગુરૂની પદવી ગુણાગ્રહ છે, શબ્દાગ્રહ નહીં.
ગુરૂકૃપા સાધનાનો સર્વથી સરળ માર્ગ છે,
તેનાથી ત્યાગ, યોગ કે પ્રેમ સુલભ બને છે.
ગુરૂકૃપા તે સિદ્ધમાર્ગ છે.

ગુરૂનું નિત્ય જાગૃત એવું આત્મચૈતન્ય શિષ્યના સુષુપ્ત ચૈતન્યને સ્પર્શીને જગાડી દે છે. દીવાથી દીવો પ્રગટે છે, તેમ જેમ પ્રગટ ચૈતન્યથી અપ્રગટ ચૈતન્ય પ્રગટે છે.

આ ગુરુનો માટીનો વિગ્રહ પણ ફલીભૂત થાય છે.

આ ગુરુની પથ્થરની મૂર્તિ પણ સર્વ કામદ બને છે.

પથ્થર અને માટીની બનેલી ગુરુમૂર્તિમાં પણ લાભ દેવાનું સામર્થ્ય છે, તો સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુની આનન્દ ભાવથી સેવાપૂજા, સાધના કઈ વસ્તુની પ્રાપ્તિ ન કરાવે?

શિષ્યમાં વિવેક અને વૈરાગ્ય આવશ્યક છે.

ભક્ત તે જે ભગવાનથી, યોગી તે જે ધ્યાનથી,
શિષ્ય તે જે ગુરુથી, રાજા તે જે પ્રજાથી અભિન્ન છે.

શિષ્યત્વ - શિષ્યયોગ એ સર્વ યોગોમાં મહાન યોગ છે.
શિષ્યત્વની સાધનાના પરિણામે ગૌતમ સાચા ગુરુ બન્યા.
શિષ્ય પોતાના અંતઃકરણમાં શુદ્ધ ભાવનાથી ગુરુ સાથે તાદાત્મ્ય કરીને ત્વરિત તેમના સમાન બની જાય છે.

જે ગુરુજનોમાં દોષને જુએ છે,
તે પોતાના શિષ્યત્વનો નાશ કરે છે.
જે પોતાને પૂર્ણ રૂપથી ગુરુદેવને દઈ દે છે,
તે ગુરુદેવથી સંપૂર્ણ લઈ લે છે.

એ નિયમ છે કે જેણે પૂર્ણ આપ્યું, તેણે પૂર્ણ પામ્યું.
જેણે કાંઈ બાકી રાખ્યું, તેને તે બાકી રહ્યું.

જે શિષ્યગણ સેવા કરે છે અને કાંઈ માંગતો નથી, તેને સર્વ મળે છે, સર્વ દેવતા તેના ઉપર પ્રસન્ન થાય છે, સર્વ દિવ્યમંત્ર તેને ફળીભૂત થાય છે તથા સર્વ સિદ્ધિઓ તેને સહજમાં પ્રાપ્ત થાય છે.

ચિતિમય મંત્રવાર્ય શિષ્યને
યોગાગ્નિમય શરીર દ્વારા ગુરુની સમાન બનાવી દે છે.

ઈશ્વરપ્રાપ્તિ અને નિજાત્મસ્થિતિ તેને સહજ બને છે.

દીર્ઘકાળ સુધી નિરંતર ગુરુધ્યાન અને ગુરુનામ આદર - સત્કારની સાથે સેવન કરવામાં આવે છે, ત્યારે પ્રેમરૂપી નિષ્કામ ભક્તિ ઉદય પામે છે.

ગુરુતત્ત્વ મહાપુરુષના અંતરાત્માનો જ એક પરમ અંશ છે.
એ પરમ અંશ મહાપુરુષના અહંકારને ઓગાળી નાંખી વિનમ્રતાનું પરમ અમૃત પ્રકટ કરે છે અને આનંદનો જ્ઞાનપ્રસાદ નીપજાવે છે.

## ગુરુ એટલે માર્ગદર્શક.

માનવજીવનમાં ગુરુનો આશ્રય અનિવાર્ય છે.

ગુરુની ઇચ્છા આડે શિષ્યના મનમાં કોઈ અંતરાય ન રહે, ત્યાર પછી ગુરુના જ્ઞાનનો પ્રવાહ શિષ્ય તરફ સરળ રીતે વહેવા લાગે છે. એ અંતરાય ટાળવા શિષ્ય ગુરુ સમક્ષ પોતાનું આત્મનિવેદન કરે, શરણાગતિ સ્વીકારે, એથી ઉભય વચ્ચે પ્રેમની ગાંઠ બંધાય. શિષ્યનું વર્તન જોઈને ગુરુના ભાવમાં ભરતી ચડે અને એની સાથે ગુરુનું જ્ઞાન શિષ્યના પાત્રમાં ઠલવાઈ જાય. છેવટે આત્માને જ ગુરુપદે મૂકી દેવાનો હોય છે, કેમકે આત્મા અને પરમાત્મા વચ્ચે અભેદ છે, એટલે પરબ્રહ્મ પોતે ગુરુ બને છે. ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની દેવત્રિપુટી રૂપે પણ ગણ્યાં છે.

સત્યનું સંપૂર્ણ દર્શન કરવું હોય, તો શિષ્યે પોતાના ગુરુ સાથે તાદાત્મ્ય કેળવવું જોઈએ તથા ગુરુ જે રીતે વિચારે, તે રીતે વિચારવું જોઈએ.

ઈશ્વર ગુરુઓના પણ ગુરુ છે, કેમકે તે કાળથી અપરિચ્છિન્ન છે. અહીં 'ગુરુ' શબ્દ પૂજ્ય અને ઉપદેષ્ટા અર્થમાં છે. રાજા - પ્રજા, સ્વામી - સેવક આદિ ભાવોમાં ભેદભાવ અને સ્વાર્થસિદ્ધિની સંભાવના છે.

માતા - પિતાના સંબંધમાં પણ મોહનો સંભવ છે, પરંતુ ગુરુ - શિષ્યનો સંબંધ કેવળ આધ્યાત્મિક છે, જેમાં કેવળ 'જ્ઞાન' પ્રાપ્તિ અને આત્મોન્નતિનો જ ઉદ્દેશ છે.

ઈશ્વરની ઉપાસના ગુરુઓના પણ ગુરુઓની બુદ્ધિથી વિહિત છે. ગુરુઓના ગુરુ ઈશ્વર સુધી પહોંચાડે, ઈશ્વર-પ્રણિધાનમાં જોડે, તો તે માનવ 'ગુરુ' બનવાનો અધિકારી છે.

ભગવત્ આદેશ વિના અન્યને ઉદ્બુદ્ધ કરવું ગુરુતર કાર્ય અધ્યાત્મના પંથમાં અવરોધક છે.

વિશ્વવિજેતાઓનાં ચિત્રો કાળના ગર્ભમાં ઝાંખાં પડી જાય છે, સંતોના ચરિત્રો નિત્યનૂતન અને સદૈવ પ્રેરક રહે છે, કારણકે Saints have compassion for their devotees and followers.

# સદ્‌ગુરુ કોણ ?

જે વાસ્તવિક પ્રેમનો પ્યાલો પોતે પીએ અને
શિષ્યને પાય છે, જે નામને આપે છે,
અનાહતનાદને સાંભળવાની યોગ્યતા ઉત્પન્ન કરી શકે છે
અને શબ્દમાં સુરતિ લગાવી શકે છે, તે સદ્‌ગુરુ છે.
અનુગ્રહશક્તિ, યોગશક્તિ, નામશક્તિથી યુક્ત અને
ભક્તિભાવથી ઓતપ્રોત વ્યક્તિ ગુરુપદને યોગ્ય છે.
સાધક બે પ્રકારના છે : ગુરુમુખ તથા મનમુખ.
ગુરુ : ગુ = અંધકાર, રુ = પ્રકાશ અથવા છેદન.
અંધકારનું છેદન કરે, તે ગુરુ.
આંતરિક ગુરુ એટલે આત્મા તે સદ્‌ગુરુ છે,
બાહ્ય ગુરુ જે ઉપદેશ કરીને સત્ય તરફ ઉન્મુખ બનાવે,
તે નરદેહધારી હોય છે.
ગુરુ દક્ષિણાની ભેટ સ્વ સ્વરૂપને પ્રકટ કરી આપે છે.
પથભ્રષ્ટને પણ સન્માર્ગગામી અને અંતર્મુખી બનાવે છે.
ગુરુકૃપા વિના સંસાર સમુદ્ધાર અસંભવ છે.

## ત્યાગી અને જ્ઞાની ગુરુ કોણ ?

ગુરુ એટલે માર્ગદર્શક કે ગુરુ એટલે જીવનરૂપ, ત્યારે.

ત્યાગી અને જ્ઞાની ગુરુ એટલે

સેવા લેનારા જ નહિ, માર્ગદર્શક બની સેવા કરનારા.

શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ત્યાગનું એક ફૂલ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી ગુણોમાં જે મોટાં તે ગુરુ.

શુદ્ધાત્માના ઉપદેશ વડે તેઓ ઉપકાર કરે છે.

ગુરુ કરતાં ગુરુતત્વ વધારે કિંમતી છે.

ગુરુનો સંબંધ બહિરંગ - બાહ્યાંગ સાથે છે, જ્યારે

ગુરુતત્વનો સંબંધ 'ચૈતન્ય' સાથે છે.

તે અમર છે, પૂર્ણ જ્ઞાનવાન છે.

એ સ્થિતિ માટે વ્યક્તિગત ગુરુ તરફ બહુમાન -

સમર્પણાદિ આવશ્યક છે, તે વડે જ જીવનો ઉદ્ધાર છે.

પંચ પરમેષ્ઠિ એ ગુરુતત્વ છે, તેથી તેનો સંબંધ ચૈતન્ય

સાથે છે, જે અજર છે, અમર છે, વીતરાગ છે,

સર્વજ્ઞ છે, ચિદ્ઘન છે, આનંદઘન છે.

## મંદજિજ્ઞાસુને કેવા ગુરુ પાસે જવું ?

'બ્રહ્મ વિદ્યોપદેશઃ |' 'તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્
સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્ |'

અહીં ગુરુનાં બે વિશેષણ છે : શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ.
શ્રોત્રિય = બહુશ્રુત, બ્રહ્મનિષ્ઠ = ગીતાર્થ.

ઉત્તમ જિજ્ઞાસુ હોય, તેને એકલા બ્રહ્મનિષ્ઠ ગુરુના ઉપદેશથી પણ લાભ પ્રાપ્ત થાય છે, પરંતુ જે મંદ જિજ્ઞાસુ હોય અર્થાત્ જેને ચિત્તમાં તર્ક-વિતર્ક વિશેષ થતાં હોય તેને બ્રહ્મનિષ્ઠ તથા શ્રોત્રિય અર્થાત્ શ્રુતિના અર્થને જાણનાર ગુરુ પાસે જવાની જરૂર છે, તેથી તેના મનની શંકાઓના સમાધાન દ્વારા તેને આત્મલાભ થાય છે.

સમિત્પાણિઃ | વિશેષણ ગુરુની નિઃસ્પૃહતા બતાવે છે.

## દિખાવે તે ગુરુ. શું દિખાવે ?

ગુરુ પોતાના જીવનથી દેવની શક્તિને દેખાડે છે, ઉપદેશ અને આચરણ બંને વડે મૂર્છારહિત થવા શિક્ષણ આપે છે.

દેવ ઇચ્છારહિત છે, તો ગુરુ મૂર્છારહિત છે.

ગુરુ એટલે પારસમણિ કે સ્પર્શમણિ.

આ જગતમાં
ગુરુની સાથે સરખાવી શકાય, તેવી કોઈ વસ્તુ છે નહીં.
પારસમણિ કે સ્પર્શમણિ
લોખંડને સુવર્ણ બનાવી શકે પણ પારસ નહીં.
સાચા ગુરુ શિષ્યને સ્વતુલ્ય બનાવે છે, એ વિશેષતા છે.
ગુરુ એ માત્ર જ્ઞાન આપનાર છે એમ નહિ,
કિન્તુ આત્મસમાન બનાવનાર છે.
અપેક્ષાએ દેવ કરતાં પણ ગુરુ એક છે.
દેવ (પ્રભુ)ની ભક્તિ મોક્ષ આપે છે, કિન્તુ
દેવ પ્રત્યે ભક્તિ ગુરુ વિના શક્ય જ નથી.
ગુરુતત્ત્વ સિવાય અતીન્દ્રિય દેવતત્ત્વને પામી શકાતું નથી.
ગુરુની ભક્તિ વિના દેવનો મહિમા પારખી શકાતો નથી.
ગુરુ પ્રત્યે દૃઢ વિશ્વાસ એ ઊંચામાં ઊંચી સાધના છે.

ગુરુની સહાયથી મુક્તિમાર્ગમાં આવતાં
અનેક પ્રકારના વિઘ્નોને સરળતાથી જીતી શકાય છે.

ગુરુએ સાક્ષાત્ ઈશ્વરને જોયાં છે,
તેથી ગુરુ જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે.
સાચા ગુરુ તે જ છે કે જે
ઈશ્વરનો સાક્ષાત્કાર - પ્રત્યક્ષ દર્શન કરાવી શકે છે.
ગુરુને તન - મન - ધન આપવાથી બદલામાં ગુરુ
પરમાત્મપણું કે જેને આપણે સદા ઝંખીએ છીએ,
તેવા પરમ પરમાત્મપણાંને આપે છે.
સાચા ગુરુને પામવાની સાચી ઝંખના જેના હૃદયમાં
ઉત્પન્ન થઈ હોય છે, તેને સાચા ગુરુ અવશ્ય મળે છે.
કૃત, ત્રેતા અને દ્વાપરયુગમાં તપશ્ચર્યાદિ વડે પરમપદની
પ્રાપ્તિ થઈ શકતી હતી, કલિયુગમાં તે શક્ય નથી.
માત્ર ગુરુકૃપા જ એક આધાર છે, માટે
ગુરુભક્તિમાં જ સઘળો ઉદ્યમ કરવો જોઈએ.
ગુરુને સમર્પણ એ પ્રકાશની ઉપલબ્ધિનું દ્વાર છે.
ગુરુસમર્પણ આત્માનું મિલન સાધે છે,
મુક્તિનાં દ્વાર ખોલે છે અને પ્રેમને પ્રવાહિત કરે છે.

ગુરુ સદ્‌જ્ઞાનને આપે છે અને સાધક
તે જ્ઞાનને જીવનમાં ઉતારવાથી સ્થિરતાને પામે છે.

ગુરુના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી રહી,
તર્ક નહીં, ન્યાયબુદ્ધિની વાત કરીએ, તો ન ચાલે.
ઇચ્છારહિત દેવ, મૂર્છારહિત ગુરુ અને સ્વાર્થરહિત ધર્મ.

કેવા સુગુરુના સાંનિધ્યમાં રહેવું ?

જીવહિંસાદિ વિરત, સત્યભાષી, અચૌર્યવાન,
મન - વચન - કાયાદિ સંયત, બ્રહ્મચારી, અકિંચન
એવા સુગુરુના સાંનિધ્યમાં રહીને પોતાના આત્માનું
ચિન્તન, મનન, નિદિધ્યાસન કરી તેનો સાક્ષાત્કાર કરો.
એ જ ભક્તિ છે, એ જ પૂજા છે, એ જ સ્તુતિ છે.

જ્યારે એમ લાગે કે... નમસ્કાર મહામંત્ર
ચિન્તામણિ રત્નથી પણ અધિક મહત્ત્વવાન છે,
ત્યારે તેને આપનાર ગુરુ પ્રત્યે ભક્તિ જાગે.

એક ઘડી આધી ઘડી, આધી મેં ભી (પુનિ) આધ;
તુલસી સંગત સાધુ કી, કટે કોટિ અપરાધ.

## ગુરુનો મહિમા અપરંપાર

જીવોને જે ધર્મદેશના આપે, તે ગુરુ છે.
જેઓ પાંચ સમિતિથી સમિત છે, ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે,
એવા ગુરુ ભગવંતોનું મને શરણ થાઓ.
દુર્ગમ એવા આ સંસાર રૂપી જંગલમાંથી
મનુષ્યોને તારનાર કોઈ હોય, તો તે ગુરુ છે.
ગુરુની પ્રતિમા એ ધ્યાનનું મૂળ છે.
ગુરુના ચરણ જ આ સંસારમાં પૂજનીય છે.
ગુરુનું વાક્ય એ શિષ્ય માટે મંત્ર સમાન છે.
ગુરુની કૃપા જ મોક્ષનું અસાધારણ કારણ છે.
ગુરુની આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી
ગુરુની આરાધના એ જ અમૃત છે.
ગુરુનું બહુમાન એ જ મોક્ષ છે.
ગુરુ બહુમાનથી ગુરુ ઉપરાંત પરમ ગુરુ -
એટલે કે તીર્થંકર પ્રભુનો સંયોગ થાય છે,
તેથી નિશ્ચિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## ગુરુ વિના કોઈ મુક્તિદાતા નહિ.

ગુરુની સહાય વિના કોઈ મોક્ષમાર્ગમાં ગતિ કરી શકતું નહિ. અનંતકાળનું અજ્ઞાન દૂર કરવાની તાકાત માત્ર ગુરુમાં જ છે. ગુરુ વિના જીવને સાચું સુખ કોણ આપી શકે? કોઈ નહીં. જેઓ પગથી લગાવી માથા સુધીની ગુરુની આકૃતિનું સ્મરણ કરે, એના તમામ વિઘ્નો નાશ પામીને સર્વ મનોરથો સિદ્ધ થાય છે. ગુરુના ઉપકારનો બદલો આ ભવમાં અથવા પરભવમાં પણ વાળવો અશક્ય છે. નાવ વિના સમુદ્ર તરવો મુશ્કેલ છે, ગુરુના ઉપદેશ રૂપી નાવ હોય, તો સંસારસમુદ્ર આસાનીથી તરી જવાય. જેમ દેવતાઓ વચ્ચે બેઠેલા ઈન્દ્ર આનંદ આપે, તેમ શિષ્યો વચ્ચે બેઠેલા ગુરુ આનંદ આપતાં હોય છે.

જે આરાધક પોતાના ગુરુની આજ્ઞામાં નહિ,
એના જીવનમાં ધર્મનો શુભારંભ થવો મુશ્કેલ છે.
જીવનના તમામ કલ્યાણોનું મુખ્ય કારણ ગુરુ છે.
જે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય, તે ગુરુ.

ગુરુને સમર્પિત થયા વિના બધી જ આરાધના નિષ્ફળ છે.

ગુરુ એ તારક છે અને ગુરુઆજ્ઞા વિના થતી બધી
આરાધના સ્વચ્છંદ છે, કપોલ કલ્પિત છે.
શાસ્ત્રજ્ઞાન ભલે અલ્પ હોય કે અધિક - પણ જેઓ
ગુરુને સમર્પિત છે, તેઓ ભવસાગરને અવશ્ય તરે છે.
ગુરુ વગર આત્મજ્ઞાન અસંભવ છે અને
વિવેકથી ચઢીયાતો અન્ય કોઈ ગુરુ નથી.
વળી અદૃશ્ય ગુરુઓ પણ હોઈ શકે છે.
દેવ - ગુરુની ઓળખાણ એટલે આત્માની અનુભૂતિ
આત્માના સહજસ્વરૂપ - પારિણામિકભાવની ઓળખાણ.
શિષ્યને જે ભણાવે, જીવનમાં તે સ્વયં જીવે, તે ગુરુ છે.
જે પોતાના દોષો, ભૂલો, ત્રુટિઓ, ખામીઓને ખામોશીથી
સાંભળે તથા શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે, તે શિષ્ય છે.
જેને જોઈને પૂજ્યભાવ ઉત્પન્ન થાય, તે ગુરુ છે.
પૂજ્યભાવનું અવચ્છેદક
પ્રેમ, વાત્સલ્ય, જ્ઞાન અને આચરણની ગુરુતા છે.

# ગુરુ - મંત્ર - મૂર્તિનું માહાત્મ્ય

ગુરુમાં શિષ્યના સંદેહોને ટાળવાની,
મંત્રમાં મનના અશુભ વિકલ્પોને શમાવવાની અને
પ્રતિમામાં આત્મદર્શન કરાવવાની શક્તિ રહેલી છે.
મનનું રક્ષણ કરવાની શક્તિ મંત્રમાં છે,
બુદ્ધિનું રક્ષણ કરવાની શક્તિ ગુરુમાં છે અને
આત્માનું રક્ષણ કરવાની શક્તિ પ્રભુમૂર્તિમાં રહેલી છે.
મંત્રથી મન, મૂર્તિથી આત્મા, ગુરુથી બુદ્ધિ નિર્મળ થાય.
આ ત્રણમાં પણ ગુરુતત્ત્વ પ્રધાન છે, કેમકે ગુરુ વડે
મંત્ર તથા મૂર્તિનું માહાત્મ્ય બુદ્ધિમાં ગૃહિત થાય છે.
દા.ત. 'ન 'તસ્ય' પ્રતિમાઽસ્તિ | નતસ્ય પ્રતિમાઽસ્તિ |'
ગુરુમાં મનુષ્યબુદ્ધિ, મંત્રમાં માત્ર વર્ણમાળાની અથવા
પ્રતિમામાં પત્થરની બુદ્ધિ ધારણ કરવી, તે ઘોર પાપ છે.
મંત્ર અને મૂર્તિનું માહાત્મ્ય બતાવનાર ગુરુ હોવાથી
મંત્ર, મૂર્તિ તથા ગુરુ - ત્રણમાં ગુરુતત્ત્વ મુખ્ય છે.
મંત્રથી ક્રોધ, મૂર્તિથી કામ તથા ગુરુથી કુબુદ્ધિ હણાય છે.

## 'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ'

ઊર્ધ્વતાસામાન્યથી આત્માનું શુદ્ધ સ્વરૂપ અર્થાત્ 'સહજાત્મ સ્વરૂપ' એ ધ્યેય છે અને તિર્યક્સામાન્યથી 'ષડ્જીવનિકાયહિત' એ ધ્યેય છે અર્થાત્ 'પરમ ગુરૂ'. બંને મળીને જે ધ્યેય બને છે, તેને એક જ વાક્યમાં

'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ'

એ ૧૨ અક્ષરમાં સંગ્રહી લેવામાં આવ્યું છે.

(૧) પરમ ગુરૂ નિર્ગ્રન્થ સર્વજ્ઞ દેવ.

(૨) 'ગુરોર્યોગ્યત્વવિખ્યાતા તતોઽસિ ત્વં ગુરોર્ગુરુઃ ।'

(3) ગુરૂની આપ્તતા, મંત્રની યથાર્થતા અને દેવતાના તાત્ત્વિક સ્વરૂપનો નિર્ણય કરનાર આત્મતત્ત્વ એ જ અભિન્નપણે ગુરૂ, મંત્ર અને દેવતાસ્વરૂપ છે.

(૪) આપણા સૌનું સહજાત્મ સ્વરૂપ એ જ તાત્ત્વિક દેવતા, પરમ ગુરૂ અને સત્ય મંત્ર છે.

(૫) સહજાત્મ સ્વરૂપ એટલે સમ્યગ્જ્ઞાન-દર્શન - ચારિત્રમય આત્મા અર્થાત્ સચ્ચિદાનંદ ઘન.

## સદ્‌ગુરુ - ચૈતન્યનું જ મૂર્તરૂપ

ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ ગુરુઅંશ લઘુઅંશને પોતાના તરફ આકર્ષે છે. લોહચુંબક લોહ લોહને આકર્ષે, તેમ ગુરુનું ગુરુત્વ સાચા શિષ્યભાવનામાં રહેલું છે. જેનાં ચિત્ત-હૃદય જ્ઞાનનો પ્રકાશ ઝીલવા માટે તૈયાર છે, તે સાચો શિષ્ય છે, પછી તેને એક તુચ્છ તણખલું પણ ગુરુરૂપ લાગે. આવા શિષ્યનો ગુરુ અણુઅણુમાં વ્યાપ્ત છે.

અણુઅણુમાં વ્યાપેલો તો પરમાત્મા છે.

આથી જ ગુરુતત્ત્વને સાચી રીતે જાણનારાઓએ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સાક્ષાત પરબ્રહ્મ કહેલ છે. આપણે સમગ્ર બ્રહ્માંડના એક અવિભાજ્ય અંશ છીએ.

એથી આપણા સિવાયનો બ્રહ્માંડનો શેષભાગ ગુરુભાગ જ કહેવાય. આ દૃષ્ટિએ આપણા સિવાયનું શેષ બ્રહ્માંડ આપણા માટે તો ગુરુ રૂપ જ ગણાય.

જો શાંતિની અનુભૂતિ થવા લાગી, તો સમજી લેવું કે સંસર્ગ - સત્સંગ શરૂ થઈ ચૂક્યો છે.

## સત્સંગનો મહિમા

ધ્યાનમાં સિદ્ધ પુરુષના મન અને આત્મા સાથે સીધો સંપર્ક કરી એમની અમૃતવાણીનું પાન શકાય છે. એ વાણી તે વૈખરી નહિ પણ પરા-પશ્યંતી હોય છે. 'સિદ્ધ પુરુષોના આત્મા પ્રેમ + અનુકંપાપૂર્વક તમારા અંતરાત્માને જગાડવા માટે સદા ય તૈયાર જ હોય છે. ગ્રન્થો મારફત મહાન વ્યક્તિના સરલ સંપર્કની ચાવી મળે. સિદ્ધ વ્યક્તિઓ સદા દિવ્યચેતનામાં જ રહેતી હોવાથી તેઓના આત્માનો સક્રિય સંપર્ક મેળવી શકાતો હોય છે. સિદ્ધ વ્યક્તિએ દેહને ધારણ કરી રાખ્યો છે કે છોડી દીધો છે, એ બહુ મહત્વનું નથી. સિદ્ધ વ્યક્તિનું સંવાદ પુસ્તક વાંચતાં અલૌકિક શાંતિ અને આનંદનો જે અનુભવ થાય, તે એના શરૂ થયેલા સત્સંગનો પુરાવો છે. પુસ્તક કે વાંચનની અનુકૂળતા ન હોય, તો તમને પસંદ એવા સિદ્ધ વ્યક્તિનું ઊંડું અને સતત સ્મરણ કરો. થોડી પળોમાં જ તે વ્યક્તિનો સંપર્ક તમને સુલભ બનશે.

ગુરુભક્તિનો મહિમા ॐ 14-4-72

આત્માને પોતાના સ્વરૂપમાં સ્થાપી આપનાર ગુરુભક્તિ એ કલ્પતરુ, કામધેનુ અને ચિંતામણિરત્ન કરતાં પણ અધિક છે. પરમ સુખ, શાંતિ અને આનંદના કેન્દ્ર એવા આત્મામાં બહિર્મુખતાનું નિવારણ કરી અંતર્મુખતાને ભાવ આપનાર એવા ગુરુની ભક્તિ પરમ શ્રેયસ્કર તથા મુક્તિપ્રદાયિની છે.

જીવનું જીવત્વ હરી લેનાર અને શિવત્વ બક્ષનાર મંગળદાતા ગુરુભક્તિને અનેકશઃ વંદન. - કે.ડી.પરમાર

વૈરાગ્યવંત ગુરુ = વિતૃષ્ણાતાયુક્ત ગુરુ.

પરાવિદ્યા = ઊંચી વિદ્યા, અપરા = નીચી વિદ્યા.

જેનાથી અક્ષરબ્રહ્મ જાણી શકાય, તે પરાવિદ્યા છે.

ગુરુસેવા સિવાય તેની પ્રાપ્તિનો બીજો ઉપાય નથી.

અનુગ્રહ - નિગ્રહ એટલે આશીર્વાદ અને શ્રાપ.

'अखण्डमण्डलाकारं, व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन, तस्मै श्री गुरवे नमः ॥'

## ગુરૂના ગુણ વર્ણ - ૮૪ કઈ રીતે ?

(૧) ગુરૂ શુદ્ધ સ્વરૂપના[૧] ધારક.

(૧૧ વર્ણ)

શુદ્ધ અર્થદાયક[૨], શુદ્ધ પ્રરૂપણાદાયક[3], શુદ્ધ સ્પર્શનાદાયક[૪].

(૨૧ વર્ણ)

(૨) ગુરૂ જ્ઞાનસહિત[૫], દર્શનસહિત[૬], ચારિત્રસહિત[૭].

(૧૯ વર્ણ)

(3) ગુરૂ પંચાચાર[૮] પાળે, પળાવે[૯], અનુમોદે[૧૦].

(૧૫ વર્ણ)

(૪) ગુરૂ મનોગુપ્તિ[૧૧], વચનગુપ્તિ[૧૨], કાયગુપ્તિએ[23] ગુપ્તા.

<u>સ્થાપનાચાર્યની પડિલેહણાના ૧3 બોલ:</u> (૧૮ વર્ણ)

(૧) ગુરૂ શુદ્ધ સ્વરૂપના ધારક છે.

(3) ગુરૂ પંચાચાર પાળે, પળાવે, અનુમોદે.

(3) શુદ્ધ અર્થદાયક, શુદ્ધ પ્રરૂપણાદાયક, શુદ્ધ સ્પર્શનાદાયક છે.

(3) ગુરૂ જ્ઞાનસહિત, દર્શનસહિત, ચારિત્રસહિત છે.

(3) ગુરૂ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિએ ગુપ્તા છે.

૧3

ઉણાવા, સં. ૨૦૨૮, શ્રાવણ સુદી-૫, તા. ૧૪-૮-૭૨, સોમવાર

## આચાર્યની સ્થાપના એટલે ગુરુબહુમાન.

ગુરુબહુમાનથી સર્વ તીર્થંકરોનું બહુમાન થાય છે અને
સાચા ધર્મનું તત્ત્વ સહેલાઈથી સમજાય છે.
સાધકે ૧૩ બોલથી આચાર્યની સ્થાપના કરીને
તેમની સમક્ષ સર્વ ધર્મક્રિયાઓ કરવી.
હૃદયમાં ગુરુવર્યના ગુણોને સ્થાપન કરવા અને
તેવા ગુણવાળા ગુરુનું સાંનિધ્ય ઇચ્છવું.

'गुरौ मानुषबुद्धिं च मन्त्रे चाऽक्षरवाचिताम् ।
प्रतिमासु शिलाबुद्धिं कुर्वाणो नरकं व्रजेत् ॥'

:અર્થ:

ગુરુને ઈશ્વરસ્વરૂપ,
મંત્રને દિવ્યશક્તિથી વિભૂષિત મંત્રસ્વરૂપ અને
મૂર્તિને ઈશ્વરત્વનો સાક્ષાત્ કરાવનારી
મંગળમય પ્રશસ્ત વસ્તુસ્વરૂપ માનવા જોઈએ, કિન્તુ
મનુષ્ય, અક્ષર કે પથ્થર નહીં.

(૩) જેને પરમાત્મસંબંધ હોય, જે અહંશૂન્ય હોય, તે જ સદ્ગુરુ ગણાય. જે ગુરુપણાને ન સ્વીકારી શકે, તે પરમાત્માને પણ ન સ્વીકારી શકે. અહંકારનાશ માત્ર ગુરુસમર્પણથી જ થાય, ગુરુભક્તિથી જ થાય.

(૪) જે પોતે પૂરાં અહંવિહીન હોય, સૌ માટે જેમના અંતરમાં પ્રેમપૂર્ણ આવકાર હોય, કોઈનો ય દોષ જેને દોષરૂપે ન દેખાય, તે જ સાચા ગુરુ તરીકે પૂજ્ય છે. સૌના પર નિષ્કારણ કરુણામય પ્રેમ જેનો સ્વભાવ છે, જેના પ્રેમને માટે શત્રુતા અને મિત્રતાના ભેદ અસત્ છે,

એવા સહજ પ્રેમમય ગુરુ મળે, તો જ

'ગુરુઆણાએ ધમ્મો ।' એ સૂત્ર ચરિતાર્થ બને.

આત્મા અને પરમાત્માના પ્રેમસંબંધને ઉવેખનારા બળો જ્યારે સત્તાધીશ બને, ત્યારે સ્થિતિ કરુણામય બને.

સદ્ગુરુ સંપત્તિ કે સંતતિ નહિ પણ સદ્દૃષ્ટિ આપે છે. પરમાત્માનું નામ જ સાચો સદ્ગુરુ છે. સાચા સંત ન મળે, ત્યાં સુધી ભગવાનના નામને જ ગુરુ માનજો.

## પ્રભુપ્રેમના સ્વીકાર માટે ગુરુસમર્પણ

(૧) મગ્ગો અવિપ્પણાસો | એ પાંચ વસ્તુ છે:
(a) પરમાત્માના પ્રેમને સ્વીકારી આત્મતત્ત્વની ઉપર પ્રેમપૂર્ણ બનીએ. (b) પરમાત્મપ્રેમના સ્વીકાર માટે ગુરુસમર્પણ કરવા સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. (c) ગુરુની આજ્ઞા એ શબ્દ મળે, તો પરમાત્મા સાથે પ્રેમ બંધાય. (d) આત્માના પ્રેમમાં જ પ્રતિકૂળતારૂપ કરુણામય ધર્મતત્ત્વની પ્રાપ્તિ થાય. (e) આને એ થાય, તો જ ધર્મક્રિયા જડ મટીને ચેતનવંતી બની જાય.
(૨) ગુરુની ઉપેક્ષા કરી કોઈ ધર્મક્રિયા ચૈતન્યમય ન બને.

ગુરુઆજ્ઞા - ગુરુસમર્પણ પછી જ ધર્મ પ્રારંભાય.
જ્યાં નિજમતિ અનુસાર ધર્મ થાય છે,
એ નગુરો ધર્મ છે, તે કશું જ કામ ન કરે.
સગુરા થઈએ, શ્રમણસંઘની પૂર્ણ પ્રતિષ્ઠા હૃદયમાં થાય,
ભગવંતને પૂજનારા થઈએ,
પછી જ મૂર્તિ - મંદિર આદિ ભગવંત થઈ ઉઠે.

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ - પરમ ગુરુ

સાચો જૈન ધર્મ અને સાચો મોક્ષમાર્ગ શું છે,
તેને યથાસ્થિતપણે જો કોઈ સાધકને જણાવો હોય,
તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
કોઈપણ કૃતિનું અધ્યયન સાધકને કોલ આપે છે કે:
'હું તને સત્ય માર્ગ જણાવીશ.'

આજના માનવોને ઉપાધ્યાયજીની કૃતિઓનો આધાર
લીધા વિના જો જૈન શાસ્ત્રનું સત્ય સમજવું હોય,
તો તે અશક્ય નહીં તો પણ દુઃશક્ય તો છે જ.
ધાર્મિક લાભ આપવા માટે અને નવી પ્રજાને જીવનમાં
ધર્મસંસ્કારવાળી બનાવવા માટે બીજા અનેક ઉપાયો
કરવાનું છોડી દઈને જો આ એક જ ઉપાય કરવામાં
આવે કે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
વિદ્યમાન કૃતિઓને વિભિન્ન વિભાગોમાં વહેંચી
જેની જેટલી શક્તિ હોય, તે પ્રમાણે તેને
તે તે વિભાગમાં નિષ્ણાંત બનાવવામાં આવે અને

વિભાગવાર અધ્યયન કરીને તેમાં નિષ્ણાંત બનનારને
સારામાં સારા પારિતોષિકો આપવામાં આવે,
તો બહુ થોડાં જ વખતમાં જૈન ધર્મની
વિશિષ્ટતાઓને સમજનાર એક સારો એવો વિદ્વદ્વર્ગ
તૈયાર થઈ જાય, જેનું વજન સર્વ કોઈને આદેય બને
અને જે ઘેર ઘેર - શ્રદ્ધાનો નવો પ્રકાશ ફેલાય.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની
સાચામાં સાચી સ્મૃતિ આ જ હોઈ શકે.

## ગુરુકૃપા મેળવવા ૬ સોપાનનો એક ક્રમ

ગુરુકૃપા મેળવવી દુષ્કર છતાં આવશ્યક છે.
આત્મસાક્ષાત્કાર માટે ચિત્તશુદ્ધિ[1], ચિત્તશુદ્ધિ માટે શુભ કર્મો[2],
શુભ કર્મો અથવા કાર્યો કરવા માટે ઈશ્વરની કૃપા[3],
ઈશ્વરકૃપા મેળવવા માટે હરિસ્મરણ[4] અને
હરિસ્મરણ કરવા માટે ગુરુકૃપા[5], એ ક્રમ છે...
પ્રાંતે ગુરુકૃપાથી સમ્યગ્દર્શન[6] પ્રાપ્ત થાય તથા તીર્થની
ભૂમિઓની સ્પર્શનાથી સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

# કઈ ઇચ્છા કરવી જોઈએ ?

ગુરુ થવાની ઇચ્છા નહિ પણ ગુરુ કરવાની ઇચ્છા કરવી, તે શાસ્ત્રમાં જોઈએ ગણાય છે. ગુરુ થવું સારું નથી.

સાચા સંતો જગતને શબ્દથી
ઉપદેશ આપતાં નથી પણ મનથી ઉપદેશ આપે છે.

સાચા સંતો કેવળ ધર્મોપદેશ જ આપતાં નથી પણ
ધર્મોપદેશ સાથે કર્તવ્યકર્મ બતાવે છે.

સાચા સંતને ગુરુ કરવાથી મંગળ થાય છે.

જગતમાં ગુરુ મળે છે, પરન્તુ સદ્ગુરુ મળતાં નથી.

ગુરુનું મૌન જ લાભ આપે. સંતની ક્રિયા લાભમય છે.

'धन्ना ते जीवलोए, गुरवो निवसंति जस्स हिययंमि।
धन्नाण वि सो धन्नो, गुरूण हियए वसइ जो उ ॥'

જેના હૃદયમાં ગુરુ વસે છે, તે જીવલોકમાં ધન્ય છે,
પણ જે ગુરુના હૃદયમાં વસે છે, તે ધન્યાતિધન્ય છે.

આપણાં સૌનો પરમગુરુ આપણા ભીતર સદૈવ બેઠેલો છે.
એ પરમાત્મા પાસેથી પ્રેરણા મેળવી શકાય છે.

## 'શુભગુરુયોગ' એટલે...

વિશિષ્ટ ચારિત્રસંપન્ન ગુરુનો સંયોગ.

તે થવાથી એમનો ઉપદેશ તથા આદર્શ જીવન જોવા મળે,
જે ખૂબ હિતપ્રેરક બને છે. શુભગુરુનો યોગ થવાથી
સેવા - વિનયાદિનો લાભ મળે તથા વાત્સલ્ય જણાય છે.
રાગ-દ્વેષાદિ દોષોના હ્રાસથી આત્માનો વિકાસ થાય છે.

જીવોની ધર્મહીનતા, પાપરક્તતા, વિષયાંધતા,
કષાયપરવશતા, કર્મપીડિતતાદિનો વિચાર કરુણાર્દ્ર બનાવે જ.
જગતમાં બનતાં બનાવો ભવિતવ્યતા, કર્મ, કાળ આદિ
કારણસામગ્રીને આધીનપણે બનતાં હોવાનો નિશ્ચય
જીવને નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

પ્રાર્થના કરીએ કે: શુભગુરુયોગ ભવપર્યંત કાયમ રહે.

અચિન્ત્ય પ્રભાવસંપન્ન વીતરાગ ભગવંતોના
પ્રભાવથી જ આ પ્રાર્થના સફળ થાય છે.
વીતરાગ પ્રભુનો પ્રભાવ સમગ્ર જગત ઉપર
અચિન્ત્ય રીતે પોતાનું કાર્ય કરી રહેલ છે.

## સદ્ગુરુ એટલે...

સદ્ એટલે પરમાત્માના સાંનિધ્યમાં જે સદા કાળ રહે તે.

'પરમાત્મા મંદિરમાં છે' એ જ્ઞાન ખરું છે.
'પરમાત્મા દેહમાં છે' એ જ્ઞાન તે આખરું જ્ઞાન છે,
સાચું બ્રહ્મજ્ઞાન છે. પ્રથમ ખરું જ્ઞાન - અપરાવિદ્યા
ધર્મ, પછી જ આખરું જ્ઞાન - પરાવિદ્યા ધર્મ છે.
શબ્દથી જ્ઞાનનો ઉપદેશ આપનારની ખોટ નથી પણ
વર્તનથી બોધ આપનારા ઓછાં હોય છે.
ગુરુની મનોવૃત્તિ બ્રહ્માકાર હોય છે.

### ગુરુમાં આવશ્યક પાંચ લક્ષણો

'દયા ગરીબી બંદગી, સમતા શીલ સ્વભાવ;
એ તો લક્ષણ સાધુકે, કહે કબીર સદ્ભાવ.'

દયા, નમ્રતા, પ્રાર્થના, સમતા અને શાંત સ્વભાવ -
એ પાંચ લક્ષણો ગુરુમાં જોઈએ.

'अविद्या तिमिरध्वंसे, दृशा विद्यांजनस्पृशा ।
पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥' - ज्ञानसार

# જ્ઞાનના અધિકારી કોણ ?

જે ત્રિકાળ સંધ્યા કરે, સરળ - સાદું જીવન જીવે તે.

જ્ઞાન દેનાર ગુરુ બ્રહ્મનિષ્ઠ જોઈએ.

સિદ્ધિઓ પ્રસિદ્ધિ મળે અને પ્રસિદ્ધિઓ ભ્રંશ થઈ શકાય.

દુઃખનું કારણ દેહાભિમાન છે.

જ્ઞાન બરાબર સ્થિર થાય, પછી દેહાભિમાન ન રહે.

અયોગ્યને જ્ઞાન અભિમાની બનાવે છે.

જેને ભૂખ લાગી નહિ, તેને ભોજન ઝેરનું કામ કરે છે.

શિષ્યોએ જ ગુરુઓને ગુરુ બનાવ્યાં છે,
ગુરુઓ તો હંમેશાં શિષ્યભાવે જ વર્તે છે અને
સદ્ગુરુઓને હૃદયમાં સતત ધારણ કરે છે અને
તેમાં જ તેઓનું ગુરુપણું રહેલું છે.

તેઓ ગુરુઓના ધ્યાનથી સદ્ગુરુઓ સાથે
અભેદાનુભૂતિ કરી રહ્યાં હોય છે.

જીવનના અહંત્વ - મમત્વાદિ દોષોને ટાળવા માટે
ગુરુતત્ત્વ, દેવતત્ત્વ અને તેમની આસ્થાની જરૂર છે.

# ગુરુનો મહાન ઉપકાર

આત્મકલ્યાણના માર્ગમાં મોક્ષમાર્ગના ભોમિયા સમાન
ગુરુ ભગવંતો મુખ્ય છે. તેઓશ્રીના જેટલાં ઉપકારો
ગણીએ, તેટલા ઓછા છે. અનંતા ભવો સુધી એમના
ઉપકારોનો બદલો વાળી શકાય તેમ નથી.

શ્રી વીતરાગ ભગવંતોના આગમોમાં માર્ગદર્શક
ગુરુ મહારાજના જે જે ગુણો બતાવવામાં આવ્યાં છે,
એનો વિચાર કરતાં આપણને ખૂબ
વિનય અને વાત્સલ્ય ભાવ પેદા થાય.

વિનયભાવ, મૃદુતા, કોમળતા આદિ પરિણામ વડે
જીવન જીવતાં સદા-સર્વદા શાંતિ રહે.

સમતા, સમાધિ, સંવેગ અને સંવરમાં લીન રહેવું,
એ પ્રત્યેક મુનિનું કર્તવ્ય છે.

દેવ અને ગુરુ સ્વર્ગ અને મોક્ષસુખનાં દ્વાર છે.
અચિન્ત્ય શક્તિયુક્ત દેવ અને ગુરુ
ભવ્ય જીવોને ધર્મ અને મોક્ષનું આલંબન પૂરું પાડે છે.

## સુગુરુનાં લક્ષણો

Guru is he, who is a friend, philosopher and guide.

(૧) જિનોક્ત જીવાદિ તત્ત્વોના જ્ઞાતા.

(૨) પરનિંદા - સ્વપ્રશંસાથી મુક્ત.

(૩) ચિદાનંદમય આત્મસ્વભાવમાં નિમગ્ન.

(૪) શ્રુતજ્ઞાનના પ્રકાશ વડે મોહાન્ધકારને ધર્મદેશના દ્વારા હરનારા.

(૫) આત્મધર્મને પ્રગટ કરનારા.

(૬) દ્રવ્ય - ભાવચારિત્રના ધારક:

દ્રવ્યચારિત્ર - લજ્જાદિરૂપ, ભાવચારિત્ર - નિર્વિકલ્પ દશારૂપ.

(૭) સર્વ સ્વભાવમય અનુભવયોગને ધારણ કરનારા.

(૮) નિશ્ચયદૃષ્ટિને સાક્ષીમાં રાખી વ્યવહારનું પાલન કરનાર.

સાચી સાધના પોકારે છે તેમ...

'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમનિધાન જિનેસર;
હૃદયનયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિનેસર!'

# ગુરુપારતંત્ર્યનું માહાત્મ્ય

આપણા મોહનીય કર્મ ખપાવવા માટે
ગુરુપારતંત્ર્યને છોડીને બીજો કોઈ ઉપાય નથી.
જેનામાં ગુરુનું પારતંત્ર્ય નથી અથવા
જેણે ગુરુઆજ્ઞાની આધીનતા કેળવી નથી,
તે જ્ઞાન કે ચારિત્ર ગમે તેટલું મેળવે કે કેળવે, તો પણ
તેનું મિથ્યાત્વ મોહનીય કર્મ તદવસ્થ રહે છે.
ગુરુપારતંત્ર્ય, આજ્ઞાપારતંત્ર્ય, પ્રજ્ઞાપનાપ્રિયતા,
માર્ગાનુસારિતા, શાસ્ત્રપારતંત્ર્યાદિ એક જ અર્થને કહે છે.
'દીયતે જ્ઞાનસદ્ભાવઃ ક્ષીયતે પશુવાસના ।
દીક્ષામાત્રેણ મુક્તિઃ સ્યાદ્ ભક્તિમાત્રાત્ ગુરોઃ સદા ॥'
આપણાથી ગુણો કરી જે મોટાં હોય, તે સર્વને વિષે
ગુરુભાવ રાખી, તેમની પાસેથી જ્ઞાન મેળવવું.
ગુરુ પ્રભુના આકારે હોય છે અને જેઓ પરમાત્માનાં
ચરણોનો આશ્રય લે છે, તેઓ જન્મ-મરણનો અનંત
મહાસાગર પાર કરી જાય છે - ડૂબતા કદાપિ નહીં.

## સૌથી શ્રેષ્ઠ ગુરુ કોણ ?

જીવનનું સાચું મૂલ્ય આર્થિક નથી, પરન્તુ જીવનમાં
મળતો આનંદ અને ઉત્સાહ છે, જે ગુરુ પાસેથી મળે છે.
સૌથી શ્રેષ્ઠ ગુરુ એ છે કે જે દૃષ્ટિદાતા છે.
શિષ્યની ગ્રહણશીલતા અને ગુરુની શક્તિ -
પછી તે શબ્દની, દૃષ્ટિપાતની, સ્પર્શમાત્રની અથવા
તો આલિંગનમાત્રની હો - તો મોટું કામ થઈ શકે છે.
'કલ્યાણમિત્ર' એ ગુરુની શ્રેષ્ઠ વ્યાખ્યા છે.
સૌથી શ્રેષ્ઠ વિદ્યા એ બ્રહ્મવિદ્યા છે.
એનાં ગૂઢ તત્ત્વો અનુભવીઓના મોઢે જ જાણી શકાય.
ગુરુમહિમાનું મુખ્ય કારણ આ છે.
ગુરુની શોધનો અર્થ છે : યોગ્ય શિષ્ય બનવું.

## ગુરુતત્ત્વનો મહિમા

ઈશ્વર કે ગુરુમાં જેને વિશ્વાસ હોય,
તે કદી ચિંતા કરી શકે નહિ, કેમકે ચિંતા કરવી, તે
પરમ તત્ત્વોમાં અવિશ્વાસ વ્યક્ત કરવા બરાબર છે.

# ગુરુવંદનથી શું મળે?

ગુરુ તથા દેવતાદિના પ્રભાવથી અનુગ્રહ મળે છે,
અનુગ્રહથી તત્ત્વચિન્તન સફળ થાય છે.

તેમના ઉપરના બહુમાનથી ચિન્તામણિ અને મંત્રની જેમ તેમનું માહાત્મ્ય હોવા છતાં સેવકને તેઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. પદ્માસનાદિ વડે કાયનિરોધ અને ગૌતમ આદિ મહામુનિઓનું બહુમાન થાય છે, તેમની જેમ ચેષ્ટા કરવાથી તેમનો વિનય કરાય છે.

તદ્ગત ચિત્ત વડે અનુકૂળ ઉપયોગ થવાથી
તે ભાવોનું સ્પષ્ટ અવબોધન થાય છે.

ભાવોના આકારોપયોગથી બધી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે અને તેનો તદાકાર ઉપયોગ ઇષ્ટ સિદ્ધિનું કારણ છે. અર્હંના નમસ્કાર વડે ગુરુકૃપાથી સંકુચિત અહંનું કોચલું ફૂટી જાય છે, તે ત્રૈલોક્ય - ત્રિકાળવ્યાપી થઈ આત્મા અને ચૈતન્ય સાથે મારાંપણાંનો સંબંધ બંધાય છે, તેથી શરીરમાં પૂરાયેલું અહંત્વ - મમત્વ આત્મવ્યાપી બને છે.

## ગચ્છ એટલે સાધક.

૧૪૦૦ વર્ષમાં ૪૩ યુગપ્રધાનો થયાં.

છેલ્લાં આર્યમિત્રસૂરિ, પછીના ૧૧૦૦ વર્ષમાં થયાં નહિ.

હવે પછીના પાંચમા આરાના છેડા સુધી કુલ ૧૯૬૧

યુગપ્રધાનો થવાના છે, તેમાં છેલ્લાં દુષ્પ્રસહસૂરિ છે.

મહાવીરની પાટપરંપરામાં વિજયહીરસૂરિ ૫૮મા પાટે,

૬૧મા પાટે સિંહસૂરિ અને તે પછી ૬૨ થી ૭૧ સુધી

પંન્યાસ સત્યવિજયજી પંન્યાસ મણિવિજયગણિ દાદા છે.

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ - ૪૦મા પાટે થયાં છે.

## ગચ્છતત્ત્વનો મહિમા

'दुष्कृतं न गुरोर्ब्रूयात्, क्रुद्धं चैनं प्रसादयेत् ।

परिवादं न शृणुयात्, अन्येषामपि जल्पतां ॥'

અર્થ: ગચ્છની ભૂલો કે દોષો બોલવા નહિ.

ગચ્છ રોષ પામ્યાં હોય, તો તેમને પ્રસન્ન કરવા.

બીજા (ગચ્છની ભૂલો વિષે) બોલતાં હોય,

તો પણ ગચ્છની નિંદા ન સાંભળવી.

## ગચ્છની ગુણગરિમા

(૧) ગચ્છ મોહવિષનો ઘાત કરે છે.

(૨) શિવમાર્ગના ઉપદેશરૂપી રસાયણ આપે છે.

(૩) ગુણાદિ મંગળરૂપ છે (મમતાને ગાળે છે).

(૪) યોગ્ય આત્માને વિનીત બનાવે છે.

(૫) માર્ગાનુસારિતા રૂપી પ્રદક્ષિણાવર્ત કરે છે.

(૬) ગંભીર હોવાથી ગચ્છ - ભારે - વજનદાર છે.

(૭) ગચ્છ ક્રોધાગ્નિથી અદાહ્ય છે અને

(૮) ગચ્છ શીલવ્રતથી - શીલભાવથી અકુથ્ય છે.

ગચ્છ ચાર કસશુદ્ધિ સુવર્ણની જેમ પરિશુદ્ધ છે:

(૧) ગચ્છની વિશિષ્ટ લેશ્યા એ કષ છે.

(૨) અંતરસારતા એ છેદ છે.

(૩) અપકારી ઉપર બહુ અનુકંપા રૂપી તાપ છે.

(૪) કષ્ટમાં અતિ નિશ્ચલ ચિત્ત - તે ગચ્છની તાડના છે.

'ગુરુકુલવાસો બ્રહ્મચર્ય |'

ગચ્છસેવા પણ બ્રહ્મચર્યનો જ એક પ્રકાર છે.

## 'ગુરુ' શબ્દને યોગ્ય કોણ ?

ભવજલધિને તારવામાં સમર્થ અને નિર્વાણને
આપવામાં સમર્થ એવા જ્ઞાન - દર્શન - ચારિત્ર આદિ
ગુણોને ધારણ કરનારા હોય, તે 'ગુરુ' શબ્દને યોગ્ય છે.

## ઉપદેષ્ટાને યોગ્ય દશ ગુણવાળા સાધુ

સ્વપર સમયના જાણ, સંવિગ્ન, સંવેગભાવક, મધ્યસ્થ,
કૃતજ્ઞ, ગાહકાનુકુશલ, પરોપકારમાં રત, દૃઢ પ્રતિજ્ઞ,
અનુવર્તક અને મતિમાન - દશ ગુણધારી વંદનીય છે.

એમ કષાદિ સમસ્ત ગુણયુક્ત હોય,
તે સત્ય રૂપિયો છે અને
જે રીતે કુટિલ નામરૂપ હોય, તેમ રૂપિયો ચલતું નથી,
તેમ સાધુનું નામ અથવા સાધુનો વેષ હોય,
પરન્તુ સાધુના ગુણ ન હોય, તો સાધુ ગણાય નહીં.
એ કારણે પાસત્થા, ઓસન્ના, કુશીલિયા, યથાછંદા
અને સંસત્તા સાધુ નામ અને વેષને
ધારણ કરનારા હોવા છતાં અવંદનીય કહ્યાં છે.

## સાધુને ઇચ્છાસામાચારીનું પાલન ન કરવાથી થતી હાનિ:

ગુરૂની આજ્ઞા અથવા આજ્ઞાનો આદેશ.

'અભિયોગ પરિવાર પ્રધાન' અર્થાત્

જેમાં બલાત્કાર બિલકુલ નહિ, તેવી મનોવૃત્તિ છે.

બીજાનું કાર્ય કરવું હોય અથવા

પોતાનું યા બીજાનું કાર્ય બીજા પાસે કરાવવું હોય,

ત્યારે 'इच्छाकारेण करोमि ।' અર્થાત્

'આપને ઇચ્છા હોય તો...' એમ બોલવું જ જોઇએ.

વીર્યાચારનું ગોપન ન થાય,

તે માટે સાધુએ છતી શક્તિએ

પોતાનું કાર્ય બીજા પાસે કરાવવું નહિ.

સાધુએ વિના કારણ અભ્યર્થના કરવી નહીં.

બીજાની અભ્યર્થના અસફલ કરવી નહીં.

પોતાને બીજું કાર્ય હોય, તો પ્રગટ કરવું.

રત્નાધિક પાસે કાર્ય કરાવવું નહીં.

ગુરૂના પ્રત્યેક પદમાં વીર - પ્રત્યેક પગલામાં તીર્થ હોય છે.

લઘુ છે, ત્યાં સુધી ગુરુની આવશ્યકતા રહેવાની.

લઘુ = દેહમાં આત્મબુદ્ધિ, ગુરુ = આત્મામાં આત્મબુદ્ધિ.

'દેહ લઘુ જ તુચ્છ છે - આત્મા ગુરુ જ મહાન છે'
એવું શિક્ષણ જે વડે મળે, તે બધામાં ગુરુતત્ત્વ છે.

પોતાના આત્માને ભ્રાન્તિથી સાબિત મનાવવો;
તે લઘુતામાં રહે છે. જેવું વિચારશો, તેવા થશો.

ભજનના સામર્થ્યના ફલસ્વરૂપ ઈશ્વરીય કૃપા જ
ગુરુના રૂપમાં પ્રાપ્ત થાય છે.

જેના હૃદયમાં ગુરુ છે - તે દીક્ષિત છે, કિન્તુ જેના હૃદયમાં ગુરુ નથી, તે શિક્ષિત ભલે હો, પરંતુ દીક્ષિત નથી જ.

શિક્ષિતનું જીવન ભલે સાક્ષર હો, કિન્તુ
દીક્ષિતનું જીવન સાર્થક છે. જ્ઞાન વિના મોક્ષ નથી અને ગુરુ વિના જ્ઞાન નથી, તેથી મોક્ષ માટે ગુરુ આવશ્યક છે.

સાચા શિષ્ય થવા માટે શું જરૂરી ?

સતત સત્સંગ, ભગવાનની ભક્તિ, શાસ્ત્રનું શ્રવણ, અધ્યયન અને ઉપાસના વગેરેની આવશ્યકતા છે.

# જગતનું મૂળ ગુરુ!

શ્રદ્ધા વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના મુક્તિ નહિ.
શ્રદ્ધા માટે જ્ઞાન જોઈએ અને જ્ઞાન માટે ગુરુ જોઈએ.
ગુરુવિનય વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના શ્રદ્ધા નહિ,
શ્રદ્ધા વિના ભક્તિ નહિ - ભક્તિ વિના મુક્તિ નહિ,
તેથી જગતનું મૂળ ગુરુ છે.

ગુરુતત્ત્વને મુખ્ય બનાવ્યા વિના જીવનમાં કોઈ પણ સદ્ગુરુ તેના સાચા સ્વરૂપમાં પ્રાપ્ત થતો નથી. અહંને છોડવા માટે જે વિનયગુરુ આવશ્યક છે, તે સદ્ગુરુને આધીન હોવાથી સદ્ગુરુનો મહિમા સૌથી અધિક છે.
સદ્ગુરુની પ્રાપ્તિ વડે જ પરમગુરુને પામી શકાય છે.
- સદ્ગુરુ એટલે પરમગુરુનો સંબંધ કરાવી આપે તે.
મુક્તિ પરમગુરુને આધીન - ભક્તિ સદ્ગુરુને સ્વાધીન છે.
'જગદ્ગુરુ' શબ્દ અધિકાર નહિ, કર્તવ્યશક્તિનો સૂચક છે.
જે કોઈ એને ગુરુ માને, તેને માર્ગદર્શન આપવાની જવાબદારી છે, તેને 'જગદ્ગુરુ' શબ્દથી સંબોધી શકાય છે.

## મુખ્ય ત્રણ પ્રકારના ગુરુઓ

દિવ્ય ગુરુઓ = અવતારી પુરુષો.

સિદ્ધ ગુરુઓ = આત્માનુભવી પુરુષો.

માનુષી ગુરુઓ = ચારિત્ર્યવાન મહર્ષિઓ.

આત્માનુભવી ગુરુઓ કોડોમાં એક હોય તથા માનુષી ગુરુઓ પણ હજારોમાં કોઈ હોય, તેમની સેવા અને આજ્ઞાપાલન વાસનાઓ - વિકારોને જલાવનાર થાય.

આધ્યાત્મિક શક્તિનો વિકાસ કે આવિર્ભાવ ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા ઉપર આધાર રાખે છે. અમુક શક્તિઓ હોય પણ જો ચિત્તવિશુદ્ધિ ન હોય, તો તે આધ્યાત્મિક ક્ષેત્રમાં ગુરુ થવાને યોગ્ય નથી.

શિષ્યોના પણ ત્રણ પ્રકાર છે: પશુ, વીર, દિવ્ય.

ગુરુઓમાં ગમે તેટલું સામર્થ્ય હોય, પરન્તુ શિષ્યમાં યોગ્યતા ન હોય, તો ગુરુ કાંઈ કરી શકે નહીં. ગુરુ પ્રેરણા આપી શકે - માર્ગદર્શક થઈ શકે, કિન્તુ ગુરુ કાંઈ શિષ્યનું કામ કરી શકે નહિ.

ગચ્છ પોતાના શિષ્યને ત્રણ રીતે સહાય કરી શકે છે:

પોતાનામાંથી પ્રસરતાં સૂક્ષ્મ આંદોલનો દ્વારા,
ક્રિયા અથવા આચાર દ્વારા અને ઉપદેશ દ્વારા.
મહાન પુરુષો કોઈની સાથે સંબંધમાં ન આવે,
તો પણ માત્ર પોતાના અસ્તિત્વથી જ
સમસ્ત જગત ઉપર કલ્યાણ કરી શકે છે.
પરોક્ષ લાભ માટે બુદ્ધિની આવશ્યકતા છે અને
અપરોક્ષ લાભ માટે ત્યાગ, વૈરાગ્ય, સંયમ, સ્વાધ્યાયની.
આત્મા - પરમાત્માની એકતાનો વિચાર ગ્રહણ કરવા બુદ્ધિ-
બળ, મનોબળ, તપોબળની નહિ, આચારબળની જરૂર છે
અને તે માટે દીક્ષાવિધિ આવશ્યક છે.
ઉપદેશ કરતાં આચારની અસર વધારે પ્રબળ હોય છે.
જીવનમાં વિચાર અને આચારની એકતા હોય,
તો જ બાળકના મનમાં ઉપદેશ સચોટ ઉતરે.
ગુણના અભિમાનથી ગચ્છરહિત હોય છે અર્થાત
ગચ્છમાં ગુણીનું અભિમાન હોતું નથી.

## સદ્ગુરુ મેળવવાની - ગુરુપ્રાપ્તિની ઇચ્છા

સંતોની સંગતિ સુકૃતના ફળોનો પરિપાક થવાથી જાગે છે.

ગુરુથી વિધિનિષેધનું જ્ઞાન - સદાચારની સમજણ થાય.
સદાચારમાં પ્રવૃત્તિ થવાથી અશેષ દુષ્કૃત નિવૃત્તિ થાય
અને અંતઃકરણ અત્યંત નિર્મળ થઈ જવાથી સદ્ગુરુના
કૃપાકટાક્ષ માટે મન વ્યાકુળ થાય,
જે પ્રાપ્ત થવાથી સર્વ પ્રકારની સિદ્ધિ મળે અને
શ્રેયમાર્ગના વિઘ્નોનો નાશ થાય.
જેમ જન્માંધને રૂપનું જ્ઞાન ન થાય, તેમ
સદ્ગુરુના ઉપદેશ વિના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ન થાય.
સદ્ગુરુના કૃપાકટાક્ષના લેશમાત્રથી
તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે.
ગુરુ કરવાનું અતિ મૂળ પ્રયોજન છે.
ગુરુપ્રાપ્તિને શાસ્ત્રમાં એક સિદ્ધિ કહી છે.
ગુરુ મળતાં જ સમજવું કે
ભવસાગર પાર કરવાની નૌકા મળી ગઈ.

ગુરુ એટલે અંધકારમાં દીવાનો ઉજાસ.

ગુણના સાગર સમાન ગુરુ ભગવંત વિના
હોંશિયાર મનુષ્ય પણ તત્ત્વ જાણતો નથી.
કાન સુધી લાંબી આંખવાળો પણ
દીવા વિના અંધકારમાં જોઈ શકતો નથી.
સદ્ગુરુના શરણમાં આવનારને ન તો
સુખ મોહગ્રસ્ત કરી શકે છે, ન દુ:ખ ગભરાવી શકે છે.
દુ:ખ તો મંઝીલને નિકટ લાવે છે.
દુ:ખ - સુખનો ભાસ તો અજ્ઞાનતા રહે, ત્યાં સુધી છે.
ગુરુકૃપાથી જ્યારે જ્ઞાનદૃષ્ટિ ખૂલે છે, ત્યારે
તેના પ્રકાશમાં સુખ અને દુ:ખ - બંને સમાન ભાસે છે.
'તુલસી યહ સંસાર મેં, પાંચ રત્ન હૈ સાર,
સાધુમિલન - હરિભજન - દાન - દયા - ઉપકાર'...(૧)
માર્ગ બતાવવાવાળો માર્ગી પણ બહુ ઉપકારક છે.
'તન ભી તેરા મન ભી તેરા, તેરા પિંડ ઔર પ્રાણ,
સબ કુછ તેરા તૂ હૈ મેરા, યહ સાધુ કા જ્ઞાન'...(૧)

સ્વરૂપને ઓળખવાનું સાધન ગુરુનો શબ્દ છે.

ગુરુ બ્રહ્મશ્રોત્રિય = શાસ્ત્રરહસ્ય - હાર્દને જાણનારા જોઈએ.

પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે માત્ર એક ગુરુની જ
જરૂર છે અને પરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે
બુદ્ધિ, ત્યાગ, તપ, સંયમ, વૈરાગ્ય, અભ્યાસની જરૂર છે.
આત્મા અને બ્રહ્મની એકતાનો વિચાર ગ્રહણ કરવા
અને તેનો સાક્ષાત્કાર કરવા માટે
આપણા હજારો જન્મો નીકળી જાય છે.
ધાર્મિક જીવન જીવનારમાં ય દશ હજારમાં એક મનુષ્ય
વાસનારહિત, સંયમી, વિશ્વવાત્સલ્ય જોવામાં આવે છે
અને સિદ્ધ પુરુષો તો કરોડોમાં એક હોય છે.
મનુષ્યમનમાં હજારો જન્મોના સંસ્કારો પડ્યાં હોય છે,
તેમાં એકદમ પરિવર્તન કરવું, તે શક્ય નથી.
દૃઢ અને નિશ્ચલ મનોબળ હોય,
તો થોડાં વર્ષોમાં અને ત્વરાથી પણ થઈ શકે, પરંતુ
સાધારણતઃ તો ઘણાં જન્મોની જરૂર રહે છે.

ગુરુના પ્રત્યેક શબ્દમાં તીર્થ રહેલ છે અને
મૌન રહીને તે શિષ્યને ઉપદેશ આપે છે.

ગુરુમાં આત્મસમર્પણ વિના સહજાવસ્થા ન મળે.
સ્વતંત્રતામાં પરમર્ષિઓની ગુરુતાનો સ્વીકાર છે.
ગુરુ પક્ષપાતમુક્ત - ગુરુના અભિમાનથી રહિત રહેલ છે.
'તેન સંદર્શિતેન માર્ગેણ પ્રાપ્યતે પરમં પદમ્ ।'
સદ્ગુરુની કૃપા વડે સહજાવસ્થાની પ્રાપ્તિ થાય છે.
ગુરુપાદુકા પણ પૂજ્ય છે. પાદુકા = ચરણકમળ. તેની
પૂજા વડે શ્રદ્ધા, ભક્તિ, બહુમાન, પૂજ્યતા ઉત્પન્ન થાય છે.
બાળકમાં લીંટ દેખાય, ત્યારે માતા તેનું નાક પકડીને પણ
લીંટ કાઢે, ત્યારે બાળક નારાજ થાય પણ પછી રાજી થાય,
તેમ આરાધકની અહંરૂપી લીંટને ગુરુ ઉપદેશ રૂપી નાક
પકડવાની ક્રિયા કરી અહંનો મળ કાઢી આનંદિત કરે છે.

○

ગુરુ = Law of gravitation.
નમસ્કાર = Field of gravitation.

# ગુરુપૂર્ણિમાનું માહાત્મ્ય

'જીવે ભવબંધનથી મુક્ત થવું જોઈએ.'
આ રહસ્યને સૂચવવા પ્રતિ વર્ષ ગુરુપૂર્ણિમા આવે છે.
તે દિવસે ગુરુપૂજન કરીને જ્ઞાન પ્રાપ્ત કરી,
અવિદ્યા અને તેના કાર્યની નિવૃત્તિપૂર્વક
પરમાનંદને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ છે, એ જ મોક્ષપંથ છે.
ગુરુ વિના જ્ઞાનનો સાર પ્રાપ્ત થતો નથી.
મનુષ્ય પોતે પીવાના ખોબાથી સમુદ્રનું જળપાન કરે,
તો ખારું જ લાગે છે, પરંતુ તે જ જળ
વાદળ દ્વારા થતી વૃષ્ટિમાંથી ગ્રહણ કરે, તો તે અમૃતથી
પણ વધારે આનંદ આપે છે, તેવું જ ગુરુનું છે.
શાસ્ત્રસમુદ્રના જ્ઞાનરૂપ જળને અભેદ ભાવથી ભાવિત
એવા આત્મરત ગુરુજનની અર્થાત્ ગુરુરૂપી વાદળ દ્વારા
જો તે જ્ઞાનને ગ્રહણ કરવામાં આવે,
તો ભેદરૂપ સંસારની નિવૃત્તિ થઈને
આત્માને મુક્તિપદની પ્રાપ્તિ શીઘ્રાતિશીઘ્ર થાય છે.

ગુરૂ કા શબદ પિછાન લિયા, પર શબદ કા ગુરૂ કૌન?

ગુરૂના શબ્દમાંથી શબ્દના ગુરૂને જગાડવાનો છે.

ગુરૂના શબ્દમાંથી જ ધીમે ધીમે

શબ્દના ગુરૂને જીવંત બનાવવાનો છે.

આદેશનો અનુભવ શૂન્યના વિસ્તારમાં થાય છે.

શૂન્યનો વાસ અહંની શૂન્યતામાં છે.

'મન કી મનસા મિટ ગઈ, અહં ગઈ સબ છૂટ,

ગગનમંડલ મેં ઘર કિયા, કાલ રહા સિર કૂટ.' - કબીર

સાચો આત્માનુભવ થયો,

અને શબ્દમાંથી પ્રગટેલો શબ્દનો ગુરૂ.

ગુરૂનો શબ્દ મળે, ત્યારે સાધક નાચતો - કૂદતો - ગાતો થઈ જાય છે પણ શબ્દનો ગુરૂ અંતરમાં પ્રકાશે, ત્યારે તે મૌન બની જાય છે પછી તે શબ્દનું રટણ કરતો નથી પણ શબ્દ તેને નવા નવા અનુપમ ઝલક બતાવતો આગળ લઈ જાય છે. 'સબ કા ગુરૂ પરચા.' આત્મવસ્તુ વિષે જે માત્ર સુણ્યું સાંભળ્યું હતું, તેનો સાક્ષાત પરિચય થઈ જાય છે.

## 'પરચા કી ચરચા નાંહી'

આત્માના પરિચયની ચર્ચા હોઈ શકે નહિ.

અનુભવ = 'જાત વિના જોવું અને જોતાં મરી જવું.'
ગુરુનો શબ્દ જાત ઉપર આવવાને વસી જાય છે, પછી
શબ્દનો ગુરુ આવી જાતને કાપી નાંખે છે અને પછી
જાત જોતી નથી પણ આખું જીવન જ જોવે છે.

એક સૂફી દરવેશે કહ્યું છે કે:

જ્યાં સુધી મનુષ્ય વણજોવાયેલા સંદેશાને ઝીલતો નથી
અને જોવાયેલા ઉપદેશને ભૂલી જતો નથી,
ત્યાં સુધી તેના મગજમાં શબ્દની જાળીઓ જ રહે છે.

એક જગ્યા છે - શાંત અને ગંભીર.

નદીના જળમાં ગુરુની શાંત વાણી છે.

'નદીને માત્ર વર્તમાન છે' એ વિચાર જ શાંતિજનક છે.

ગુરુ એટલે સદા માટે પરમ પૂજ્ય.
સિદ્ધિ મળ્યાં બાદ પણ ગુરુને વિસરવાના નહિ.
ગુરુચરણ પકડી કૃતજ્ઞતા અર્પણ કરવાની હોય છે.

પ્રતિદિન ત્રણ સન્ધ્યાએ ગાયત્રી મંત્રના 3000 જાપ કરવા વડે ભગવત્કૃપાથી સદ્ગુરુની પ્રાપ્તિ શીઘ્ર થાય છે.

ગુરુ પ્રાપ્ત થયે પોતાને તેમના ચરણોમાં અર્પણ કરી, જે આજ્ઞા દે છે, તે પ્રમાણે જ ચાલવું જોઈએ. ગુરુ નિષ્કામ, નિઃસ્પૃહ અને અહૈતુકી કૃપા કરવાવાળા જોઈએ. સિદ્ધસજ્જનના મન્ત્રની મધ્યમાં ચિત્ત લગાવીને ધ્યાન કરવાથી શુદ્ધ ચિત્તમાં ગુરુદેવની મૂર્તિ દેખાઈ આવશે. ત્યાર બાદ સંશયરહિત થઈ તેને જ ગુરુ તરીકે માની તેમની આજ્ઞાનુસાર ચાલવું જોઈએ.

શ્રદ્ધાથી જ સર્વ મંત્ર ફળ આપે છે.

સિદ્ધગુરુદ્વારા મંત્ર મળતાં પુરશ્ચરણની પણ જરૂર નથી. મંત્રની સાથે જ ગુરુની શક્તિ પણ શિષ્યના શરીરમાં પ્રવેશ કરી જાય છે.

## સિદ્ધગુરુ ન મળે, ત્યારે શું કરવું?

સિદ્ધગુરુ ન મળે, ત્યારે મંત્રોને તન્ત્રોક્ત વિધાન દ્વારા શોધન કરી પુરશ્ચરણ કરવું પડે છે.

ગુરૂમાં ઓછામાં ઓછું આટલું હોવું જોઈએ:

(1) કર્તવ્યપાલન માટે જાગૃતિ

(2) સર્વ પ્રકારના અર્થસંગ્રહનો ત્યાગ

(3) ગુર્વાજ્ઞાની પરતંત્રતા (4) સમ્યક્ત્વની દૃઢતા અને

(5) ધાર્મિક અનુષ્ઠાનોનું નિયમિત આચરણ.

કુલ 3॥ ક્રોડ મંત્રોની રચના છે.

સિદ્ધ ગુરૂ વિના એ મંત્રો ફળતાં નથી,

માટે આ મનુષ્યજન્મમાં ગુરૂને અવશ્ય મેળવવા જોઈએ.

એમની પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી સર્વ વિઘ્નો દૂર થઈ જાય છે. શરીર રોગી હોય, તો પહેલાં તેને યોગ અથવા મંત્રજાપ દ્વારા શુદ્ધ કરવું પડે છે.

ગાયત્રી આદિનું પુરશ્ચરણ કર્યા વિના જેઓ મંત્રસાધના કરવા જાય, તેમના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થઈને વિઘ્ન કરે છે.

વ્યાધિ થવાથી સાધના થઈ શકતી નથી, તેથી વ્યાધિનાશ માટે ર પ્રણવાદિનો જાપ કરવો જોઈએ.

## ગુરુ સાથે મનોમનની એકતા

ખરું જ્ઞાન વૈખરી વાણીના અનેક વર્ગોનો સંબંધ ધરાવતું નથી, પરંતુ ગુરુદેવનાં વિશુદ્ધ વિચારના સૂક્ષ્મ પ્રવાહનો શિષ્યના માનસિક દ્રવ્ય સાથે સંબંધ ધરાવતું જ થાય છે. જ્યારે મનોમન (મન અને મન)ની એકતા થાય છે,

ત્યારે શિષ્ય હજારો કે લાખો ગાઉ દૂર રહે,
તો પણ ગુરુના અનુભવજ્ઞાનનો પ્રકાશ
શિષ્યના અજ્ઞાનાંધકારનો નાશ કરે છે.
ગુરુએ જ્ઞાન આપવા માટે હંમેશાં
વાણીનો ઉપયોગ કરવો જ પડે, એવું હોતું નથી.
જ્ઞાનની ઉચ્ચ ભૂમિકામાં વિહરતાં સાચા ગુરુદેવના
અંતઃકરણમાંથી જ્ઞાનની સૂક્ષ્મ ધારાનો પ્રવાહ
અધિકારી શિષ્યની હૃદયભૂમિ ઉપર પડે, ત્યારે
તેમાં નૂતન બોધ રૂપ જ્ઞાનની વાડી ઉગી નીકળે છે,
આ માટે જ્ઞાનની જિજ્ઞાસાવાળા શિષ્યે પોતાના મનને
યોગ્ય અધિકારવાળું કરવાની જ આવશ્યકતા રહે છે.

## શિષ્યના મનની પવિત્રતા કઈ રીતે સિદ્ધ થાય ?

ગુરુમાં ઈષ્ટબુદ્ધિ - ઈશબુદ્ધિ ધારણા કરવાથી
શિષ્યના મનની પવિત્રતા સિદ્ધ થાય છે.
તેનું કારણ એ છે કે શિષ્યનું મન નીચ ગણાતાં
વિષયોમાં ભ્રમણ કરતું હોય, તેથી તે નિકૃષ્ટ પ્રકારનું
હોય છે. શિષ્યના આવા નિકૃષ્ટ - અશુદ્ધ મનનો અને
ગુરુના વિશુદ્ધ મનનો સંયોગ થઈ શકતો નથી,
તેથી શિષ્યનું કર્તવ્ય છે કે પોતાના મનને
ઉચ્ચ વિષયમાં રમમાણ કરી ઉચ્ચતાવાળું કરવું જોઈએ.
ગુરુમાં દેવબુદ્ધિ ધારણા કરીને પોતાના મનને પુનઃપુનઃ
ગુરુની અભિમુખ કરવાનો અને રાખવાનો શ્રદ્ધાપૂર્વક
પ્રયત્ન સેવે છે, ત્યારે શિષ્યનું મન અશુદ્ધિને તજીને
વિશુદ્ધિને ધારણા કરતું જાય છે અને તેમ થતાં ગુરુના
ઉચ્ચ મનનો સંબંધ થવાની પવિત્રતાવાળું બને છે.

'यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥'

જ્યાં આવી બુદ્ધિ નહિ આવતી, ત્યાં ઉપદેશનો છેડો જુદુ જુદુ તો શબ્દજ્ઞાન અથવા વાચિકજ્ઞાનમાં આવે છે, કિન્તુ અંતર અનુભવજ્ઞાન રૂપે પરિણામ પામતું નહિ. ઉપદેશનું પરિણામ અનુભવજ્ઞાનમાં લાવવા ઉપદેશ-દાતા ગુરુ પ્રતિ બહુમાનવાળી ઉચ્ચ બુદ્ધિ હોવી જોઈએ.

ઉપદેશનો હેતુ કેવળ (પર) અક્ષરની રચનાવાળું શબ્દજ્ઞાન જ આપવાનો નહિ, કિન્તુ જીવન અત્યંત વિશુદ્ધ, વિશાળ અને શક્તિવાળું કરવાનો જ હોય છે. આવું જીવન ગ્રન્થો / ઉપદેશમાં વર્ણવેલી વિગતોને પોપટપેઠે બોલી જવાથી કે તેનો માત્ર અર્થ સમજવાથી થતું નહિ, કિન્તુ સદ્ગુરુના વિશુદ્ધ મનનો અને શિષ્યની ઉતરતી પંક્તિના મનનો અનુકૂળ સંબંધ થવાથી થાય છે.

'પુરાણાન્તે શ્મશાનાન્તે મૈથુનાન્તે ચ યા મતિઃ ।
સા મતિઃ સર્વદા ચેત્ સ્યાત્ કો ન મુચ્યેત બન્ધનાત્ ॥'

નીચેના મંત્રનો જાપ કલ્યાણકારી છેઃ

'પરમ ગુરુ નિર્ગ્રન્થ સર્વજ્ઞ દેવ ।' - ૧૨ વર્ણ

# આદર્શ ગુરૂઓ કેવા હોય ?

(1) સન્માર્ગની ઉદ્‌ઘોષણા કરનારા. (2) સન્માર્ગ તરફ આંગળી ચીંધનારા. (3) સન્માર્ગ તરફ લાલ દીપકને ધરનારા. (4) ભૂલ્યાં - ભટક્યાંને આશ્વાસન આપનારા. (5) પદદલીતને છાતીએ ચાંપનારા. (6) આદર્શ જીવન દ્વારા મુંગા પણ પ્રગતિના માર્ગ તરફ આકર્ષનારા.

(7) પ્રગતિમાર્ગના આદર્શને ટકાવી રાખનારા.

(8) પ્રગતિમાર્ગના ક્રીયાઓના ભારને વહન કરનારા.

(9) પ્રગતિમાર્ગના મુસાફરોને સફર કરાવનારા.

(10) ભૂલતાંને બચાવી લેનારા - કાષ્ટનાવા રૂપે.

(11) અંધકારમય જમાનાઓમાં પણ આગમ લાલના ખોળનારાઓને વહન કરનારા.

આવા પોઠીયાઓની જરૂર દરેક કાળે ગંભીરપણે વિચારશીલ દુનિયાની વ્યવસ્થા માટે જણાયા વિના રહેશે નહિ. આવાઓના સ્થાને દંભી, લોભી, લાલચુ, શઠ, સ્વાર્થી, દુઃશીલ, ઉન્માર્ગગામી, ઉન્માર્ગદર્શક વિગેરે...

દુર્ગુણોવાળા ન ઘૂસી જાય, તેની સાવધાની પણ પૂરેપૂરી રાખવી જોઈએ, કારણ કે તેવાઓ પત્થરની નાવ જેવા સ્વયં ડૂબે છે અને તેમાં બેસનારને પણ ડુબાડે છે.

(1) બાલબુદ્ધિને ગુરુ કેવા લાગે?

આદર્શ ગુરુઓની શાંતિ ઉનાળામાં બરફ જેવી શીતળ અને તેમનો પ્રભાવ શિયાળામાં અગ્નિ જેવો આકર્ષક લાગે.

(2) મધ્યમબુદ્ધિને ગુરુ કેવા લાગે?

એ જ ગુરુઓ સદ્વર્તનના કડક નિયમોને પાળનારા અને ચારિત્ર્યના બારીકમાં બારીક નિયમો પાળવામાં સદૈવ જાગ્રત રહેનારા લાગે. તેમનું જાહેર અને ખાનગી જીવન બારીકમાં બારીક મુદ્દા ઉપર પણ એકસરખું લાગે.

(3) પંડિતોની દૃષ્ટિએ ગુરુ કેવા લાગે?

પંડિતોને એ જ ગુરુઓ મહાન બુદ્ધિશાળી, સભ્યતાની ટોચે પહોંચેલા, સૂક્ષ્મ દૃષ્ટા, જગતના સર્વ વ્યવહારોના અદ્ભુત રહસ્યોને ઉકેલનારા તથા ચમત્કારિક જીવનના ઉલટ - સુલટ પ્રયોગો જાણનારા લાગે.

આમ અહીં જાતિના પાત્રોને પોતાના ગુરુ આકર્ષી શકે,
સૌને તેની યોગ્યતા મુજબ સન્માર્ગના પ્રયોગોરૂપી
સોનેરી ટૂકડાઓની લ્હાણ કરે, તેવા ગુરુ હોવા જોઈએ.
ટૂંકમાં ખરાં ગુરુ જ્ઞાન - ક્રિયા, ત્યાગ - વૈરાગ્ય,
દયા, પરોપકાર, સ્વપરના વિવેકની તીવ્ર ધગશ
ઈત્યાદિ ગુણોને ધારણ કરનારા હોવા જોઈએ.

સાચા ગુરુ સદ્ગુણોને જ પોષે.

ગુણ - દોષ સંસર્ગજ છે.

ઉત્તમજનનો સંસર્ગ શીલદરિદ્રને પણ શીલાઢ્ય બનાવે.
વિનય - વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચરણ,
ચરણથી મોક્ષ અને મોક્ષથી અનંત સુખ મળે છે.
કૃતજ્ઞ સાધક માતા - પિતાથી માંડીને ધર્મદાતાર ગુરુનું
બહુમાન કરે અને વળી તેમને પરમોપકારી માને.
ગુરુની ઉપકારિતાને જાણનારો નિર્ભર્ત્સિત થાય, તો
પણ કોપ કરતો નથી, અપમાન માનતો નથી, વિનય -
હાનિને કરતો નથી કે વંચનાપરિણામ ધારણ કરતો નથી.

# ગુરુતત્ત્વમાં ચારિત્રનું માહાત્મ્ય

ચારિત્ર એ ગુરુઓનું મુખ્ય લક્ષણ છે.
બાકીના ગુણો તેમનું સ્વરૂપ - ભૂષણ છે.
ચારિત્ર ન હોય અને બાકી અનેક ગુણો હોય,
તો પણ તે સાચા ગુરુ નહિ, કિન્તુ જો બાકી બધા
ગુણો ન હોય અને ચારિત્ર હોય, તો તે ગુરુ છે.
બાકી ગુણો હોય, તો શોભારૂપ છે.

લડવૈયાને લડતાં આવડવું જ જોઈએ,
સંગીત આવડે તો તે શોભારૂપ છે.
વૈદ્યને રોગ મટાડતાં આવડવું જ જોઈએ, ઐતિહાસિક જ્ઞાન
હોય, તો તે શોભારૂપ છે, તેમ ગુરુમાં જ્ઞાન, ઉપદેશની
શક્તિ, ભાષાચાતુર્ય, રૂપ, વાદશક્તિ વિગેરે જેટલાં ય
ગુણો હોય, તો તે સર્વ શોભારૂપ છે, પરન્તુ માર્ગગામી
ચારિત્ર, એ તો ગુરુતત્ત્વનો મુખ્ય પ્રાણ જ છે.
બાકી ગુણો ન હોય, એકલું ચારિત્ર જ હોય,
તો પણ તે ગુરુ તરીકે માનવા લાયક છે.

## સાચા ગુરુ કોણ ?

જે સત્ય બતાવે તે ગુરુ, જીવન જીવતા શીખાડે તે ગુરુ.
જેના જીવનમાં જ્ઞાનનું અને જીવનનું ગુરુત્વ છે,
જે અન્યના ઉત્કર્ષની સતત ચિંતા કરે, તે ગુરુ છે.
કનક, કાન્તા અને કીર્તિના પવનથી
જે કદી માર્ગ ચૂકી જતો કે ખસતો નથી, તે ગુરુ છે.
ગુરુ કરવાના નથી હોતાં, એ તો આપોઆપ થઈ જાય છે.
ભગવાન પછી આપણા હૃદયમાં જે વ્યક્તિ માટે
પૂજ્યભાવ જાગે, તે જ આપણા ગુરુ.
ગુરુ પાસે જવાથી બુદ્ધિ નિર્મળ થાય, હૃદય કોમળ બને
તથા જીવન સદ્ગુણો - સદાચારોથી સુગંધિત બને છે.

## સાચા શિષ્ય કોણ ?

પોતાના દોષો અને ભૂલો પ્રેમથી સાંભળવાની જિજ્ઞાસા,
સહનશીલતા અને શ્રદ્ધા જેની પાસે છે, તે સાચા શિષ્ય.
વાત્સલ્યથી ભરપૂર અને તેજસ્વી ગુરુને જોતાં જ
જેનું મુખ ખીલી ઊઠે, તે જ સાચા શિષ્ય.

<u>પાંચ પ્રકારના ગુરુ</u>

(૧) પ્રેરક = અરિહંત (૨) સૂચક = સિદ્ધ (૩) શિક્ષક = સાધુ
(૪) બોધક = આચાર્ય (૫) વાચક = ઉપાધ્યાય.

'ગુરુમંત્રદેવતાઽઽત્મમન: પવનાનામૈક્ય
નિષ્કલનાદન્તરાત્મસંવિત્તિ: ।' અર્થાત્:
મન, મંત્ર અને પવન તથા દેવ, ગુરુ અને આત્માને
પરસ્પર કથંચિત ઐક્યનો સંબંધ છે.
તે બાહ્યાદિ અંતરાત્મપણાનું સંવેદન થાય છે.

<u>સદ્ગુરુ એટલે...</u>

<u>સદ્ એટલે પરમાત્માના સર્વ કાળ સાન્નિધ્યમાં રહે તે.</u>

આત્મા-ગુરુ-શાસ્ત્ર વડે ધર્મતત્ત્વની પ્રતીતિ થાય છે.
તીર્થંકરોને આત્માથી, ગણધરોને ગુરુથી,
શિષ્ય પરંપરાને શાસ્ત્રથી ધર્મની ઓળખ થાય છે.
આત્મા = સ્વબુદ્ધિ, ગુરુ = સાક્ષાત અધિક બુદ્ધિમાન
તથા શાસ્ત્ર = પરોક્ષ અધિક જ્ઞાનવાન -
એ ત્રણેની સહાયથી જ ધર્મની ઓળખાણ થાય છે.

## ગુરુનું બહુમાન શું કરે ?

'આઇઓ ગુરુ બહુમાણો, અવંઝકારણત્તણેણં ।
અઓ પરમગુરુસંજોગો, તઓ સિદ્ધિ અસંસયં ॥'

અર્થ: ગુરુનું બહુમાન મોક્ષનું અવંધ્ય કારણ છે. ગુરુના બહુમાનથી પરમગુરુ એવા તીર્થંકરદેવનો સંયોગ પ્રાપ્ત થાય છે અને તેનાથી નિઃસંશય મુક્તિ મળે છે.

## કેવા ગુણવાળા ગુરુનું સાંનિધ્ય ઈચ્છવું ?

જે પરોપકારમાં રક્ત હોય, મૂળાદિકમાં તત્પર હોય,
જે યોગમાર્ગની સિદ્ધિ માટે સદ્ધ્યાન કરનાર હોય,
જેના હૃદયમાં સતત ઉપાસ્યદેવ રમી રહેલ હોય અને
શિષ્યને જે પોતાનાથી પણ અધિક બનાવે,
આવા આવા અનેક ગુણોથી જે સંપન્ન હોય,
તેને જ આગમોએ પણ 'ઉત્તમ ગુરુ' માન્યાં છે.

'હું કાંઈ કરી શકું' માનનારાને ગુરુ કહે છે કે:
'તું આત્મસ્વરૂપ છો, તેથી પરનું કાંઈ કરી શકે નહિ,
માટે તે માન્યતા છોડી સાવધાન થા.'

અદ્વિતીય બ્રહ્મની સાથે સંબંધ કરાવનાર ગુરુતત્ત્વ છે.

ગુરુ = માર્ગદેશક, માર્ગદર્શક, સર્વાધિષ્ઠાન, ચૈતન્યઘન.

ઉત્તમ ગુરુ એટલે તીર્થંકર ગુરુ નહિ, ગણધર ગુરુ.

તીર્થંકર ગુરુ મેઘસમાન પ્રવચનનો વરસાદ વરસાવે છે.

ગણધર ગુરુ તેની માળા ગૂંથીને લોકોપકારક બનાવે છે.

ગુરુ - પરમગુરુ - અદૃષ્ટગુરુ - અનંતગુરુ - અનંતાનંતગુરુ.

અનંતાનંતગુરુ = જીવરાશિ, અનંતગુરુ = સિદ્ધ પરમાત્મા,

પરમગુરુ = અરિહંત પરમાત્મા,

અદૃશ્યગુરુ = અન્ય અજ્ઞાત આત્માઓ, તેઓ સૌ ...

(૧) કોઈને પણ પીડા કરે નહિ.

(૨) અપકારી ઉપર પણ ઉપકાર કરનાર.

(૩) નિષ્કારણ કોઈનો પણ અપકાર ન કરનાર.

(૪) સંબંધમાં આવનાર મનુષ્યમાત્રના હિતચિંતક.

(૫) અહિત ચિંતવનારનું પણ હિતચિંતન કરનાર.

(૬) કોઈ પીડા કરે તો પણ તેને પીડા કરનાર તરીકે ગણે નહિ.

(૭) માર્ગાનુસારિતા, સૌજન્ય, કૃતજ્ઞતા ધરાવનાર હોય.

# સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રનો દીવો

સમ્યગ્જ્ઞાનનું ઘી, સમ્યગ્દર્શનની વાટ અને
સમ્યગ્ચારિત્રની દીવાસળીથી દેહરૂપી દીવો પેટાવશો,
તો તે સાચો દીવો બને, અન્યથા ખાલી કોડીયું !

દીવો ભલે સોનાનો, મોતી - માણેકની નકશીથી સજાવેલો અને ઘી ભલે શુદ્ધ તથા રૂ ભલે પોતાના જ ખેતરમાં ઉગાડેલાં કપાસમાંથી જાતે પીંજેલું મુલાયમ હોય, પરન્તુ દીવો, ઘી તથા રૂ - ત્રણેય નકામા, જો તે દીવામાં ઘી નાંખી, રૂની દીવેટ કે વાટ મૂકી દીવાસળીથી પેટાવવામાં ન આવે. જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપી ઘી, દીવેટ અને દીવાસળીને વિધિપૂર્વક એકત્ર કરીને સક્રિય પ્રકાશમાન કરવામાં આવે,

તો જીવન એક ઝળહળતો દીપ બની જાય.

દેહરૂપી સોનાનું અને હીરા - મોતીથી જડેલું કોડીયું પણ મળ્યું છે, જ્ઞાનરૂપી ઘી, દર્શનરૂપી દીવેટ પણ મળી છે, પરંતુ ચારિત્રરૂપી દીવાસળી વડે તે પેટાવવામાં આવે, તો જ તે કોડીયું કોડીયું મટીને ઝળહળતો જીવનદીપ બને.

## સમ્યક્ત્વ કોને કહેવાય?

'નવ પ્રકારમાંથી શુદ્ધ નય વડે એકરૂપ જ્ઞાયક છું' એવો એક પરમાર્થ સ્વભાવને જ સ્વીકારવો, તે '**સમ્યક્ત્વ**'.

વર્તમાન ઉણી અવસ્થાનો અભાવ,
તે વ્યવહારે પૂર્ણ નિર્મળ અવસ્થાનું કારણ છે.
પરમાર્થે આત્મદ્રવ્ય અખંડ વસ્તુ છે,
તે જ વિકલ્પ અને ઉણી અવસ્થાનો નાશ કરનાર તથા પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટ કરનાર નિશ્ચય કારણ છે.

**સમ્યગ્દૃષ્ટિ** = દ્રવ્ય પર દૃષ્ટિ. **મિથ્યાદૃષ્ટિ** = પર્યાય પર દૃષ્ટિ.

**ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ : એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે.**

સાચા નવતત્ત્વની શ્રદ્ધામાં જ
સાચા દેવ - ગુરુ - શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે.
વીતરાગ દેવના શાસ્ત્રથી સત્સમાગમે જેણે નવતત્ત્વો જાણ્યા છે, છતાં નવતત્ત્વના વિકલ્પમાં જ રોકાઈ તે વિકલ્પને જ ધર્મ માને, તો તે સંસાર છે - મિથ્યાત્વ છે.

'તમેવ સચ્ચં નિઃસ્સંકં જં જિણેહિં પવેઇયં |' અર્થાત્:
તે જ સાચું અને શંકા વગરનું છે, જે ભગવાને કહ્યું છે.
એવી શ્રદ્ધા જ સમ્યક્ત્વનું કારણ છે.
'સમ્યક્ત્વ' એટલે તત્ત્વરુચિ, તત્ત્વસ્નેહ, તત્ત્વરસ.
સમ્યક્ત્વ = અંતરાત્મભાવ = આત્મતત્ત્વ તરફનું ખેંચાણ.
જીવને આત્મતત્ત્વનું ખેંચાણ થાય,
ત્યારે જ સમજવું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ છે.
'પોતાનો આત્મા અને બીજાના આત્મા વચ્ચે તાત્ત્વિક અભેદ છે' એ સમજણમાંથી જ સમ્યક્ત્વ પેદા થાય છે.

બહિરાત્મદશા સૂચવનાર ચાર વસ્તુ

વિષય-કષાયનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા,
ગુણનો દ્વેષ અને આત્માનું અજ્ઞાન.

અંતરાત્મભાવની પાંચ નિશાની

તત્ત્વ ઉપરની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન,
મહાવ્રતોનું પાલન, અપ્રમાદ તથા મોહ ઉપરનો જય.
અંતરાત્મદશાની સ્વાભાવિક ભૂમિકા = આત્મતત્ત્વને નમન.

# તત્ત્વ અને અર્થનું માહાત્મ્ય

'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્ ।'

અર્થાત્: તત્ત્વ અને અર્થની શ્રદ્ધા, તે છે સમ્યગ્દર્શન.

મનુષ્યપણાંનો સાર જ્ઞાન છે,
જ્ઞાનનો સાર દર્શન, દર્શનનો સાર ચારિત્ર અને
ચારિત્રનો સાર નિર્વાણ છે.

શ્રી સિદ્ધ ભગવંતોની પૂર્ણ અનુભૂતી દ્રષ્ટિને
જીવવાની આંશિક યોગ્યતા તે 'સમ્યક્ત્વ'.
તે યોગ્યતા ઉઘડ્યા પછી જ જીવને એના શિવત્વનું
દર્શન અથવા સંવેદન થાય છે.

નાસ્તિક: શરીરમાત્રને જીવ માનનાર.
મિથ્યાદ્રષ્ટિ: દ્રવ્યપ્રાણ ધારક માત્રને માનનાર.
અપ્રસન્ન આચાર્ય પણ સદ્બોધના અભાવે
શિષ્યને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.
સમ્યગ્દ્રષ્ટિ જૈન: દ્રવ્ય-ભાવ ઉભય પ્રાણ ધારણ
કરનાર અને સદા અવસ્થિત જીવને માનનાર ગણાય છે.

## આરાધનાનાં મુખ્ય બે અંગો

પરમેષ્ઠિનું ધ્યાન અને સર્વ જીવોનું કલ્યાણ.

'સમ્યગ્દર્શન' એટલે આત્મસ્વભાવનું યથાર્થ દર્શન.
'સમ્યગ્જ્ઞાન' એટલે આત્મસ્વભાવનું યથાર્થ જ્ઞાન.
'સમ્યક્ચારિત્ર' એટલે આત્મસ્વભાવનું યથાર્થ અનુભવન.

## રત્નત્રયીને પચાવનાર કોણ ?

સંસારપરિભ્રમણમાં પોતાનો જીવ બધાના ઉપકાર તળે ઇચ્છારૂપે, રોધરૂપે, અભિધેયરૂપે, ભેદરૂપે કે ઉત્પાદરૂપે, કોઈને કોઈ પ્રકારે રહ્યો, સચેતન - અચેતન એવા સર્વ પદાર્થો કોઈને કોઈ પ્રકારના સંબંધરૂપે આવેલો છે. એ સંબંધ જ તેને સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપ રત્નત્રયીને પચાવનાર થાય છે.

## રત્નત્રયીનો લાભ થવામાં ઉપકારક કોણ ?

સમ્યગ્દર્શનનો વિષય સર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.
સમ્યગ્જ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.
સમ્યક્ચારિત્રનો વિષય અસર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.

ધર્મનો હેતુ સમ્યક્ત્વ છે અને

સમ્યક્ત્વનો હેતુ તત્ત્વદૃષ્ટિની ઉપાસના છે.

ગુણના ગીત ગાવા, તે સમકીતી ભમરનો ગુંજારવ છે.

જ્યાં ગુણ દેખે ત્યાં નમી પડવું, તેના દાસ બનીને રહેવું,

તે સમકીતી ભમરની ગુણપુષ્પનો રસ લેવાની ક્રિયા છે.

એ રીતે તે સંપૂર્ણ ગુણના રસથી ભરેલો મધપુડો

પોતાના આત્મગૃહમાં તૈયાર કરે છે.

મોહનું જોર સમકીત છે નહિ.

સમકીતનું જોર ભદ્રકભાવ યા નિરાગી વૃત્તિ છે.

'સાચું તે મારૂં' એવો મનોભાવ, 'સૌને બહુ સુખ મળો'

એવો હૃદયનો ઉમળકો જેને હોય, તે સમકીતી નહિ,

કિન્તુ સમકીતી થવાનો છે, એ નક્કી.

ભક્તિ અને અનુકંપા એ સમકીતનાં લક્ષણ છે.

રામ - કૃષ્ણ વગેરે અવતારો સમ્યક્ત્વની ભૂમિકા છે.

સમ્યક્ત્વ વિનાની વિરતિ તો

'ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લા' જેવું છે.

# સમ્યક્ત્વનાંચાર લક્ષણો

(૧) જ્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું,
ત્યાં તત્ત્વોને ઓળખે તો હિતાહિતનું જ્ઞાન થાય અને
મોક્ષમાર્ગમાં પ્રવર્તે, એ પ્રયોજન છે.

(૨) જ્યાં સ્વપર ભિન્નતાનું શ્રદ્ધાન લીધું,
ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાનનું પ્રયોજન સ્વપર ભિન્નતા
શ્રદ્ધાનથી જ થાય છે, એમ જાણીને કહ્યું.

(૩) જ્યાં આત્મશ્રદ્ધાન લક્ષણ કહ્યું,
ત્યાં સ્વપર ભિન્નતાના જ્ઞાનનું ફળ પોતાને પોતારૂપ
જાણવો એ છે, એમ બતાવવા માટે કહ્યું.

(૪) દેવ-ગુરુ શ્રદ્ધાન રૂપ લક્ષણ લીધું,
ત્યાં બાહ્યસાધનની પ્રધાનતા કરી છે. કુદેવાદિના ત્યાગ વિના
અને સુદેવાદિના સ્વીકાર વિના સાચું
તત્ત્વાર્થ શ્રદ્ધાન અસંભવિત છે, એમ માનીને કહ્યું.
જ્યાં વિપરીતાભિનિવેશનો અભાવ થાય,
ત્યાં આ ચારે લક્ષણો સત્ય છે.

## સમ્યગ્દર્શનનું લક્ષણ

<u>પુદ્ગલ પ્રત્યે વિરાગ અને જીવો પ્રત્યે અનુરાગ છે.</u>

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણનો અનુરાગ અને ભક્તિમાં અપ્રમાદ એ વિશુદ્ધ ધર્મનું શુદ્ધ સ્વરૂપ છે. જે વિરાગ અને ત્યાગથી સદ્ગુણોનો વિસ્તાર અને સદાચરણોનું નિર્માણ ન થાય, તે વિરાગ અને ત્યાગ નામમાત્ર છે. તાત્ત્વિક ત્યાગ અને વિરાગ, જીવો પ્રત્યે અનુરાગ અને જડ પદાર્થો પ્રત્યે વિરાગને સૂચવે છે અને તે બધાનું મૂળ સમ્યગ્દર્શન છે.

જેમ અવિરતિના આસ્રવથી બચવા વ્રત, નિયમ, પચ્ચક્ખાણની આવશ્યકતા છે, તેમ મિથ્યાત્વના આસ્રવથી બચવા માટે જ્ઞાનીઓની કરુણા પ્રત્યે ભક્તિ અને અજ્ઞાનીઓની અજ્ઞાનતા પ્રત્યે કરુણા અનિવાર્ય છે.

સમ્યગ્દર્શનથી મિથ્યાત્વ રોકાય છે અને ભક્તિ તથા કરુણા, મૈત્રી અને પ્રમોદ, ઉપેક્ષા તથા માધ્યસ્થ્યભાવ કેળવવાથી આત્મામાં સમ્યગ્દર્શન ટકે છે.

## સમ્યક્ત્વના આઠ અંગ

આત્મામાં અસ્તિત્વ બુદ્ધિ તે સમ્યક્ત્વ છે નહિ.
તીર્થંકરોએ દર્શાવેલ મોક્ષમાર્ગની દૃઢ શ્રદ્ધા તે સમ્યક્ત્વ.

(૧) સ્વરૂપમાં સંદેહ ન કરવો.
(૨) જ્ઞાનના દોષ પ્રગટ ન કરવા.
(૩) આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો.
(૪) આત્મોન્નતિને માટે ઉત્સાહિત રહેવું.
(૫) શુભક્રિયાના ફળની અભિલાષા ન કરવી.
(૬) દુઃખદાયી પદાર્થ દેખીને ગ્લાની ન કરવી.
(૭) મૂઢતા તજીને તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો.
(૮) ચિત્ત ચંચળતા ત્યાગ કરીને રત્નત્રયમાં સ્થિર થવું.

નિઃશંકતાદિ આઠ લક્ષણાંગો છે:

અભેદ રત્નત્રય, નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્ઞાન અનુષ્ઠાન,
ભેદરત્નત્રય નવ તત્ત્વોનું શ્રદ્ધાન જ્ઞાન નહિ.
અષ્ટપ્રવચન માતા અર્થાત્ પાંચ સમિતિ,
ત્રણ ગુપ્તિ ઉપરાંત પંચ મહાવ્રતોનું પાલન.

## સમકિતના પાંચ સોપાન અથવા પાંચ લક્ષણો

શમ = મૈત્રી, સમતાભાવ અને ક્ષમાગુણનો વિસ્તાર.

સંવેગ = પ્રમોદ, ધર્મ, ધર્મી તથા ધર્મફલ ઉપર પ્રીતિ.

ભક્તિગુણનો વિસ્તાર તે સંવેગ.

મોક્ષસુખને મેળવી આપવાની બુદ્ધિ તે સંવેગ.

નિર્વેદ = માધ્યસ્થ્ય, ૫ વિષય + વિકાર પ્રત્યે અરુચિ.

વૈરાગ્યગુણનો વિસ્તાર તે નિર્વેદ.

ભવદુઃખના નિવારણની બુદ્ધિ તે નિર્વેદ.

અનુકંપા = કરુણા દ્રવ્ય + ભવદુઃખ દૂર કરવાની ચિંતા.

દયાગુણનો વિસ્તાર તે અનુકંપા.

દ્રવ્યદુઃખના નિવારણની બુદ્ધિ તે અનુકંપા.

આસ્તિક્ય = મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્યનો સરવાળો.

પરમ સત્ય તથા નવ તત્ત્વો ઉપર શ્રદ્ધા.

શ્રદ્ધા ગુણનો વિસ્તાર તે આસ્તિક્ય.

જીવની અમરતાનું ભાન તે આસ્તિક્ય.

સુખ માંગે તે મિથ્યાદૃષ્ટિ, સુખ આપે તે સમ્યગ્દૃષ્ટિ.

ટૂંકમાં સમ્યક્ત્વના પાંચ અંગો એટલે...

'શમ' એટલે કષાયોનું પૂર્ણ શમન.

'સંવેગ' એટલે ઉર્ધ્વગમનની જ માત્ર ઇચ્છા.

'નિર્વેદ' એટલે સંસારભાવ પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય.

'અનુકંપા' એટલે જીવમાત્ર પ્રત્યે કરુણાદૃષ્ટિ અને

'આસ્તિક્ય' એટલે આત્મદર્શન - આત્મપ્રતીતિ,

પોતાના મૂળ સ્વરૂપ પ્રત્યેની પૂર્ણ આસ્થા.

આ પાંચે લક્ષણ પ્રગટે, ત્યારે

એ પ્રબુદ્ધ આત્મા સમ્યગ્દૃષ્ટિ પુરુષ કહેવાય છે,

એ પછી આત્મા સ્થિરબુદ્ધિ બનીને આત્મરમણતામાં

રમમાણ રહે છે, સકલ વિશ્વ તેને શૂન્યરૂપ લાગે છે.

ફક્ત પોતે જ એક માત્ર દ્રષ્ટા તરીકે રહે છે.

પ્રભુચિન્તન દ્વારા એ છેવટે પરમેશ્વર જ બની રહે છે.

એ પછી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ

રત્નત્રયની ત્રિપુટીને પ્રાપ્ત કરીને એ પોતે જ

શાશ્વત સુખ-શાંતિનું ધામ બની જાય છે.

## સમ્યગ્દર્શન = સર્વ જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ.

તેને શુભાત્મ પરિણામ ઉપરાંત

સર્વને શુભચિન્તન અથવા શુભૈકચિન્તા પણ કહેવાય.

અનંતાનુબંધી આદિ ૭ પ્રકૃતિના ક્ષયક્ષયોપશમથી પ્રગટતાં

આ શુભાત્મ પરિણામના આધારે જ

'તે જ સાચું અને શંકા વિનાનું જે શ્રી જિનોએ કહ્યું છે'

એવી આસ્તિક્ય બુદ્ધિ થાય છે.

એમાંથી અનુકંપા - નિર્વેદ - સંવેગાદિ ભાવો પેદા થાય છે.

ઉપશમ પણ એનું જ ફળ છે.

## એ રીતે સમ્યગ્દર્શન એટલે...

શમ - સંવેગ - આસ્તિક્યાદિથી પ્રગટ થતાં

સર્વના શુભચિન્તન રૂપ શુભાત્મ પરિણામનું નામ.

સર્વ જીવરાશિ પ્રત્યે તે સ્નેહનો પરિણામ છે.

એ પરિણામસહિત રંકપણું, દાસપણું કે* ચેટપણું શ્રેષ્ઠ છે

અને એ પરિણામથી શૂન્ય ચક્રવર્તિપણું પણ કનિષ્ઠ છે.

*ચેટપણું = સેવકપણું

## સમ્યગ્દર્શન જીવને શું કરે?

તે વ્યક્તિમાં એક નવી ચેતના લાવે છે અને
અધાર્મિકતામાંથી નીકળીને ધાર્મિક ક્ષેત્રમાં ખેંચી લાવે છે.
સમ્યક્ત્વાદિ છે, ત્યાં સુખ. મિથ્યાત્વાદિ છે, ત્યાં દુઃખ.
સુખ અને દુઃખ એ સંયોગ - વિયોગમાં નહિ.
નિરાકુળ - નિર્વિકાર શાંતરસમાં સ્થિરતાને ઈચ્છવા.
સમકીતને મલીન કરનાર આઠ મદનો ક્ષય ઈચ્છવો.
સમ્યક્ત્વની પ્રાપ્તિમાં જેણે મિથ્યાત્વ-કષાયાદિ દોષો
ટાળ્યાં છે, તેવા દેવ-ગુરુ-સંઘ તથા સાધર્મિક ભક્તિ
આદિ સર્વ સદનુષ્ઠાનો પ્રશસ્ય છે.

સમ્યક્ત્વ પામવા પહેલાં મિથ્યાત્વ તજવું પડે છે અને
સાધુ થવા પહેલાં સંસાર તજવો પડે છે.

મોક્ષે ગયેલા અને મોક્ષે જવા ઉદ્યત થયેલા જીવોનું શરણું
સ્વીકારી તેમના ઉપર જ પ્રીતિભક્તિને વિસ્તારવા
અને તેમની આજ્ઞાનું જ પાલન એક કર્તવ્ય માનવું,
એ મોક્ષે જવાના પ્રથમ સોપાનરૂપ સમ્યક્ત્વ છે.

## પરમાત્માનું આત્મામાં આંશિક દર્શન એ સમકીત.

સમકીત એ મુક્તિનું કારણ છે.

તે આવ્યાં પછી જીવને ભવમાં અથવા ભવોભવમાં ભમવાની ચિંતા રહેતી નથી, એટલા માટે શિવસુખ અથવા મોક્ષના સુખનો અર્થી ભવભીરૂ આત્મા, પ્રભુના આંશિક સ્વરૂપ દર્શનરૂપ સમકીતની માંગણી પહેલાં કરે છે. બધી બાહ્યવસ્તુઓ પરપરિણતિ રૂપ ઔદયિક પરમાત્માનો સેવક સંસારની કોઈ ચીજ ન માંગે, પરન્તુ એક મોક્ષનું - મહોદયનું શાશ્વત સુખ જ માંગે અને તેના અવન્ધ્ય કારણ રૂપ સમકીતની જ માંગણી કરે. સમકીતથી જ વૈરાગ્ય, સમતા, નમ્રતા, શાંતિ અને સમાધિ મળે, વળી અંતરના સુખનો ખજાનો ઉભરાય.

દર્શન વડે ધર્મરત્ન દેખાય છે,

જ્ઞાન વડે પરખાય છે અને ક્રિયા વડે જીવાય છે.

'તત્ત્વાર્થ શ્રદ્ધાન' એટલે તત્ત્વભૂત અર્થ જે જીવદ્રવ્ય, તેનું શ્રદ્ધાન - સન્માન તે સમ્યગ્દર્શન છે.

# સમ્યક્ત્વનું પરમ માહાત્મ્ય

સમ્યક્ત્વ એ ચિંતામણિ કે કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળું છે, કેમકે તે લૌકિક - ચિંતિત ફળ જ નહીં પણ પારલૌકિક અને ચિન્તનાતીત ફળને આપે છે.

તે વિશિષ્ટ જ્ઞાનસ્વરૂપ અથવા

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના શ્રદ્ધાનરૂપ છે.

'एगोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ।

एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥१॥'

'હું એકલો છું, મારું કોઈ નહિ' આ પ્રમાણે અદીન મનથી આત્માને શિખામણ આપી સમજાવવું, એ જ સમ્યક્ત્વ છે.

આત્મસાક્ષાત્કાર અથવા અનુભવ

આત્માનું સ્વસંવેદન એટલે સમ્યગ્દર્શન.

શરીરથી આત્માને ઉપયોગસ્વરૂપથી ભિન્ન માને, ત્યારે સમ્યક્ત્વ સહિત સામાયિક - પ્રતિક્રમણાદિ ધર્મ બને.

સમકીત અને શ્રુતસામાયિકમાં

મનોયોગ તથા વચનયોગની વિશુદ્ધિ રહે.

## સમકીતનાં પાંચ નામો

તત્ત્વશ્રદ્ધા, તત્ત્વસંવેદન, તત્ત્વરુચિ, દુઃખાંતકર, સુખારંભ.

## સમ્યક્ત્વને મળેલી ઉપમાઓ

ધર્મવૃક્ષનું મૂળ, ધર્મનગરનું દ્વાર, ધર્મમહેલનો પાયો,
ધર્મઅમૃતનું ભાજન, ગુણરત્નોનો ભંડાર,
ગુણસમુદ્રનો આધાર - એવી ઉપમાઓ મળેલી છે.

સમ્યક્ત્વથી શુદ્ધ તત્ત્વની ગવેષણા પ્રગટે છે, શ્રુતજ્ઞાનની પિપાસા જાગે છે, ઉપાસનામાં તન્મયતા આવે છે અને સર્વ સમર્પણનો ભાવ જાગે છે. દેવ-ગુરુ-ધર્મ એ જ સર્વસ્વ છે, એમ સમજાય છે. સમ્યક્ત્વ એ મુક્તિબીજ - દિદૃક્ષા એ ભવબીજ છે. સમ્યક્ત્વથી બધા પ્રકારની સાધના આત્મલક્ષી બને છે, ગુણ - ગુણી પ્રત્યેનો ઉપેક્ષાભાવ ટળી જાય છે, ગુણાનુરાગ જાગે છે, પરલોકપ્રધાનતા આવે છે અને પ્રવૃત્તિમાત્ર આત્માનુલક્ષી બને છે. વળી ભવાભિનંદિતા, અનુબંધ હિંસા, કૃષ્ણાદિ લેશ્યા, રૌદ્ર પરિણામો ન રહે.

## સમ્યક્ત્વના ચાર પગથિયાં

સમ્યક્ત્વ એટલે દૃષ્ટિશોધન. એનું પ્રથમ પગથિયું એટલે
સારાને સારું અને ખરાબને ખરાબ માનવું ઉપરાંત
સત્યને સત્ય અને અસત્યને અસત્ય રૂપે સ્વીકારવું.

સમ્યક્ત્વનું બીજું પગથિયું એટલે
ખરાબને છોડવું અને સારાને જીવનમાં ઉતારવું.

ત્રીજું પગથિયું છે ઉપાસના અર્થાત્
વૃત્તિશોધન માટે વિશિષ્ટ સાધના કરવી એટલે કે
દીક્ષા - વ્રતપાલન અર્થે શ્રમણોપાસક બનવું.

સમ્યક્ત્વનું ચોથું પગથિયું છે સંપૂર્ણ મહાવ્રતધારી બનવું.

ભગવાનના ચિન્તનથી આધ્યાત્મિક સ્નાન થાય છે,
તેથી બહુ જ પ્રસન્નતાનો અનુભવ થાય છે.
આ પ્રસન્નતા શા કારણ છે, કેવી રીતે પ્રાપ્ત થાય?
એ ચર્ચાનો વિષય નથી પરંતુ અનુભૂતિનો વિષય છે.
'મિચ્છત્તં પરિહરહ, ધરહ સમ્મત્તં ।' પ્રભુઆજ્ઞાને માનો,
તે આજ્ઞા માનવા મિથ્યાત્વને છોડી સમ્યક્ત્વને ધારો.

(૧) જીવ જ્યારે સમકીત પામે, ત્યારે એના રુચિના પરિણામ હોય કે : શ્રી અરિહંત દેવે ભાખેલું તે જ સાચું અને શંકા વગરનું. એમણે દેખેલું અને ભાખેલું છે, તેમાં ફેરફાર ત્રણે કાળમાં ન થાય.

સમકીત બાદ પછી વ્રત ક્યાંથી રહે?

(૨) સમકીતના પાંચ લક્ષણોમાં

સમકીતનું મુખ્ય લક્ષણ તો આસ્તિક્ય જ છે. એ પછી સાધકમાં ક્રમે ક્રમે બાકી ચાર લક્ષણો રૂપે અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ આવે. વાત્સલ્ય એ અનુકંપા લક્ષણના પેટામાં ગણાય. સમકીત એ વ્રતનો પાયો છે અને સાધર્મિક વાત્સલ્યની ખામી એ સમકીતના અભાવની ખામી છે. મન વિનાના સર્વ જીવોને તથા મનવાળા પણ ધર્મરુચિ વિનાના જીવોને મિથ્યાત્વ હોય છે. તે સત્યતત્ત્વના અભ્યાસથી અને સ્વાનુભૂતિ સહિત આત્માનુભવ રૂપ સમકીત ગ્રહણથી દૂર થાય છે.

## સમ્યગ્દર્શન એટલે...

સંકલ્પ - વિકલ્પનો નાશ કરનાર એવો સમ્યક્ સંકલ્પ.

જિનભક્તિનું મૂળ તથા ફળ સમ્યગ્દર્શન કે સદ્‌વિવેક છે.

### દશ પ્રકારનાં સમ્યગ્દર્શન

આજ્ઞા, માર્ગ, બીજ, ઉપદેશ, સૂત્ર, સંક્ષેપ,
વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમ અવગાઢ.

### સમ્યગ્દર્શનનું કારણ તથા ઉપાય

માત્ર શુભ ભાવ જ નહીં પણ આત્મતત્ત્વની સમજણ પણ સાથે હોય, એ સમ્યગ્દર્શનનું મુખ્ય કારણ છે.

આત્માના સાચા સ્વરૂપને નહીં સમજનાર
શુભ ભાવ એટલે કે પુણ્યને પવિત્રતા માને છે.

આત્માના સ્વરૂપને સમજનાર શુભ-અશુભભાવરહિત
એટલે કે મિથ્યાત્વ, રાગ-દ્વેષરહિત સંપૂર્ણ
અકષાયભાવ - વીતરાગતાને પવિત્રતા માને છે.

સમ્યગ્દર્શનનો ઉપાય વ્રત નહીં પણ જ્ઞાન છે.

જ્ઞાનનું સાધન ગુરુ, શાસ્ત્ર અને ઉપદેશ ઇત્યાદિ છે.

તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

નિશ્ચયથી 'શુદ્ધ આત્માનો પ્રતિભાસ'
તે સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ છે.
અભેદ દૃષ્ટિમાં આત્મા તે જ સમ્યગ્દર્શન છે.
સમ્યગ્જ્ઞાનથી અધિગમ, અજ્ઞાનનાશ, ઉપેક્ષા,
રાગ-દ્વેષરહિતતા, સુખ, સંતોષ આદિ ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીનો સંકલ્પ : 'હું મને જાણું છું'
સદા સ્વરૂપપણાંનો નિશ્ચય, તે જ્ઞાનીનો સંકલ્પ છે.

જ્ઞાનીનો વિકલ્પ : સંયોગના ભેદને ભિન્નપણે જાણતાં
પર તરફની વૃત્તિ ખેંચીને સ્વઆકાર જ્ઞાનમાત્રનો
અનુભવ કરવો, તે જ્ઞાનીનો વિકલ્પ છે.
રાગ-દ્વેષ અને ભૂલવાળી અવસ્થા વખતે પણ
આત્માનો શુદ્ધ - જ્ઞાયક - સ્વભાવ પ્રકાશમાન છે.

સમ્યગ્ચારિત્ર : ઈંદ્રિયો તરફના ખેંચાણ વિના સ્વરૂપ
સન્મુખ સાંશે સ્થિરભાવ વર્તે, તે સ્વરૂપાચરણ રૂપ
સમ્યગ્ વિકલ્પ છે, તે જ્ઞાનની ક્રિયા છે.

મૂળ ધર્મ વિતરાગ ભાવ છે.

સમ્યગ્દર્શન આવ્યાં પહેલાં કે પછી શુભભાવરૂપ વ્યવહાર આવે ખરો. વ્યવહારને જાણ્યા વિના સીધું પરમાર્થમાં પહોંચી ન જવાય પણ તે વ્યવહારથી ગુફા ઉઘડે નહીં, ગુફા તો નિશ્ચયથી જ ઉઘડે.

કેવળ કાયાની ક્રિયા અને કેવળ વાચાનું જ્ઞાન- એ બન્ને મોક્ષમાર્ગમાં નિષ્ફળ છે. ક્રિયા જ્ઞાનપૂર્વક કે જ્ઞાનહેતુએ જોઈએ. જ્ઞાન ક્રિયાપૂર્વક કે ક્રિયાના હેતુએ હોવું જોઈએ, તો જ બન્ને સફળ થાય છે. અન્યથા એક ક્રિયાજડ છે, બીજો શુષ્કજ્ઞાની છે. એક મતાર્થી છે, એક માનાર્થી છે. જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે, તે સમજે અથવા સમજવાની કામના રાખે. જ્યાં જ્યાં જે આચરવાનું હોય, તે જ આચરે.

'જ્ઞાન પોતે છે અને જ્ઞેય પર છે' એવું ભેદજ્ઞાન જેને છે, તે રાગાદિ ભાવોમાં અટકતો નથી. જ્ઞેયભાવને જ્ઞાનસ્વરૂપ માનવાથી મિથ્યાદૃષ્ટિ બને છે.

## સમ્યગ્દર્શન મોક્ષની જડ છે,

## તે આત્માની પૂર્ણ પવિત્રતા મેળવી આપે છે.

સ્વસ્વરૂપની યથાર્થ પ્રતીતિ = સમ્યગ્દર્શન થાય છે.
પ્રશમાદિ સમ્યગ્દર્શનનાં ખરાં (નિશ્ચય) લક્ષણ નહિ.
ખરું (નિશ્ચય) લક્ષણ પોતાના શુદ્ધાત્માની પ્રતીતિ છે.
સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને પરમાર્થે ત્રિકાળી શુદ્ધ,
ધ્રુવ, અખંડ, ચૈતન્યસ્વરૂપ માને છે. તત્ત્વનું સ્વરૂપ
યથાર્થ સમજવાથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જે
પદાર્થ જેમ અવસ્થિત છે, તેમ તેનું હોવું તે 'તત્ત્વ' છે
અને તેનો નિશ્ચય તે 'તત્ત્વાર્થ' છે.

'હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા, શાંતિસ્વરૂપ છું.
આ રાગ છે, તે મારામાં રહેવા માટે નથી,
પરન્તુ જવા માટે જ છે, કારણકે તે વિભાવ છે, મારું
સ્વરૂપ નહિં એમ આત્મસ્વરૂપ પ્રત્યે રૂચિની દૃઢતા
અને અભેદ સ્વરૂપનું ઓળખાણ થાય, ત્યારે સમ્યગ્દર્શન-
જ્ઞાન - ચારિત્ર પ્રગટ થઈને બંધનમાંથી છૂટી જાય છે.

## સંશય એ સમ્યગ્ત્વનો દોષ છે.

જીવ પોતાના વિપરીતપણાને જાણી શકે છે,
છતાં તેને ટાળવાનો પ્રયત્ન કરે નહીં અને એમ માને
કે કર્મ પાતળાં પડે અને માર્ગ આપે તો ધર્મ થઈ શકે,
તો તે જૂઠ છે અને ત્યાં સંશય ટળતો નથી, કારણકે
પોતે જડ કર્મ કે તેના ઉદયને કે રસને દેખતો નથી,
ત્યાં તેને પડી જવાનો ભય ટળે નહીં.
દ્રવ્યની અવસ્થા પોતાના કારણે બદલાય છે,
એમ ન માનતાં કર્મના કારણે પલટાય છે,
એમ માને, તેનો સંશય ટળે નહીં; નિશ્ચય થાય નહીં.
તે વિના પુરુષાર્થ ન થાય અને
પુરુષાર્થ વગર કદી ધર્મ કે સમ્યગ્દર્શન થાય જ નહીં.
વ્રતોના પાયામાં સમ્યગ્દર્શન છે,
તેના આચરણમાં ઉપગૂહ, નિરીકરણ અને
વાત્સલ્ય - પ્રશંસા, સ્થિરીકરણ અને પ્રેમ આવે છે.
સમકિતના પાંચ લક્ષણોમાં અનુકંપા આવે છે.

પોતાના ઉપાદાનની તૈયારીમાં સહેજે
અખંડનું જ્ઞાન થતાં જ્ઞાનની સ્થિરતાનો વ્યવહાર આવે.
વચ્ચે સાચા નિમિત્તોનું બહુમાન
પોતાના ગુરુની રુચિ ખાતર આવે છે.
'વર્તમાન ક્ષણિક અવસ્થામાં વિકારી દેખાય છે, એટલો
જ હું નહિ. એ વિકારી અવસ્થા મારું સ્વરૂપ નહિ.'
અખંડના લક્ષે ભેદને ગૌણ કરી અખંડ સ્વભાવના જોરે
નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.
સમ્યગ્દૃષ્ટિ એ પર્યાયદૃષ્ટિને દ્રવ્યદૃષ્ટિના જોરે
નાશ પામવાવાળી અર્થાત્ અભૂતાર્થ માને છે.
સમ્યગ્દર્શન ભેદજ્ઞાનથી પણ અધિક છે,
કેમકે તેમાં તત્ત્વરુચિનો સમાવેશ છે.
પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન સ્વભાવના
શ્રદ્ધાન અને જ્ઞાન - તે સમ્યગ્દર્શન.
જે જીવો તત્ત્વોનો નિર્ણય કરવા માટે
પોતાના જ્ઞાનમાં પુરુષાર્થ કરે, તેને સાચી શ્રદ્ધા થાય છે.

જેઓ પરલોકોને જ જાણવા માટે જ્ઞાનને રોકે છે,
તેઓને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન થતું નથી.

ક્ષયોપશમ જ્ઞાન જ્યાં લાગે, ત્યાં એક જ્ઞેયમાં જ લાગે છે. જો પોતાના સ્વરૂપને જાણવા તરફ તે જ્ઞાનને લગાડે, તો સ્વસ્વરૂપનું જ્ઞાન થાય. પરદ્રવ્યો અનંતાનંત છે. એકેએક જ્ઞેયમાં રોકે, તો કદી તેનો અંત આવે નહીં. એક સ્વને યથાર્થપણે જાણ્યા વગર પરનું યથાર્થ જ્ઞાન થતું નથી, તેથી જે જે સંસારી જીવો પોતાનો પુરૂષાર્થ સ્વજ્ઞેય તરફ વાળતાં નથી, તે સૌ સંસારી જીવોને યથાર્થ શ્રદ્ધા તથા જ્ઞાન થતાં નથી. સમ્યગ્દર્શન તે જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય ગુણોનો આધાર છે. જેમ આત્મદ્રવ્ય વિના જ્ઞાનાદિ ગુણો રહેતાં નથી, તેમ સમ્યગ્દર્શન વિના જ્ઞાનાદિ ગુણોને સમ્યક્પણું પ્રાપ્ત થતું નથી. સમ્યગ્દર્શન સર્વ ગુણોનો આધાર છે.

નગરમાં પ્રવેશવાનો ઉપાય દરવાજો છે, તેમ જ્ઞાનાદિ ગુણોને આત્મામાં પ્રવેશ કરવાનો દરવાજો સમ્યગ્દર્શન છે.

## કેવું જ્ઞાન અપેક્ષિત છે?

સમ્યગ્દર્શન = સમ્યક્ પ્રકારે સામાન્યથી જોવું.

સમ્યગ્જ્ઞાન = સમ્યક્ પ્રકારે વિશેષથી જોવું.

સમ્યગ્ચારિત્ર = સમ્યક્ પ્રકારે વર્તવું.

જીવમાત્રમાં રહેલું સમાન જીવત્વ જોવું, જાણવું એટલું જ માત્ર જ્ઞાન અપેક્ષિત છે. એ જ્ઞાન ન હોય અને જાણું બધું જ્ઞાન હોય, તો ય ચારિત્ર ક્રિયા ન આવે. જીવાદિ તત્ત્વને જાણી તેને સમ્યક્ત્વ થાય, ભાવથી સદ્દહે તેને પણ થાય. ભાવથી સદ્દહવું એટલે ભદ્રક પરિણામી, સરલ-આશય પરિણામી, ન્યાયી, સત્યને સ્વીકારનારા થવું. જીવના જીવત્વ, સિદ્ધત્વ, સાધુત્વ, તીર્થંકરત્વને જાણવું, તેનું જ નામ જીવાદિ નવ તત્ત્વોનું જ્ઞાન.

* ઇંદ્રિય અને મનના સંયોગથી
જે બુદ્ધિપૂર્વક બોધ થાય છે, તે જ્ઞાન છે.
સંજ્ઞા અને આત્માનુભવથી અબુદ્ધિપૂર્વક
જે જ્ઞાન થાય છે, તે દર્શન છે.

દર્શન એટલે પોતાને પરિપૂર્ણ માનવું.
જ્ઞાન એટલે પોતાને ત્રિકાલિક શુદ્ધ સ્વભાવ તથા
વર્તમાનમાં થતી શુદ્ધતા - રહી ગતી અશુદ્ધતાને જાણવા.
ચારિત્ર એટલે પોતાનામાં અત્યારે બાકી રહેતાં
અશુદ્ધ એટલે શુભાશુભ ભાવને ઝેર સમાન ગણીને
તેને ટાળવાના પુરૂષાર્થમાં જ તલ્લીન રહેવું.
સાધ્ય = દર્શન, જ્ઞાન, ચારિત્રનો સમન્વય.
ચારિત્ર = ક્રિયા, જ્ઞાન = બુદ્ધિ, દર્શન = હૃદયનાં ભાવ.
જીવનું જ્ઞાનશરીર સદા અચલ છે, સદા નિરાકુળ છે.
સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ જ અવધિ વગેરે
વિશિષ્ટ જ્ઞાન, યથાખ્યાત ચારિત્ર અને અતિશય
કર્મની નિર્જરા કરાવનાર તપ - વગેરે સર્વ આવે છે.
જ્ઞાન એ બુદ્ધિ (intellect) ઉપર નિર્ભર છે.
શ્રદ્ધા એ અનુભવ (experience) ઉપર સ્થિત છે.
વિજ્ઞાન (science) એ બુદ્ધિ ઉપર સ્થિર છે.
ધર્મ એ વિશ્વાસ (faith) ઉપર નિર્ભર છે.

સમ્યગ્જ્ઞાન એ સર્વ જીવોને આત્મરૂપે જાણવા રૂપ છે,
સમ્યગ્દર્શન એ સર્વ જીવોને આત્મરૂપે જોવા રૂપ છે.

જૈન દર્શન તો આપણા બધાને પ્રત્યેક જીવના પર્યાયો અને ગુણોને પણ દ્રવ્યની દૃષ્ટિથી અને શક્તિની દૃષ્ટિથી ઉત્કૃષ્ટતાથી જોવાનું શીખવે છે. પરંતુ તે વૈષમ્ય દ્રવ્યદૃષ્ટિવાળાને માયારૂપ લાગે છે, તેથી સમ્યગ્જ્ઞાની મર્યાદાની અંદર મૂંઝાતો નથી. ગુણ એ ક્ષયોપશમભાવથી પ્રગટ થતી આત્મશક્તિ છે. શક્તિ એ શક્તિમાનથી જુદી નથી, તેથી ભિન્ન ભિન્ન નયો વડે થતો ભિન્ન ભિન્ન શક્તિનો બોધ જ્ઞાનીને મૂંઝવનારો થતો નથી. જેઓ દર્શનોના જુદાં જુદાં નિરૂપણો જોઈને મૂંઝાય, તેઓ વસ્તુમાં રહેલા અનંત ધર્મોથી અજાણ છે. અનંત ધર્મોનું પ્રતિપાદન કરનારાં અનંત દર્શનો પણ સમ્યગ્જ્ઞાનીને મોહ ઉત્પન્ન કરી શકતાં નથી. ષડ્દર્શન તો અનંત દર્શનોનો સંગ્રહનયથી વિચાર છે, તેથી તે તે દર્શનો વસ્તુનો પૂર્ણબોધ કરાવવા માટે ઉપકારક છે.

<u>કૃષ્ણને તીર્થંકર નામકર્મ બંધાવનાર</u>

<u>ક્ષાયિક સમ્યક્ત્વને કરાવનારે 'પ્રભુ પુરુષોત્તમ' વિશિષ્ઠ છે.</u>

લૌકિક બ્રહ્મા એ જ્ઞાનનું પ્રતીક છે,
લૌકિક વિષ્ણુ એ વ્યાપકતાનું પ્રતીક છે.
લૌકિક ઈશ્વર-માયા એ વિશિષ્ટ ચૈતન્ય છે, તે સમ્યગ્-દૃષ્ટિનું સ્વરૂપ છે. વ્યાપક ભાવ સમ્યગ્દૃષ્ટિને હોય.
ન્યાયબુદ્ધિ વિના સમદર્શન, સમદર્શન વિના સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન વિના સમ્યક્ચારિત્ર ન હોય.

<u>ચાર કષાયો તથા ચાર પ્રકારના ધર્મ</u>

સમ્યગ્દર્શન ગુણ ક્રોધકષાયનો નિગ્રહ કરે છે.
સમ્યગ્જ્ઞાન ગુણ માનકષાયનો નિગ્રહ કરે છે.
સમ્યગ્ચારિત્ર ગુણ માયાકષાયનો નિગ્રહ કરે છે.
સમ્યક્તપગુણ લોભકષાયનો નિગ્રહ કરે છે.
૯ તત્ત્વનું જ્ઞાન, ૯ પદનું આરાધન,
૯ ગુરુનું સેવન, ૯ બ્રહ્મગુપ્તિનું પાલન એ અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની જ આરાધના છે.

'સવિ જીવ કરું શાસનરસી'નો અર્થ છે કે...

સર્વ જીવોને હું સમ્યગ્દર્શન પમાડી મોક્ષરુચિવાળા બનાવું.

સમકિત = આસ્તિક્ય, જિનોક્ત તત્ત્વો પર નિઃસંદેહતા.

આસ્તિક્યનો અપર પર્યાય આત્મસમદર્શિત્વ છે.

'આત્મસમદર્શિત્વ' જેનામાં હોય, તેને જ તે હોઈ શકે.

'સૌનો આત્મા મારા જેવો જ છે' એવું સચોટ ભાન તથા

એક કીડીમાં રહેલ જીવને પણ જે આત્મસમ ન ગણે,

તેનામાં જીવતત્ત્વ સંબંધી શ્રદ્ધાન વાસ્તવિક ન ગણાય.

એમાંથી જ પરદુઃખ દૂર કરવાની અનુકંપા પ્રગટે છે.

ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ વિના દુઃખ દૂર ન થાય.

'સર્વને મોક્ષાભિલાષ અને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ!'

એ જો આવે, એટલે ક્રૂર કષાયોનો ઉદય ટકે નહીં

તથા ઉપશમ ગુણની સ્વાભાવિક જ પ્રાપ્તિ થાય.

જીવમૈત્રીનું અમૃત તથા ધર્મરૂપી મહાપ્રાસાદના જે પાયા

એટલે 'આત્મતુલ્ય પરજીવ' એવી સમજણ હોવી અને

'પર પ્રત્યે આત્મતુલ્ય વર્તન' હોવું.

સ્વરૂપની અને ધર્મસ્વરૂપની વ્યાખ્યા + સમીક્ષા ઇ.

ધર્મ = શુભભાવ = જ્ઞાન - દર્શન - ચારિત્રની એકતા.
જ્ઞાનની પીળાશ, દર્શનની ચીકાશ અને ચારિત્રની ભારાશ.

o

Creative awareness = સમ્યગ્જ્ઞાન.
Creative understanding = સમ્યગ્દર્શન.
Creative movement = સમ્યગ્ચારિત્ર.

cosmos હોય ત્યાં chaos ભાગ્યું, અંધકારને પૂર્ણ ખાળ્યું, relationshipની સમજણનો અભાવ હોય, એ સઘળું 'મિથ્યાત્વ' છે.

Ignorance is the darkness of chaos and knowledge is the light of cosmos. સમ્યગ્દર્શનનું પ્રથમ ચિહ્ન જીવત્વની similarity and purposeની sameness દર્શાવે છે.

તે પછી chaosની cosmos થાય છે.

# રત્નત્રયી સાધવાના ત્રણ પર્વ

પર્યુષણ પર્વ એ સમ્યગ્દર્શનનું પર્વ છે,
જ્ઞાનપંચમી એ સમ્યગ્જ્ઞાનનું પર્વ છે અને
મૌન એકાદશી એ સમ્યક્ચારિત્રનું પર્વ છે.

સમ્યગ્દર્શન - યમુના, સમ્યગ્જ્ઞાન - સરસ્વતી અને
સમ્યક્ચારિત્ર - ગંગારૂપ છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ એ ચતુર્વિધ આરાધના
રૂપી આત્માની પોતાની પદ્ધતિ હોવાથી આત્માના ઘરમાં
સદાકાળ વસે છે, તે ઘેર ચાર દિકરા રૂપી સુખ છે.

આત્માને ઓળખવો તે સમ્યગ્દર્શન અથવા
અલંકારોના સમૂહમાં સુવર્ણપણાંનો ઉપયોગ તે દર્શન,
સુવર્ણપર્યાયમાં અલંકારોનો યોગ તે જ્ઞાન અને
સ્વરૂપમાં રમવું તે સમ્યગ્ચારિત્ર અથવા
દર્શન-જ્ઞાન ઉભયમાં રમણતારૂપ આત્મત્વ તે ચારિત્ર છે.

પોતાને રાજપુત્ર તરીકે કે સિંહબાળ - સાવજ તરીકે
ઓળખવો, તે સમ્યગ્દર્શન થવું.

આત્માને ઓળખીને સમદર્શી થવું, એ સમ્યગ્જ્ઞાન.
તે જ્ઞાન જ મોક્ષ મેળવવામાં ઉપયોગી થાય છે. જેને
આવું જ્ઞાન ઉત્પન્ન થયું નથી, તે જિનોપદિષ્ટ ક્રિયાઓ
શુદ્ધ રીતે કરી શકતો નથી. તે ક્રિયાઓ આત્મદર્શક
માટે છે. તેને ટૂંકમાં છ આવશ્યક નામથી સંબોધ્યાં છે.
આ છ ક્રિયાઓને જીવનવ્યાપી બનાવવા જોઈએ.

છ આવશ્યકથી કયા આચારની શુદ્ધિ થાય?

સામાયિકથી ચારિત્રાચારની, ચઉવિસત્થોથી દર્શનાચારની,
ગુરુવન્દનથી જ્ઞાનાચારની, પ્રતિક્રમણથી દર્શન-જ્ઞાન-
ચારિત્રાચારની, કાયોત્સર્ગથી શેષજ્ઞાન ચારિત્રાચારની,
પચ્ચક્ખાણથી તપાચારની તથા
છ આવશ્યકથી વીર્યાચારની શુદ્ધિ થાય.

'સમ્યગ્દર્શનમ્ શુદ્ધચૈતન્યસ્વરૂપાત્મ-
તત્ત્વવિનિશ્ચયબીજમ્, મોક્ષસ્ય એકં બીજં સમ્યગ્દર્શનમ્'।
અર્થાત્: શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વના નિશ્ચયનું કારણ
સમ્યગ્દર્શન છે. મોક્ષનું એકમાત્ર બીજ પણ તે છે.

## જ્ઞાનના પાંચ પર્યાયવાચક શબ્દો

આત્મજ્ઞાન, આત્મવિદ્યા, બ્રહ્મજ્ઞાન, રહસ્યજ્ઞાન, યોગજ્ઞાન.

આરાધકમાં જેમ વીતરાગ ભાવના, ત્યાગાદિ જોઈએ, તેમ ભક્તિ ભાવના - અનુકંપા - દયાર્દ્રતા - કોમળતા - કરૂણા વગેરે પણ જોઈએ. તે વિના તત્ત્વજ્ઞાનનો લાભ ન થાય.

લોકમાં 'જ્ઞાન' શબ્દનો પ્રયોગ બુદ્ધિમાત્રમાં કરાય છે.

શાસ્ત્રોમાં આત્મવિષયક જ્ઞાનને જ 'જ્ઞાન' કહ્યું છે,

બાહ્ય જ્ઞાનને 'વિજ્ઞાન' કહ્યું છે.

યોગાદિ જ્ઞાન અને પ્રયોગાદિ વિજ્ઞાન.

જ્ઞાન - વિજ્ઞાનના યથાર્થ ઉપયોગને સમ્યગ્જ્ઞાન તથા તેના અયથાર્થ ઉપયોગને મિથ્યાજ્ઞાન કહે છે.

જ્ઞાન વિનાનું વિજ્ઞાન શૈતાન, વિજ્ઞાન વિનાનું જ્ઞાન હેવાન.

જ્ઞાનથી નિર્વાહ અને વિજ્ઞાનથી નિર્માણ.

દૃષ્ટિ એટલે વલણ, સમ્યગ્દૃષ્ટિ એટલે સાચું વલણ.

સાચું વલણ એ જ્ઞાનનો પર્યાય નથી, પરન્તુ જ્ઞાનપ્રાપ્તિ માટે આવશ્યક એવું પહેલું પગથિયું છે.

## ધર્મ ચતુષ્પદ

દર્શન માટે જ જોવું, જ્ઞાન માટે મૌન જ રહેવું.
ચારિત્ર માટે અપ્રમાદ, તપ માટે મજબૂત શ્રદ્ધા કેળવવી.

જે છે, તે જોવું = સમ્યગ્દર્શન.

જે જોવા માંગીએ, તે જોવું = મિથ્યાદર્શન.

જ્ઞાનથી વિચાર, દર્શનથી સત્યાનુભૂતિ અને ચારિત્રથી સમતા મળે. વિચાર અને મનની વૃત્તિની સંવાદિતા એ સમજ. આ સમજ સ્વભાવથી જ આવે.

તત્ત્વદર્શનને નીચેના 3 શબ્દોથી પણ ઓળખાવાય છે: યોગજ્ઞાન, ઋતંભરા પ્રજ્ઞા તથા કેવળજ્ઞાન. તેની દૃઢ શ્રદ્ધાને 'સમ્યગ્દર્શન' કે 'તત્ત્વ શ્રદ્ધા' કહેવાય છે.

'આદા હું મહં નાણે, આદા મે દંસણે ચરિત્તે ય |
આદા પચ્ચક્ખાણે, આદા મે સંજમે જોગે || ૧ ||'

સર્વ જીવો સાથે આત્મતુલ્યભાવ એ જ જ્ઞાન, એ જ દર્શન, એ જ ચારિત્ર, પચ્ચક્ખાણ અને એ જ સંજમ છે.

જ્ઞાનનું ફળ સાયુજ્ય - મુક્તિ છે.

જૈન દર્શન જેને 'મિથ્યાત્વ' કહે છે,
ન્યાય-વૈશેષિક તેને મિથ્યાજ્ઞાન, વેદાંત તેને અવિદ્યા,
યોગસાંખ્ય તેને પ્રકૃતિ-પુરુષનું અભેદ જ્ઞાન કહે છે.
અહીં કર્મની બંધકતા, કર્મલેપ પેદા કરવાની શક્તિ તો
ફક્ત રાગ-દ્વેષના કારણે જ આવે છે.
રાગ-દ્વેષનો ઘટાડો કે અભાવ થતાં જ મિથ્યાજ્ઞાન,
અજ્ઞાનતાદિ ઘટવા લાગી સંપૂર્ણ નાશ પણ પામે છે.
રાગ-દ્વેષનો નાશ કરવાનાં ઉપાયો બે અથવા ત્રણ છે:
જ્ઞાન-ક્રિયા અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.
તેમાં જ કર્મ, ભક્તિ, જ્ઞાન અને યોગમાર્ગ સમાય છે.
સમ્યક્ક્રિયા યા ચારિત્રમાં કર્મ અને યોગ તથા
સમ્યગ્દર્શનમાં ભક્તિ અને જ્ઞાન અંતર્ગત થઈ જાય છે.
સમ્યક્ક્રિયામાં મનોનિગ્રહ-ઇંદ્રિયજયાદિ સાત્ત્વિક કર્મો છે
અને ચિત્તશુદ્ધિ માટે થતી સત્પ્રવૃત્તિ તે યોગમાર્ગ છે.
જ્ઞાન અને ક્રિયાથી રાગ-દ્વેષ ઘટે છે,
કેમકે તે મિથ્યાજ્ઞાન અને અસત્પ્રવૃત્તિના પ્રતિપક્ષ છે.

## સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રનો અર્થ

'બધા આત્મા મારા આત્મા જેવા છે'
એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે.
'મારો આત્મા નિશ્ચયથી પરમાત્મા જેવો છે'
એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.
'પરમાત્મા બધા આત્માઓના આત્મા છે'
એવી પ્રતીતિપૂર્વકનું વર્તન તે સમ્યક્ચારિત્ર છે.
બધા જીવોને પોતાના સમાન જાણવા, જોવા
અને તે મુજબ વર્તન કરવું, તે <u>વ્યવહાર રત્નત્રય</u> છે.
પોતાના આત્માને પરમાત્મરૂપે જાણવો, જોવો
અને અનુભવવો તે <u>નિશ્ચય રત્નત્રય</u> છે.

## સમ્યગ્દર્શન એટલે બોધિ.

જે જીવમાં બોધિ પ્રધાનપણે છે, તે 'બોધિસત્ત્વ'.
બંનેનો સંકલ્પ બહુ નીચે પ્રમાણે અને સમાન:
'હું ઉત્તમ બોધિથી યુક્ત થઈ મોહાન્ધકારમાં ડૂબેલાં
દુઃખી જીવોને મુક્ત કરવા યથાશક્તિ પ્રયત્ન કરીશ.'

## ચતુર્વિધ માર્ગ કોને કહેવો ?

(૧) દેવ, ગુરુ, શાસ્ત્ર કે જીવાદિક તત્ત્વોની
શ્રદ્ધાને 'સમ્યગ્દર્શન' કહેવું.

(૨) દેવ, ગુરુ, શાસ્ત્રના કે જીવાદિ તત્ત્વોના
જ્ઞાનને 'સમ્યગ્જ્ઞાન' કહેવું.

(3) ૫ મહાવ્રત, ૫ સમિતિ, 3 ગુપ્તિને 'સમ્યક્ચારિત્ર' કહેવું.

(૪) બાર પ્રકારના બાહ્યાભ્યંતર તપને 'સમ્યક્તપ' કહેવું.

અપેક્ષાનો સ્વીકાર એ સમ્યગ્દર્શન છે તથા
વચનનો વિચાર એ સમ્યગ્જ્ઞાન છે.

નિષ્કપટભાવે, આત્માર્થીએ બુદ્ધિ કેવલ આત્મકલ્યાણની
ભાવનાથી થતાં સત્કર્મ 'જ્ઞાનયોગ' કહેવાય છે.
માયાશલ્ય એ જ્ઞાનયોગને બાધક છે.

કોઈપણ વચન કે વિચાર સ્યાત્પદપૂર્વક હોય,
તો તે સમ્યગ્જ્ઞાન રૂપ બને છે.

સ્યાત્ એટલે વિશેષિત. અપેક્ષાએ નિયોજિત થયું વાક્ય
નિરભિનિવેશિતાનું કારણ બને છે.

પ્રશ્ન: સમ્યગ્દ્રષ્ટિ પણ વિષયાદિમાં પ્રવર્તે છે,
તે વખતે તેને ૭ તત્ત્વોનો વિચાર જ નથી,
તો શ્રદ્ધાન કેવી રીતે સંભવે? તેનો ઉત્તર એ છે કે:
વિચાર ઉપયોગ આધિન છે, જ્યારે શ્રદ્ધાન પ્રતીતિરૂપ છે.
અન્ય જ્ઞેયોના ઉપયોગ વખતે કે શયનાદિ
ક્રિયા સમયે ૭ તત્ત્વોનો વિચાર નથી, તો પણ
તેની પ્રતીતિ તો કાયમ જ છે. જેમ કે:
'કોઈ એક રોગી પુરુષને એવી પ્રતીતિ છે કે હું
મનુષ્ય છું પણ ઢોર નથી. અમુક કારણથી મને આ રોગ
થયો છે, તે કારણને દૂર કરીને મારે નિરોગી થવું છે'
તે જ રોગી અન્ય વિચારમાં જોડાય, ત્યારે તેને આ
વિચાર હોતો નથી, તો ય શ્રદ્ધાન તો તે જ મુજબ કાયમ
રહે છે, તેમ 'હું આત્મા છું, પુદ્ગલાદિ નથી, આશ્રવોથી
બંધાયો છું. સંવરાદિથી નિર્જરા કરી મારે મોક્ષરૂપ થવું છે'
એવી પ્રતીતિ જેને છે, તે અન્ય વિચાર કે ક્રિયાદિ
રૂપે પ્રવર્તે, ત્યારે ય તે પ્રતીતિ + શ્રદ્ધાન સદા રહે છે.

પ્રશ્ન: શ્રદ્ધાન છતાં બંધનાં કારણોમાં કેમ પ્રવર્તે છે?

જેમ રોગી કારણવશ રોગ વધવાનાં કારણોમાં પ્રવર્તે, વ્યાપારાદિ કે ક્રોધાદિ કાર્યોમાં પ્રવર્તે, તો ય તેના શ્રદ્ધાનનો નાશ થતો નથી, તેમ પુરુષાર્થહીનતાથી વિષયસેવનમાં કે ક્રોધ આદિ કાર્યોમાં પ્રવર્તે, તો પણ તેના શ્રદ્ધાનનો નાશ થતો નથી. એ રીતે ૭ તત્ત્વોનો વિચાર ન હોય, ત્યારે પણ તેનું શ્રદ્ધાન અવશ્ય રીતે સંભવી શકે છે.

પ્રશ્ન: નિર્વિકલ્પ આત્માનુભવ વખતે ૭ તત્ત્વોના વિકલ્પો નથી, તો તે વખતે સમ્યક્ત્વનું લક્ષણ ક્યાં રહ્યું?

સમ્યક્ત્વનું લક્ષણ પ્રતીતિ છે, તેનો ત્યાં નિષેધ નથી, કિન્તુ પ્રતીતિ દૃઢ થઈને અને રાગાદિ પણ દૂર થઈ ગયાં છે, તેથી હવે સાત તત્ત્વના વિકલ્પોમાં ઉપયોગને લગાવવાનો ખેદ શા માટે કરવો? તત્ત્વોના વિકલ્પોમાં ઉપયોગ લગાવવાનું પ્રયોજન પ્રતીતિને દૃઢ કરવાનું તથા વિષયાદિનો રાગ છોડાવવાનું હતું, તે સિદ્ધ થવાથી દૃઢરૂપ પ્રતીતિ તો કાયમ જ છે, તેથી અવ્યાપ્તિ નથી.

પ્રશ્ન: ૭ તત્ત્વોની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન છદ્મસ્થને હોય પણ કેવળી કે સિદ્ધને તે પ્રતીતિરૂપ સમ્યક્ત્વ કેમ હોય? જો ન હોય, તો તે પ્રતીતિના અભાવમાં પણ સમ્યક્ત્વ આવ્યું કે નહીં?

ઉત્તર: છદ્મસ્થને જેમ શ્રુતાનુસાર પ્રતીતિ હોય, તેમ કેવળીને કેવળજ્ઞાનાનુસાર તે પ્રતીતિ હોય જ છે. પહેલાં શ્રુતાનુસાર જે સ્વરૂપ નિર્ણીત કર્યું હતું, તે જ કેવળજ્ઞાન વડે જાણીને પરમ અવગાઢ બન્યું. પૂર્વે શ્રદ્ધાન જૂઠું જાણ્યું હોય, તો અપ્રતીતિ થાત પણ તેમ તો થતું નથી. જ્ઞાનાદિકની હીનાધિકતા હોવા છતાં તિર્યંચાદિથી માંડી સિદ્ધ પર્યંત તત્ત્વોની પ્રતીતિ કાયમ જ રહે છે. કેવળી સિદ્ધ રાગાદિરૂપ પરિણમતાં નથી અને સંસાર અવસ્થાને ઇચ્છતાં નથી, તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું. કેવળી અન્ય પદાર્થોને પણ પ્રતીતિ સહિત જાણે, તોય તે મોક્ષના પ્રયોજનભૂત ૭ તત્ત્વો નથી. જેનું જ્ઞાન અને શ્રદ્ધાન સમ્યગ્દૃષ્ટિઓને એકસરખું જ હોય છે.

સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગ છે, તે મોક્ષમાં કેવી રીતે હોય?

ઉત્તર : કેટલાંક કારણો એવા હોય છે કે જે
કાર્ય સિદ્ધ થવા છતાં કાયમ રહે છે.
જેમ કોઈ વૃક્ષને એક શાખા વડે અનેક શાખાઓ થઈ,
તો પણ તે એક શાખા કાયમ રહી,
તેમ સમ્યક્ત્વગુણ વડે અનેક ગુણયુક્ત મોક્ષ અવસ્થા થઈ.
તે ગુણ રહેવા છતાં
બીજા અનેક ગુણો પણ રહી શકે છે,
તેમ સિદ્ધમાં પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ રહી શકે.

પ્રશ્ન : મિથ્યાદૃષ્ટિને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ હોય,
પરંતુ તે કાર્યકારી નથી, તેનો શો ખુલાસો?

ઉત્તર : મિથ્યાદૃષ્ટિને તે નામનિક્ષેપે હોય છે.
તત્ત્વાર્થ તથા શ્રદ્ધાનનો ગુણ તેમાં હોતો નથી અથવા
આગમ દ્રવ્યનિક્ષેપે હોય, એટલે તત્ત્વાર્થનાં પ્રતિપાદક
શાસ્ત્રોનો અભ્યાસ છે, તો પણ તેના સ્વરૂપનો
નિશ્ચય કરવામાં ઉપયોગને લગાવતો નથી.

પ્રશ્ન : દેવ - ગુરુ અને શાસ્ત્રની અચલ શ્રદ્ધા હોય,
તેને નિશ્ચય સમ્યગ્દર્શન કેમ નહીં ?

તેમની શ્રદ્ધા રાગ સહિત અને અવિચલ છે, તો પણ
તે પરદ્રવ્યમાં છે. સ્વદ્રવ્ય હજુ તેણે અનુભવ્યું નથી.
અચલ શ્રદ્ધા પણ રાગાશ્રિત અને
પરદ્રવ્યમાં હોવાથી તે વ્યવહાર સમકીત છે.
તેઓ સુખના સમુદ્રની આસપાસ ભમે છે, પરન્તુ
હજુ તેમણે સુખસમુદ્રમાં ડૂબકી મારી નથી.
કાંઠા પરના સુખને સમુદ્રનું સુખ માની લેવું, તે અજ્ઞાન છે.
જ્યારે સમુદ્રમાં ડૂબકી મારી તેના સુખનો અનુભવ કરશે,
ત્યારે કાંઠાનો મોહ આપમેળે છૂટી જશે.
પછી જે શ્રદ્ધા અનુભવાતી હશે,
તે નિશ્ચય, નિર્વિકલ્પ, શંકારહિત શુદ્ધ શ્રદ્ધા કહેવાશે.
વ્યવહાર સમ્યગ્દર્શન = શ્રદ્ધા, જોવું, આત્મજાગૃતિ થવી.
નિશ્ચય સમ્યગ્દર્શન = સમ્યક્ જોવું, સમ્યગ્ ભાન થવું,
સમ્યગ્ જાગૃતિ થવી વગેરે.

સમ્યક્ત્વનું પ્રતિપક્ષી મિથ્યાત્વ છે અને બીજું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરિત જ છે, એટલે તત્ત્વાર્થ અશ્રદ્ધાન રૂપ અથવા અતત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ લક્ષણથી વિપરિત 'તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ'માં અસંભવ દોષનો પરિહાર થઈ જાય છે. એવું શ્રદ્ધાન સમ્યગ્દૃષ્ટિઓને જ હોય છે. કોઈ પણ મિથ્યાદૃષ્ટિઓને હોતું નથી, તેથી

સમ્યગ્દર્શનનું તે જ સાચું લક્ષણ છે.

સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન મિથ્યાદૃષ્ટિને કદી પણ હોતું નથી. મિથ્યાદૃષ્ટિને આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે.

જેને જીવાજીવાદિ તત્ત્વોનું સાચું શ્રદ્ધાન હોય,
તેને આત્મજ્ઞાન કેમ ન હોય? હોય જ.
તે નથી, માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન પણ નથી.

અજ્ઞાનપૂર્વક આચરણને જૈન દૃષ્ટિએ 'આચાર'નું નામ અપાય નહિ. સદાચારની પ્રથમ જ શરત છે સમ્યગ્દર્શન. દૃષ્ટિ શુદ્ધ થયે જ જ્ઞાન 'સમ્યક્' કહેવાય જ છે, બાકી અર્થપ્રતિભાસ રૂપે જ્ઞાન તો સર્વ કોઈ કરે જ છે.

## સમ્યગ્જ્ઞાન કેવું અને કેટલું જરૂરી?

આધ્યાત્મિક પરિભાષામાં જ્ઞાન સમ્યગ્ ત્યારે જ કહેવાય,
જ્યારે મનુષ્ય વસ્તુનું મૂલ્યાંકન કરતાં શીખે. એનું
મૂલ્યાંકન લૌકિક નહીં, આધ્યાત્મિક દૃષ્ટિએ થવું રહ્યું.
મોક્ષપ્રાપ્તિની દૃષ્ટિએ હેયોપાદેયનો વિવેક અનિવાર્ય છે.
આવા વિવેક વિનાનું જ્ઞાન 'સમ્યગ્જ્ઞાન' કહેવાય નહીં.
જ્ઞાનની મર્યાદાનું પરિમાણ બતાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે:

'આચરણ માટે સમગ્ર વસ્તુનું તત્ત્વજ્ઞાન આવશ્યક નથી,
પરન્તુ જેનો ઉપયોગ આચરણ માટે અનિવાર્ય છે,
તેવું જ્ઞાન જરૂરી છે.'

ઓછામાં ઓછો આત્મ-અનાત્મવિવેક તો હોવો જ જોઈએ.
વિવેક સાક્ષાત્કાર કોટિનો નહીં પણ સંસારની અભિરુચિને
બદલે મોક્ષની અભિરુચિ પ્રબળ બને, એટલો જરૂરી છે.
પૂર્ણ જ્ઞાન તો મહાવ્રતોના અને તપશ્ચર્યાના
પાલનના પરિણામે થાય અને તે સાક્ષાત્કારરૂપ હોય છે.
સાક્ષાત્કારરૂપ જ્ઞાન પાછું સંપૂર્ણ ચારિત્રના કારણરૂપ બને છે.

'જીવમાત્રમાંનું જીવત્વ Potentially Divine છે'
એવી દૃષ્ટિનું નામ 'સમ્યગ્દૃષ્ટિ' છે.
'પુદ્ગલમાત્રમાં રહેલ જડત્વ Potentially undivine, hellish and harmful છે'
એવી દૃષ્ટિનું નામ 'સમ્યગ્દર્શન' છે.

ધર્મ એટલે શું? સિદ્ધચક્ર એટલે શું?

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાનાં સાધન તે ધર્મ છે.
આત્માદિ વસ્તુનું જ્ઞાન તે જ્ઞાન છે,
તેની દૃઢ શ્રદ્ધા તે દર્શન છે,
જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું, તે ચારિત્ર છે
અને સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો, તે તપ છે.
આ ૪ને ધર્મ કહેવાય છે.
આ ૪ને પાંચ પરમેષ્ઠિ સાથે મેળવતાં ૯ થાય છે.
તે ૯ના સમુદાયને 'સિદ્ધચક્ર' કહે છે.
તે ૯નો વાચક શબ્દ અર્હં છે.
અર્હં બીજરૂપ હોવાથી તેમાં સિદ્ધચક્રનો સમાવેશ થાય છે.

રાગાંશ બંધનકારક છે, જ્યારે
જ્ઞાનાંશ, દર્શનાંશ, ચારિત્રાંશ બંધનકારક નથી.

સમ્યક્ત્વ અને ચારિત્રની ઉત્પત્તિમાં
જે યોગ અને કષાય છે, તે બંધના હેતુ છે.
તેના અભાવમાં સમ્યક્ત્વ અને ચારિત્ર ઉદાસીન છે.
ચારિત્રમાં પણ દર્શન અને જ્ઞાન બે દોરડા છે તથા
એ બે દોરડાને ખેંચવાવાળો પુરુષ છે.
જ્ઞાનના દોરડાને શિથિલ કરવાથી તથા
દર્શનના દોરડાને દૃઢ કરવાથી ચારિત્રનું નવનીત નીકળે.

અવિરતિ સમ્યગ્દર્શન એટલે શું?

આત્માનું સ્વરૂપ જેવી રીતે જાણવામાં આવ્યું છે, તેવી રીતે પ્રત્યક્ષ કરવામાં સહાયભૂત કર્મ મલિનતાનો નાશ કરનાર, આવરણને હટાવનાર ક્રિયામાત્રના આશ્રય માટે ઉત્સાહ હજુ પ્રગટ્યો નથી, કેવળ જાણવા-સહવારૂપે તે માર્ગે જવા માટે હૃદયમાં જાગૃતિ થયેલ છે તે.
વિરતિ = વ્રતમાં રહેવું, ઇચ્છાઓને કાબુમાં રાખવી તે.

આત્માના - અસ્તિત્વના હોવાપણાંના
દૃઢ નિશ્ચયવાળાને જ 'સમ્યગ્દર્શન' ગણાય.
જડ - ચૈતન્યના વિવેકવાળાને 'સમ્યગ્દર્શી' કહેવાય.
વિવેક એટલે ભિન્નતા જ્ઞાન, જે વિચાર દ્વારા થવું જોઈએ.
જ્ઞાન દ્વારા સામાન્ય - ધ્યાન દ્વારા વિશેષ બોધ થાય.
સાંભળવા કે સિદ્ધાંત સૂત્રોથી થયેલું જ્ઞાન તે 'શ્રુતજ્ઞાન'.
ધ્યાનમાં વિચારવા લાયક પદાર્થો શ્રુતજ્ઞાનથી જણાય છે.

જ્ઞાન એ જીવાદિ તત્ત્વોનો બોધ છે,
દર્શન એ જીવાદિ તત્ત્વની શ્રદ્ધા કે
તેને કહેનાર દેવ - ગુરુ - શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા છે,
ચારિત્ર એ વીતરાગતા માટે પ્રયાસ છે અને
તપ એ ઇચ્છાનિરોધ છે.

સમ્યગ્જ્ઞાન = સર્વ જીવો - પદાર્થો સાથેના સંબંધનું જ્ઞાન,
ભાન = સમ્યક્ દર્શન, યોગ્ય વ્યવહાર = સમ્યક્ ચારિત્ર.
શુદ્ધ મનમાં શાંતિ અને શાંતિમાં આત્મદર્શન થાય.
આત્મદર્શન થવાની સાથે સંસારનો અંત આવે.

## દર્શનના સાધનો

વિનીતતા, વૃદ્ધાનુસારિતા, અક્ષુદ્રતા, દયાળુતા, માધ્યસ્થતા, સૌમ્યદૃષ્ટિતા, દાક્ષિણ્યતા, અક્રૂરતા, પ્રકૃતિસૌમ્યતા વગેરે.

દર્શનગુણ માટે જે તત્ત્વરુચિ જોઇએ,
તે અક્ષુદ્રતા ગુણના પાલનથી મેળવાય છે.

## જ્ઞાનના સાધનો

પંચેન્દ્રિયપૂર્ણતા - દીર્ઘદર્શિતા (મન)
કૃતજ્ઞતા - પરાર્થતા (હૃદય/ચિત્ત)
વિશેષજ્ઞતા - લબ્ધલક્ષ્યતા (બુદ્ધિ).

જ્ઞાનગુણ માટે જે બોધનાં સાધન જોઈએ,
તે મન - ઇંદ્રિય - ચિત્ત અને બુદ્ધિ વડે પૂરાં પડે છે.
જન્મ - મરણમાંથી મુક્તિ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

## ચારિત્રના સાધનો

ભીરુતા, અશઠતા, લજ્જાળુતા, ગુણરાગિતા, સત્કથતાદિ.
જે વર્તન વડે પાપભીરુતા, ગુણરાગિતા, નિર્દંભતા અને અનાર્યવર્જનતા સધાય છે, તે વર્તન ચારિત્ર સ્વરૂપ છે.

સચ્ચરિત્રના પાલન માટે પાપભીરુતા, ગુણાનુરાગિતા, પ્રતિજ્ઞાપાલનતા, નિર્મોહિતા વગેરે ગુણો ચારિત્રપાલન માટે અનિવાર્ય છે. જે ભીરુ, લજ્જાળુ, અશઠ, ગુણાનુરાગી કે સત્ત્વશીલ નથી, તે ચારિત્રનું પાલન કદાપિ ન કરી શકે.

<u>તપના સાધનો</u>: સુપક્ષતા, જનપ્રિયતા.

જનસમૂહ અને સ્વપક્ષ સાથે ઉચિત વ્યવહાર જાળવવા જે ઇચ્છાનિરોધ સાધવો પડે છે, તે જ અભ્યંતર તપ છે.

એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ-એ ચાર આત્મગુણને સ્થિર કરનારા સાધનોમાં પોતાની શક્તિને યોજવી, તે વીર્યાચારનું પાલન છે, તેથી જીવના વીર્યગુણની શુદ્ધિ થાય છે.

'<u>સર્વમાં હું છું અને મારામાં સર્વ છે.</u>'

આ <u>વિચાર સમ્યગ્દૃષ્ટિ અને સર્વવિરતિધરનો</u> છે.

સર્વમાં હું છું = સમ્યગ્દર્શન. મારામાં સર્વ છે = સર્વવિરતિ.

'સર્વવિરતિ' એટલે સર્વ માટે સર્વસ્વનો ત્યાગ.

'સમ્યગ્દર્શન' એટલે સર્વ પ્રત્યે સ્વસમાન લાગણી.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ કે વીર્યરૂપ
આત્માનો ઉપયોગનું ગ્રહણ કરીએ, તો તે બહુ
ન્યાયપ્રધાન, કરુણાપ્રધાન, દયાપ્રધાન જ માલુમ પડે છે.
જ્યાં ન્યાય, દયા કે કરુણા નહિ,
તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નહિ, તે દર્શન સમ્યગ્દર્શન નહિ,
તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નહિ, તે તપ સમ્યક્તપ નહિ,
તે વીર્ય સમ્યક્પરાક્રમ નહિ.

જ્ઞાનભાવના : જ્ઞાનાભ્યાસ વડે મતિ નિશ્ચલ બને છે તથા મનની વિશુદ્ધિ અને સરળતા સધાય છે.

દર્શનભાવના : આસ્થા, તત્ત્વ, પરમતત્ત્વરૂચિ - 3 પ્રકારે છે. આસ્થારૂચિથી શંકાદિદોષરહિત થાય છે. તત્ત્વ અને પરમતત્ત્વ રૂચિથી પ્રશમગુણ અને સ્થૈર્યગુણની પ્રાપ્તિ થાય છે.

ચારિત્ર ભાવના : સર્વવિરત, દેશવિરત, અવિરત ભેદથી 3 પ્રકારે છે. અનાદિ ભવભ્રમણનું ચિંતન, વિષયવૈમુખ્ય અને શરીરાશુચિતાદિના ચિંતન રૂપ વૈરાગ્યભાવના ત્રણ પ્રકારે હોવાથી નિઃસંગતા, નિર્ભયતા, નિરાશંસતા આવે છે.

## શાસનરૂપી મંદિરમાં પ્રવેશ

જો ગ્રન્થિભેદ વડે કર્મસ્થિતિ ઘટી હોય,

મિથ્યાત્વજનિત સંતાપ શમ્યો હોય અને

ચંદન સમી શીતલતા આપનારું સમ્યગ્દર્શન પ્રગટ્યું હોય,

તો જ શાસનમંદિરમાં પ્રવેશ થયો છે, એમ સમજવું.

સમ્યગ્દર્શનનો અર્થ પરમાત્મદર્શન પણ થાય.

'ચારિત્ર' એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ.

જેટલા અંશે સમિતિ - ગુપ્તિનું પાલન થાય,

તેટલા અંશે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

ચારિત્ર એ ધન અને જ્ઞાન એ ચક્ષુ છે.

જ્ઞાન રૂપી ખડ્ગથી મોહપાશનો છેદ કરવો, તે કર્તવ્ય છે.

ચારિત્ર એ સમિતિ - ગુપ્તિસ્વરૂપ છે.

તપ નિસ્તરંગ મહોદધિતુલ્ય થવાની ક્રિયા છે, તેમાં ધ્યાન મુખ્ય છે. જ્ઞાન આત્મસમદર્શિત્વ પુષ્ટ કરવા માટે છે.

સમ્યગ્દર્શન એ જ્ઞાનથી નહીં પણ કૃપાથી

અથવા આત્મસમદર્શિત્વના સ્વાનુભવથી મળે છે.

ધર્મ તે એવો આત્મગુણ છે કે જે
દર્શનને દર્શન, જ્ઞાનને જ્ઞાન, ચારિત્રને ચારિત્ર બનાવે છે.

વિકલ્પરહિત સહજબોધ પદાર્થપ્રકાશક હોય છે,
તોય સમ્યગ્જ્ઞાન અને ધર્મને વિખૂટા ન પાડી શકાય.
ચારિત્રનું તો લક્ષણ જ વીતરાગ છે.
એ રીતે લક્ષણચતુષ્ટય સર્વત્ર અનુસ્યૂત છે.

સમ્યગ્દર્શનગુણ = આત્મદ્રવ્યમાં દ્રવ્યની શક્તિ.
જ્ઞાનગુણ = ગુણનો પ્રકાશ. ચારિત્રગુણ = પર્યાયનું કરણપણું.

દર્શનગુણે જીવનું આત્મદ્રવ્ય સુધરે, દ્રવ્યશક્તિ પ્રગટે.
જ્ઞાનગુણે આત્માના ગુણ પ્રકાશે, જીવના ગુણ સુધરે.
ચારિત્રગુણે જીવના પર્યાય સુધરે, સ્વરૂપરમણતા વધે.

સમ્યગ્દર્શનગુણે જન્મની પીડા ટળે,
જ્ઞાનગુણે જરાની પીડા ટળે અને
ચારિત્રગુણે મરણની પીડા ટળે.
મિથ્યાત્વપ્રત્યયિક કર્મ સમ્યગ્દર્શન વડે ટળે અને
અવિરતિપ્રત્યયિક કર્મ વિરતિ વડે ટળે.

## આત્મગુણો શેનાથી પ્રગટે?

ધર્મના શ્રવણ તથા તત્ત્વરુચિથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટે.
તત્ત્વાતત્ત્વ ગવેષક બુદ્ધિથી જીવને સમ્યગ્જ્ઞાનગુણ પ્રગટે.
વિષય-કષાય-પ્રમાદના ત્યાગથી સમ્યક્ચારિત્રગુણ પ્રગટે.
સ્વરૂપાનુભવલગ્નતા અથવા તો લીનતાથી વીર્યગુણ પ્રગટે.
દર્શનગુણનું સ્થાન ચક્ષુ, જ્ઞાનગુણનું સ્થાન હૃદય છે,
ચારિત્રગુણનું સ્થાન ચરણ, વીર્યગુણનું સ્થાન બાહુ છે.

સમ્યગ્દર્શન મિથ્યાત્વનો સંવર છે.

સમ્યગ્જ્ઞાન અજ્ઞાનનો સંવર છે.

જ્યાં દયા છે, ત્યાં ચારિત્ર છે.

ચારિત્ર એ અવિરતિનો, કષાયનો, પ્રમાદનો, અશુભ યોગોનો સંવર છે. જ્યાં સંવર છે, ત્યાં નિર્જરા છે. નવા આવતાં કર્મ રોકાય છે એટલે પૂર્વના કર્મ નિર્જરે છે. આત્માના અનંત ગુણોમાંથી સમ્યગ્દર્શન જેવા એક જ ગુણમાં જે અનંત સુખ છે, તેના અનંતમાં ભાગનું સુખ પણ ભૌતિક સાધન - સામગ્રી આપી શકતી નહિ હોતી.

આપણે ત્યાં પણ કહ્યું છે કે:

ગ્રહણ કરીને મૂકેલ મનોવર્ગણાના કે ભાષાવર્ગણાના પુદ્ગલો
અસંખ્ય કાળ સુધી ટકીને રહી શકે છે.

તેને ગ્રહણ કરવાની શક્તિ જેનામાં હોય,
તે ગ્રહણ કરે, તેમાં કાંઈ વિરોધ દેખાતો નથી.

મૈત્ર્યાદિ ભાવના સમ્યક્ત્વની હાજરીમાં હોય અને તેની પ્રાપ્તિમાં પણ કારણભૂત હોય, તેમ માનવામાં બાધ નથી. સમ્યક્ત્વના લક્ષણમાં અનુકંપા કહી છે અને તે દ્રવ્ય-ભાવ ઉભયરૂપ હોવાથી ચારે ભાવના તેમાં જ આવી જાય.

વળી ૯ તત્ત્વોની શ્રદ્ધા - સદ્દહણા હોય,
તેમાં જીવતત્ત્વ ઉપરાંત સંવરતત્ત્વ પણ આવી જાય.

સંવરતત્ત્વ સીધા રીતે ચારિત્ર સાથે સંબંધ રાખે છે, તેમાં અનિત્યત્વાદિ ૧૨ તથા મૈત્ર્યાદિ ૪ ભાવના લેવાની છે. સમ્યગ્જ્ઞાન કે ચારિત્રમાં સમ્યગ્દર્શન સહિત મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ અનિવાર્ય છે. તે સિવાય જીવતત્ત્વનું યથાર્થ જ્ઞાન, યથાર્થ સંવેદન કે યથાર્થ સદ્દહણા કેમ કરી શકાય?

આત્માને આત્મા વડે, આત્મા માટે, આત્માથી,

આત્માને વિષે જાણવો, તે કેવળ દયા વડે જ શક્ય છે.

દયા એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્વર્તન છે.

જીવ જ્યારે જીવને જુએ, જાણે, તેનું હિતચિંતન કરે,

ત્યારે તે દર્શન - જ્ઞાન - ચારિત્રની વૃદ્ધિ કરે છે.

એક જીવ બીજા જીવનો ઉપકાર કરે છે,

તે જ્ઞાન - દર્શન - ચારિત્ર વડે જ કરે છે.

જ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ જીવ વડે જ થાય છે, કેમકે

એક જીવ પોતે જ બીજા જીવનું હિત કરી શકે છે.

આપણું સમ્યગ્દર્શન કઈ રીતે નિર્મળ થાય?

ચારિત્ર અને જ્ઞાન સહિત દેવાધિદેવને નમસ્કાર કરવાથી.

જ્ઞાન = જ્ઞેયનું હેયોપાદેય રૂપે પૃથક્કરણ.

ચારિત્ર = હેયનું દાન અને ઉપાદેયનું આદાન.

દર્શન = હેયના ત્યાગ અને ઉપાદેયના ગ્રહણની ઝંખના.

દર્શન - જ્ઞાન - ચારિત્રનો આત્મા

પૂર્વોક્ત સમસ્ત જંતુવિષયક સ્નેહનો પરિણામ છે.

'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।'

સંયતેન્દ્રિયઃ ઈંદ્રિયોના સંયમવાળો અને જ્ઞાનની તત્પરતાવાળો શ્રદ્ધાવાન જન અવશ્ય સમ્યગ્ જ્ઞાનને મેળવે જ છે.

સમ્યગ્ = શુદ્ધજ્ઞાનાદિ. દર્શન = ભક્તિ - સચ્ચાઈ અને સમ્યગ્દષ્ટિતા તથા કર્મ = ચારિત્ર - રાગ - દ્વેષરહિતતા.

સમ્યગ્જ્ઞાન = નિજાત્મામાં અસ્તિત્વનો બોધ.

સમ્યગ્દર્શન = નિજાત્મામાં અસ્તિત્વની અનુભૂતિ.

સમ્યક્ચારિત્ર = અસ્તિત્વનો બોધ અને અનુભૂતિના પાયા ઉપર સતત સર્વ ભૂતહિતરતતા.

જ્ઞાન એ પ્રભા કે કાંતિ છે, દર્શન એ નિર્મળતા છે, ચારિત્ર એ આચરણની શક્તિ છે.

: ચારે યોગની ઉપયોગીતા :

ચિન્તનશીલ માટે રાજયોગ - એકાગ્રતા = તપ

ક્રિયાશીલજન માટે કર્મયોગ - અનાસક્તિ = ચારિત્ર

ઊર્મિશીલો માટે ભક્તિયોગ - પ્રેમ = દર્શન

તત્ત્વજ્ઞજન માટે જ્ઞાનયોગ - અભેદાનુભૂતિ = જ્ઞાન.

જ્ઞાન પરસ્પરના સંબંધને ઓળખાવે છે.
દર્શન એ સંબંધ મુજબનો લક્ષ પેદા કરે છે.
ચારિત્ર એ લક્ષ મુજબ વર્તન કરાવે છે. એ ૩ રત્નત્રય
બનીને મોક્ષનું - સ્વાનુભૂતિનું આસ્વાદકપણાં કારણ બને છે.
અસલી ધર્મ સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રસહિતનો છે.
દર્શન = પ્રત્યેક જીવમાં પોતાની સત્તાના અનુભવની શક્તિ.
જ્ઞાન = બાહ્ય પદાર્થોને જાણવા અને સમજવાની શક્તિ.
ઉપયોગ = આત્માના દરેક સ્વસંવેદન - પરસંવેદન ગુણો.
જીવનની ક્રિયાઓનો આદિ સ્ત્રોત જીવની મનોવૃત્તિ છે.
તેમાંની વિશુદ્ધ મનોવૃત્તિનું નામ જ 'સમ્યગ્દર્શન' છે.
તેને એક પ્રકારની જીવનદૃષ્ટિ પણ કહેવાય છે. દર્શન
શબ્દનો પહેલો અર્થ શ્રદ્ધાન છે, બીજો અર્થ સાક્ષાત્કાર છે.
સમ્યગ્દર્શન વ્યક્તિમાં એક નવ ચેતના લાવે છે અને
અધાર્મિકતામાંથી નીકળીને ધાર્મિક ક્ષેત્રમાં જીવને ખેંચી લાવે છે.
મને એવા સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની પ્રાપ્તિ થાઓ
કે જેથી હું સમસ્ત સંસારનું કલ્યાણ કરી શકું.

## સમ્યગ્દર્શનના બે અંશ

મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીનો ક્ષયોપશમ.

પ્રથમ અંશની સિદ્ધિ શુદ્ધ સ્વરૂપવાળાની ભક્તિથી થાય,
બીજા અંશની સિદ્ધિ જીવમાત્ર પ્રત્યેની મૈત્રીથી સિદ્ધ થાય.

દર્શનાચારના પ્રથમ ચાર આચાર કરવારૂપ છે.
પછીના ચાર આચાર કરાવવા અને અનુમોદનરૂપ છે.
સમ્યગ્દર્શનના ૮ આચાર ઉપરાંત ૪ ભાવ - મૈત્રી,
પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થભાવને પરસ્પર સંબંધ છે.
'પ્રત્યેક ધર્માનુષ્ઠાન મૈત્ર્યાદિભાવ સંયુક્ત જોઈએ.' તેનો
અર્થ સમ્યગ્દર્શનના ૮ આચાર સહિતનો ધર્મ જોઈએ.

સમ્યગ્દર્શન શુભાત્મ પરિણામરૂપ છે.

આત્માનો તે પરિણામ સર્વના શુભને ચાહે છે, એટલે
તેમાં માયા, મિથ્યાત્વ અને નિદાનશલ્ય ટકતું જ નથી.
આશંસાના મૂળમાં કેવળ સ્વનો જ વિચાર રહેલો છે.
માયા અને મિથ્યાત્વના મૂળમાં પણ તે જ છૂપાયેલ છે,
તેથી જ્ઞાનીઓએ સમ્યક્ત્વને શુભાત્મ પરિણામરૂપ માનેલ છે.

## પ્રથમ આત્મદર્શન - આત્માનુભવ

આત્માને સમ્યક્ પ્રકારે અને તે જે રીતે છે, તે રીતે
તેના મૂળ સ્વરૂપે ઓળખવો તથા જોવો, તે સમ્યગ્દર્શન.
આત્માનુભવ - આત્મપ્રતીતિ - સમ્યગ્દર્શન એક જ છે.
જે સમયે આત્માને સમ્યક્ પ્રકારે જોયો,
તે જ સમયે શ્રદ્ધા સમ્યક્ બની.
અનુભવમાં વિકલ્પ ન રહે.
જ્યાં સુધી આત્માને પ્રત્યક્ષ અનુભવ્યો નહોતો,
ત્યાં સુધી શ્રદ્ધા શંકાવાળી હતી.
જ્યારે આત્માને પ્રત્યક્ષ અનુભવ્યો,
પછી જે શ્રદ્ધા થઈ, તે નિશ્ચય બની.
અનુભવથી જુદું તથા શ્રદ્ધા જુદી થાય, એવું ન બને.
જે સમયે સમ્યગ્દર્શન થયું, આત્માની શુદ્ધ પ્રતીતિ થઈ,
તે સમયે જ્ઞાન જે મિથ્યાત્વવાળું હતું,
તે પલટાઈને સમ્યક્ બન્યું.
આમ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન બંને સાથે જ થયું.

વ્યવહારનો સિદ્ધાંત એ છે કે:

પ્રથમ દર્શન અને પછી જ્ઞાન.

સમ્યક્ત્વ અનેક મતે છે, એક મતે નહિ,
માટે મતાગ્રહવાળા મિથ્યાત્વમાં બદ્ધ છે.
સમ્યગ્ દૃષ્ટિને દુઃખ હોય પણ દુર્ધ્યાન ન હોય.
વળી સમ્યગ્ દૃષ્ટિને પરમ સુખ હોય,
પરન્તુ ઉન્માદે તેનું અભિમાન ન હોય,
સમ્યગ્ દૃષ્ટિને આત્માના સુખ આગળ
પૌદ્ગલિક સુખની તુચ્છતાનું પણ સતત ભાન હોય.
ઘોર પાપી અને મહાન યોગી - એમ
બંનેનો આત્મા સ્વરૂપે તો સમાન જ છે.
આત્મઅનુભવમાં વેદન છે પણ વિચાર નહિ.
આત્મજ્ઞાની નિર્જરા કરે - આત્મલક્ષી પુણ્યબંધ પણ કરે.
સમ્યગ્જ્ઞાન થયાં પછી આત્માનો
મોક્ષ તરફનો પુરુષાર્થ તે સમ્યક્ચારિત્ર છે.
તે અહીં એકત્ર થવાથી મોક્ષ થાય.

## વ્યવહાર સમ્યગ્દર્શન

દેવ-ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે રાગમિશ્રિત ભાવવાળી (વ્યવહાર સમ્યગ્દર્શનની) સાચી શ્રદ્ધા, તે ઉત્કૃષ્ટ શુભ ભાવ. મિથ્યાત્વ અવસ્થામાં પણ આવો ઉત્કૃષ્ટ શુભ ભાવ હોઈ શકે અને તેના બળે નવગ્રૈવેયકપર્યંત જઈ શકે, પરંતુ નિશ્ચયથી સુખસમુદ્રમાં - નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં ડૂબકી મારીને સાચો નિર્ણય કરેલો ન હોય અને તે 'શુભ ભાવથી જ ધર્મપ્રાપ્તિ થઈ જાય છે' એવી સૂક્ષ્મ પણ મિથ્યા માન્યતા મનમાં રહે, તો તે જ મિથ્યાત્વના ઘરની હોવાથી મોક્ષમાં પ્રતિબંધક બને છે.

દેવ-ગુરુ અને શાસ્ત્ર એ
આત્મનિશ્ચય કરવામાં ઉપકારક સાધનો હોવાથી
તેના પ્રત્યેનો રાગ શુભ ગણાય છે,
પરંતુ તે રાગને જ ધર્મની પૂર્ણાહુતિ માની લઈને
આત્મતત્ત્વને અનુભવવાનો પ્રયાસ કરવામાં ન આવે, તો
તેટલે ઊંચે આવવાને પણ નીચે જ પડવાનું થાય છે.

## વ્યવહાર સમ્યગ્દર્શન એટલે...

દેવ, ગુરુ અને શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા.
આ શ્રદ્ધા રાગયુક્ત - સ્થિર હોવા છતાં પરદ્રવ્યમાં છે.
સ્વદ્રવ્યની ઓળખાણ કરવા માટે તે સહાયક છે.
વ્યવહાર સમ્યગ્દર્શન શુભ આત્મપરિણામરૂપ છે.
તેને તત્ત્વરૂચિ, પ્રશસ્તરાગાદિ શબ્દોથી ય સંબોધી શકાય.

## નિશ્ચય સમ્યગ્દર્શન એટલે...

જેના આધારે સ્વદ્રવ્યની ઓળખાણ - અનુભૂતિ થાય તે.
પારકાનું સુખ જોઈ સુખ અનુભવાય તે અને જાતે જે
સુખ અનુભવાય, તે બે વચ્ચે જે અંતર છે, તે અંતર
વ્યવહાર અને નિશ્ચય સમ્યગ્દર્શન વચ્ચે રહેલું છે.
અવિરતિ અને પ્રમાદદોષ છે, ત્યાં સુધી
નિશ્ચય સમ્યગ્દર્શનની અનુભૂતિ આવે અને જાય,
પછીના ગુણસ્થાને તે સ્થિર થાય છે.
આસ્વાદરૂપ નિવૃત્તિવાળું સદનુષ્ઠાન એ ચારિત્ર છે.
સુપરિશુદ્ધ અંતર પરિણામ તે પરિશુદ્ધ બને છે.

# રત્નત્રય અને ધર્મ

સંવર અને નિર્જરા દ્વારા મોક્ષની સાધના માટે
દર્શન અને જ્ઞાનની સાથે જ ચારિત્રની પણ જરૂર છે.
ધર્મધ્યાન દ્વારા દૃષ્ટિની શુદ્ધિ, શ્રદ્ધાની દૃઢતા, બુદ્ધિની
નિર્મળતા અને ચારિત્રપાલનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.
જેમાં અહિંસાને પરમ સ્થાન છે, શ્રેષ્ઠ સ્થાન છે, તે ધર્મ.

## રત્નત્રયનું ઘાતક શું ?

ઉપાદેય તત્ત્વમાં ઉપાદેયપણાંની ભાવના ન આવે અને
હેય કે ઉપેક્ષાની ભાવના રહે, તો
તે ભાવના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની ઘાતક છે,
સમ્યગ્જ્ઞાની અને દર્શનીની નિંદક તથા આશાતના વર્ધક છે.
નિશ્ચય સમ્યગ્દર્શન = જેવી શ્રદ્ધા તેવી અનુભૂતિ =
એક - અખંડ સદા આત્માનો એક સમયે અનુભવ.
તેની નિર્વિકલ્પ અનુભૂતિ પણ કરી શકાય.
એ આત્મગુણ છે. ગુણ ગુણીથી જુદો ન હોય.
જ્ઞાન-દર્શન-ચારિત્ર એ અનુક્રમે જ્ઞાન-ભક્તિ-કર્મ છે.

## સમ્યગ્દ્રષ્ટિ જીવને...

સુખી ઉપર મૈત્રી હશે, ઈર્ષા નહીં.

દુઃખી જોઈ કરુણા હશે, તટસ્થતા નહીં.

ગુણી જોઈ પ્રમોદ હશે, ક્રોધ નહીં.

પાપીને જોઈ માધ્યસ્થ્ય હશે, તિરસ્કાર નહીં.

(a)સમ્યગ્જ્ઞાનના ઉઘાડાર્થે અનેકાંતવાદની પ્રક્રિયા છે.
(b)સમ્યગ્દર્શનની વિશુદ્ધિ માટે આત્મવાદની પ્રક્રિયા છે.
(c)સમ્યક્ચારિત્રની સ્થિરતા માટે કર્મવાદની પ્રક્રિયા છે.

જ્ઞાન સાચું, ન હોય, તો વિશ્વાસ શક્ય જ ન બને.
શ્રદ્ધાથી સત્યની નજીક જવાય, જ્ઞાનથી સત્ય પકડાય
અને ચારિત્રથી સત્ય આચરાય.

o

## Our 3 Assets

(1) Ability to be loving - દર્શન
(2) Understanding power - જ્ઞાન
(3) Ability to be courageous - ચારિત્ર.

'चारित्रमात्मचरणाद् ज्ञानं वा दर्शनं मुनेः ।
शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥ १॥'

આત્માને વિષે જ ચાલવાનું એટલે કે
પુદ્ગલ થકી નિવૃત્તિ કરવાનું ચારિત્ર,
બોધ સ્વરૂપ હોવાનું જ્ઞાન અને
જિનોક્ત લક્ષણની શ્રદ્ધારૂપ હોવાનું દર્શન.

સમ્યગ્જ્ઞાનથી કર્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે દુઃખ સહન કરવાની શક્તિ કેળવાય છે.
સમ્યગ્દર્શનથી ધર્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે જીવો ઉપર નિઃસ્વાર્થ સ્નેહ પ્રગટે છે.
સમ્યક્ચારિત્ર દ્વારા અધ્યાત્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે તૃષ્ણાનો અભાવ બને છે.

અહિંસાનું મૂળ સમ્યગ્દર્શન, સંયમનું મૂળ સમ્યગ્જ્ઞાન
અને તપનું મૂળ સમ્યક્ચારિત્ર છે.

મોક્ષનો મંડપ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન રૂપી દ્વારથી
અને સમ્યક્ચારિત્ર રૂપી તોરણથી શોભી રહ્યો છે.

'નમો અરિહંતાણં' પદમાં
સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી
મોક્ષમાર્ગની આરાધના રહેલી છે.
શુદ્ધ સ્વરૂપની રુચિ, બોધ અને પરિણતિ
તે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.
'નમો' એ સમ્યગ્દર્શન એટલે તત્ત્વરુચિરૂપ છે.
'અરિહં' એ સમ્યગ્જ્ઞાન એટલે તત્ત્વબોધરૂપ છે.
'તાણં' એ સમ્યક્ચારિત્ર અર્થાત્ તત્ત્વપરિણતિરૂપ છે.
વીતરાગ = સમ્યક્ચારિત્ર. વિજ્ઞાન = સમ્યગ્દર્શન - જ્ઞાન.
રત્નત્રયી એટલે વીતરાગ વિજ્ઞાન, વીતરાગ સ્વસંવેદન.
વીતરાગ શબ્દથી ચારિત્ર અને સમ્યગ્ શબ્દથી સમ્યક્ત્વ
- ઉભય સહિત જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે.
'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ।'
સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ ધર્મની પ્રાપ્તિ છે.
સર્વ પાપવ્યાપારોનો ત્યાગ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે
અને સમ્યગ્જ્ઞાન સમદૃષ્ટિની અપેક્ષા રાખે છે.

# સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા

(૧) જ્ઞાનનો સ્વભાવ = શ્રુતને જાણવું.

(૨) સ્વભાવનું જ્ઞાન = શ્રુતથી કેવળ આત્માને જાણવો.

(3) શ્રુતકેવળીના બે પ્રકાર:

શ્રુતને જાણે તે શ્રુતકેવળી, જ્ઞાનને જાણે તે શ્રુતકેવળી.

(૪) સર્વ જીવોને આત્મસમાન ગણવામાં સહાય કરનાર સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા છે.

સમ્યગ્જ્ઞાન વ્યવહારથી જીવનું કર્મબદ્ધ - કર્મમુક્તસ્વરૂપ જણાવે અને નિશ્ચયથી સર્વ જીવોનું ચૈતન્ય જણાવે છે.

શુદ્ધ આત્મદ્રવ્યનું પરપુદ્ગલથી અને રાગાદિ દોષથી ભિન્ન એવું જાણપણું, શ્રદ્ધાનપણું અને અનુભવપણું - તે જ નિશ્ચયથી રત્નત્રય છે.

સ્વશુદ્ધાત્માનો કે તેના સ્વસ્વરૂપનો અનુભવ જ્યારે જ્ઞાન - શ્રદ્ધા - પરિણતિથી થાય, ત્યારે તેને જ નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર થવું ઇત્યાદ.

ધર્મના ૪ પાયા: શ્રાવણ સુદ ૧૩, સં. ૨૦૨૪

(૧) સમ્યગ્દર્શન = શુદ્ધાત્મ તત્ત્વરુચિ.
(૨) સમ્યગ્જ્ઞાન = શુદ્ધાત્મ તત્ત્વબોધ.
(૩) સમ્યક્ચારિત્ર = શુદ્ધાત્મ તત્ત્વરમણતા.
(૪) સમ્યક્તપ = શુદ્ધાત્મ તત્ત્વસ્થૈર્ય.

જ્ઞાન એટલે આત્માને બરોબર જાણવો.
દર્શન એટલે આત્માની બરોબર પ્રતીતિ થવી અને
ચારિત્ર એટલે આત્મામાં સ્થિર થવું.
આત્મજ્ઞાન એ જ જ્ઞાન, આત્મશ્રદ્ધા એ જ શ્રદ્ધા
અને આત્મરમણતા એ જ ચારિત્ર.
આ ત્રણ ન હોય, તો એકડાં વિનાના મીંડા સમજવાં.

આગમના ચાર અનુયોગમાંથી...

દ્રવ્યાનુયોગ સમ્યગ્દર્શન ગુણને વિકસાવે છે.
ગણિતાનુયોગ સમ્યગ્જ્ઞાન ગુણને વિકસાવે છે.
ચરણકરણાનુયોગ સમ્યક્ચારિત્ર ગુણને વિકસાવે છે.
આ ત્રણ વડે કથાનુયોગ મોક્ષમાર્ગને પુષ્ટ કરે છે.

વિશ્વમાં તત્ત્વભૂત વસ્તુ દશવિધ યતિધર્મ છે.

| | |
|---|---|
| તેને દેખાડનાર અરિહંત<br>તેનું ફળ સિદ્ધત્વ | દર્શનવિશુદ્ધિ |
| તેનો આચાર આચાર્યત્વ<br>તેનું જ્ઞાન ઉપાધ્યાયત્વ | જ્ઞાનવિશુદ્ધિ |
| તેની સાધના સાધુત્વ | ચારિત્ર - તપવિશુદ્ધિ. |

સાધુ બનવાથી ન તરાય, કિન્તુ સાધુપણું પાળવાથી તરાય.

સમ્યગ્દર્શન ગુણ

શુદ્ધ આત્મદ્રવ્યનું દર્શન - શ્રદ્ધાન કરાવે છે.

સમ્યગ્જ્ઞાન ગુણ

કેવળજ્ઞાનાદિ આત્મગુણનો પ્રકાશ પ્રકટાવે છે.

સમ્યક્ચારિત્ર ગુણ

આત્મસ્થિરતારૂપ રમણતા કરાવી ઉપકારક બને છે

દ્રવ્ય - ગુણ - પર્યાય દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનામાં.
દ્રવ્યની સાથે દર્શનગુણનો, ગુણની સાથે જ્ઞાનગુણનો
અને પર્યાયની સાથે ચારિત્રગુણનો સંબંધ છે.

સત્ત્વવિષયક સ્નેહપરિણામ અથવા

અરિહંતો, સિદ્ધો, સાધુઓ, દયામૂલક ધર્મ પ્રત્યે અનુરાગ
એટલે સમ્યગ્દર્શન, જે મનુષ્યનો જન્મ સફળ કરે છે.
એ સ્નેહપરિણામ સમસ્ત સત્ત્વવિષયક હોવાથી તેમાં
યથાર્થ જ્ઞાન, યથાર્થ રુચિ અને યથાર્થ વર્તન છૂપાયેલાં છે.
યથાર્થ જ્ઞાન-રુચિ-વર્તન અરિહંતાદિના અનુગ્રહથી પ્રાપ્ય છે,
કેમકે તે ત્રણે વસ્તુ તેઓમાં રહેલી છે.

જેનામાં જે વસ્તુ રહેલી હોય, તેની તે ગુણની માટે થતી
ઉપાસના એ અવશ્ય સિદ્ધિને આપે છે.

તાત્ત્વિક કાર્ય - કારણનો નિયમ ત્યાં કાર્ય કરે છે.
સિદ્ધિને પામેલાને કારણ બનાવવાથી જ
સિદ્ધિનું કાર્ય સરળ બને છે.

સર્વ કારણોમાં પ્રધાન કારણ સિદ્ધિ પામેલાનું પ્રણિધાન છે.

સમ્યગ્દર્શન = પ્રભુ સાથે એકતા-તન્મયતા ભાવવાની રુચિ,
સમ્યગ્જ્ઞાન = પ્રભુ સાથેની એકતાના ઉપાયોનું જ્ઞાન,
સમ્યક્ચારિત્ર = પ્રભુ સાથે તન્મયતાનો અનુભવ.

'સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ - મોક્ષમાર્ગઃ ।'

(૧) સમ્યગ્દર્શન ગુણ વડે સાધુને નમસ્કાર.
આત્મવાદ સમ્યગ્દર્શન ગુણની પુષ્ટિ કરે છે.

(૨) સમ્યગ્જ્ઞાન ગુણ વડે ઉપાધ્યાયને નમસ્કાર.
કર્મવાદ વડે સમ્યગ્જ્ઞાન ગુણની પુષ્ટિ થાય છે.

(૩) સમ્યક્ચારિત્ર ગુણ વડે આચાર્યને નમસ્કાર.
સ્યાદ્વાદ વડે સમ્યક્ચારિત્ર ગુણની પુષ્ટિ થાય છે.

(૪) 'મોક્ષ' શબ્દ વડે સિદ્ધ ભગવંતને નમસ્કાર.
'માર્ગ' શબ્દ વડે અરિહંત ભગવંતને નમસ્કાર.

(૫) 'મોક્ષ' ગુણપ્રકર્ષ તથા 'માર્ગ' પુણ્યપ્રકર્ષ સૂચવે છે.

સમ્યગ્દર્શન = સાધુપદ,
સમ્યગ્જ્ઞાન = ઉપાધ્યાયપદ અને
સમ્યક્ચારિત્ર = આચાર્યપદ.
અહીં એકત્ર મળવાથી માર્ગ બને છે અને
તે માર્ગ મોક્ષને આપે છે,
એમ પાંચે પદોને પરસ્પર અનન્ય સંબંધ છે.

## સમ્યગ્દર્શનની એક નવી વ્યાખ્યા

માથે શ્રી જિનાજ્ઞા, આંખમાં ચતુર્વિધ સંઘ પ્રતિ અમી,
મુખમાં મીઠાશ અને હૈયામાં સમજ ઉપરાંત
સમકીતની ખુમારી - એ સમ્યગ્દર્શન છે.
સદાચારની સુવાસથી સમકીત શોભે છે.
સંઘ અને સાધર્મિકને ભૂલીને શાસન સાધવા
જઈએ તો ધર્મનો કદાપિ ઉદ્યોત ન થઈ શકે.
નિમિત્ત બનવાનો પુરુષાર્થ તે ધર્મ છે.
જ્ઞાનસ્વભાવની પકડથી થતું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.
સમ્યગ્દર્શન કોઈ બાહ્ય વસ્તુ નથી પણ સ્વાનુભવરૂપ
પરિણમેલી આત્મ રુચિ સમ્યગ્જ્ઞાન તથા દર્શન છે.
દર્શન - જ્ઞાન - ચારિત્ર = દેવ - ગુરુ - ધર્મ.
દેખે તે દર્શન, દિખાવે તે જ્ઞાન, ચખાવે તે ચારિત્ર.
દર્શન તે દેવનું, જ્ઞાન ગુરુનું, ચારિત્ર તે ધર્મનું પ્રતીક છે.
દર્શન એ શાંતિનું ભોજન છે, જ્ઞાન તુષ્ટિનું ભોજન છે,
ચારિત્ર એ પુષ્ટિનું ભોજન છે.

# ધ્યાનમાં રત્નત્રયનું મહત્ત્વ

સમ્યગ્દર્શનથી મન ધ્યેય તરફ સન્મુખ થાય છે,
સમ્યગ્જ્ઞાનથી ધ્યાનની શુદ્ધિ થાય છે એટલે કે
મલિન કષાયાદિક વૃત્તિ દૂર થાય છે અને
સમ્યક્ચારિત્રથી ધ્યાતાની શુદ્ધિ થાય છે.
સેવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે,
વિનયથી સમ્યગ્જ્ઞાનગુણની શુદ્ધિ થાય છે તથા
સદાચરણથી સમ્યક્ચારિત્રગુણની શુદ્ધિ થાય છે.
તે ત્રણેના સેવન માટે ઇચ્છાનિરોધ કરવો પડે છે, તે
તપગુણની શુદ્ધિ કરીને શુક્લ ધ્યાનમાં પરિણમે છે,
તેનાથી અરિહંતપદ અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.
સિદ્ધપદની પ્રાપ્તિ તે વીર્યગુણનો પૂર્ણ વિકાસ છે.
એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય -
એ પાંચ પ્રકારના આત્મગુણો અનુક્રમે
સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ -
એ પંચ પરમેષ્ઠિઓના આરાધનથી સુસાધ્ય બને છે.

## સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ એટલે શું ?

સમ્યગ્દર્શન તે શુદ્ધ આત્મતત્ત્વની નિર્મળ શ્રદ્ધા,
સ.જ્ઞાન તે શુદ્ધ આત્મતત્ત્વનું રાગરહિત સ્વસંવેદન,
સમ્યગ્ચારિત્ર તે શુભાશુભ વિકલ્પરહિત નિત્યાનંદમય
આત્મસ્વરૂપની અનુભૂતિ અને સ્થિરતા અને
સમ્યગ્તપ તે પૌદ્ગલિક ઇચ્છાનો ત્યાગ કરી
આત્મસ્વરૂપમાં સહજાનંદ રૂપે તપવું.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનેક કારણોથી થઈ શકે છે,
કિન્તુ પ્રાપ્ત થયાં પછી સમ્યગ્દૃષ્ટિ જીવને
જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ પ્રકટ થાય છે.
મંદ મિથ્યાત્વદશામાં પણ મૈત્રીભાવ પ્રકટ થઈ શકે છે.
સત્યગ્રાહી બનવું, એ જ સમ્યગ્દર્શનનું મૂળ છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર અને તપગુણના અર્થી માટે
દેવનો નમસ્કાર દર્શનગુણને વિકસાવે છે,
ગુરુનો નમસ્કાર જ્ઞાનગુણને વિકસાવે છે અને
ધર્મનો નમસ્કાર ચારિત્રગુણ તથા તપગુણને વિકસાવે છે.

## શેમાં શું સમાવિષ્ટ ?

| સ. દર્શન | સ. જ્ઞાન | સ. ચારિત્ર | સ. તપ |
|---|---|---|---|
| સુદેવ | ગુરુ | ધર્મ | શાસ્ત્રાધ્યયન |
| વિવેક | વૈરાગ્ય | સંવેગ | નિર્વેદ |
| અનુકંપા | આસ્તિક્ય | વિરતિ | વિરક્તિ |
| ભક્તિ | અનુકંપા | પ્રવચનરાગ | આજ્ઞાપાલન. |

સ્વભાવધર્મ : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે.

સાધનધર્મ : દાન, શીલ, તપ અને ભાવ છે.

જ્ઞાનથી પ્રકાશ થાય, દર્શનથી નિશ્ચય થાય,
ચારિત્રથી સંવર - કર્મરોકાણ થાય તથા
તપથી નિર્જરા - આત્મશુદ્ધિ થાય છે.

(૧) આત્મરતિ = સમ્યગ્દર્શન - ગુરુવિનયથી.
(૨) આત્મતૃપ્તિ = સમ્યગ્જ્ઞાન - શાસ્ત્રાભ્યાસથી.
(3) આત્મતુષ્ટિ = સમ્યક્ચારિત્ર - વ્રતપાલનથી.

યોગ ભાષામાં આવતાં ધારણા - ધ્યાન - સમાધિને જ
આગમ ભાષામાં દર્શન - જ્ઞાન - ચારિત્ર કહે છે.

## સમ્યગ્દર્શનનો આચાર છે...

દેવ-ગુરુને પ્રણામ, સંઘ-સાધર્મિક ભક્તિ વગેરે.
તે આચાર આત્મોપમ્ય ભાવને વિકસાવી
જીવની મૂઢતાનું, ચિત્તની મૂઢદશાનું નિવારણ કરે છે.

## સમ્યગ્જ્ઞાન એટલે...

વ્યવહાર, નિશ્ચય અને દ્રવ્ય-ભાવથી આત્મતત્ત્વનો
બોધ થાય અને પરમાત્મતત્ત્વ જેણે પ્રાપ્ત કર્યું છે
અથવા કરવા માટે પ્રયત્નશીલ છે, તેમના પ્રત્યે અને
તેમના વચનો પ્રત્યે ભક્તિભાવ રહે તથા
તેથી જે વિશેષબોધ-સ્પષ્ટ જ્ઞાન થાય, તે સમ્યગ્જ્ઞાન.

## સમ્યક્ચારિત્ર એટલે...

પરમાત્માના ગુણોનું જ્ઞાન થવાથી તેમાં જે તન્મયતા થાય,
તે તત્ત્વપરિણતિરૂપ ચારિત્ર છે અને તે કાયમ રહેવાથી
જે સતત વિપુલ નિર્જરા થાય, તે સમ્યક્ત્વ છે.

સમ્યક્ત્વ = સુખ બહાર નહીં પણ અંદર આત્મામાં છે,
એવો સ્વાભાવિક બોધ થયા પછી રુચિ અંતર્મુખ રહે તે.

સમ્યગ્દર્શન એ ધ્રુવસ્મૃતિનું સાધન બનતું હોઈ
અહર્નિશ દેવ - ગુરૂ - ધર્મનું નિરંતર સ્મરણ કરાવે છે.

સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન = આત્મસમદર્શિત્વ.

સમ્યક્ચારિત્ર = આત્મસમવર્તિત્વ.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર = શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ.

અહિંસાથી નિર્ભયતા, સંયમથી સ્થિરતા, તપથી તન્મયતા.

અહિંસાનો આધાર સમ્યગ્દર્શન, સંયમનો સમ્યગ્જ્ઞાન
અને તપનો આધાર સમ્યક્ચારિત્ર છે.

આત્માને બરાબર જાણવો તે જ્ઞાન, તેની બરોબર
પ્રતીતિ તે દર્શન અને તેમાં સ્થિર થવું, તે ચારિત્ર.

o

જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ;
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ;
છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ.
એમ જાણે સદ્ગુરૂ ઉપદેશથી કહ્યું, જ્ઞાન તેનું નામ ખાસ.

પરમાર્થથી જિનમાર્ગ એક જ વાક્યમાં કહેવો હોય તો:
'જ્ઞાન - દર્શન - ચારિત્રની શુદ્ધિ અને એકતા.'

(૧) જ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન,
ઉપયોગલક્ષણયુક્ત અને અવિનાશી એવું સ્વરૂપ જેનું,
એવું ગુરુ ઉપદેશથી થયું 'આત્મજ્ઞાન'.

(૨) શાસ્ત્ર અને ગુરુ ઉપદેશથી જેવું આત્માનું જ્ઞાન કર્યું, તેવું જ હૃદયમાં પ્રતીત કરવું, તે 'દર્શન' ગુણ છે.

(૩) સર્વથી ભિન્ન અને અસંગ એવા
આત્મતત્ત્વમાં સ્થિર થવું, તે ચારિત્ર છે.

જિનેશ્વરોએ ફરમાવ્યું છે કે:
તે ત્રણે અભેદ પરિણામથી એક જ આત્મતત્ત્વમાં અવિરોધપણે પ્રતીત થાય, તે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.
ભેદજ્ઞાનપૂર્વકની આત્માના સ્વભાવની પ્રતીતિ અને
આત્માનો અનુભવ, તે સમ્યગ્દર્શન છે તથા
તે જ વસ્તુસ્વભાવનું મૂળ છે.

## રાજગૃહનો મહિમા

'નાણગુણાણુચિન્તસારો !'નો અર્થ છે કે:

રાજગૃહ વડે જીવ - અજીવના ગુણપર્યાયનો સાર જાણી. જીવના તેમ જ અજીવના સ્વાભાવિક અને વૈભાવિક ગુણપર્યાયનો વિચાર કરી અથવા વિચારો કે રાજગૃહ વડે જાણ્યો છે વિશ્વનો સાર જેણે, અહીં બધાં દ્રવ્યો - દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય છે, તેથી હર્ષ કે ઉદ્વેગ કરવા યોગ્ય નથી. 'જીવનું જ્ઞાનાદિ સ્વરૂપ નિત્ય અને સુખાદિ સ્વરૂપ અનિત્ય છે' એમ વિચારવાથી હર્ષ - ઉદ્વેગ નાશ પામે.

## ચારિત્રની સુંદર વ્યાખ્યા

જેનાથી અનિન્દિતપણે ચરે - વિચરે, તેનું નામ ચારિત્ર. જે ક્ષયોપશમથી લોક અને જ્ઞાનીની નજરમાં અનિંદ્ય વર્તાવ થાય, તે ક્ષયોપશમ એટલે ચારિત્ર. હિંસા - અવિરતિના યોગો નિંદ્ય યોગો થતાં હોય, તે અટકે અને ક્રિયા - જ્ઞાનાદિના પ્રશસ્ત વ્યાપાર ચાલે, તે ચારિત્ર.

## આત્મતત્ત્વની પ્રતીતિ

નિશ્ચય સમ્યગ્દર્શન તત્ત્વપ્રતીતિ રૂપ છે. આત્મતત્ત્વની પ્રતીતિ તે સમ્યગ્દર્શન ગુણ છે. તેનાં સાધન રૂપ જે વ્યવહાર સમ્યગ્દર્શન છે, તે દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ રૂપ, જીવાદિ તત્ત્વોના બોધરૂપ, સ્વપર ભેદવિજ્ઞાનરૂપ છે. આત્માનંદની મગ્નતા તે શુદ્ધ ધર્મ છે. સમ્યગ્દર્શન એટલે વ્યવહારનયથી જિનકથિત પદાર્થોનું શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન એટલે સંશયરહિત જ્ઞાન, સમ્યક્ચારિત્ર એટલે જે જે ક્રિયાથી પાપ બંધ - કર્મક્ષય થાય તે.

નિશ્ચયનયથી આત્માના શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ રત્નત્રયી છે અર્થાત્ શુદ્ધાનુભૂતિ, સ્વસંવેદન જ્ઞાન, સ્વરૂપાચરણ રત્નત્રયી છે. તેથી વીતરાગતા પ્રગટે, જ્ઞાનસ્વભાવરૂપ આત્મા પ્રકાશે. રત્નત્રયીની એકતા અરિહંત ભગવંતમાં સિદ્ધ થયેલ છે.

વિજ્ઞાન એ જ્ઞાન - knowledge આપે છે,
તત્ત્વજ્ઞાન એ શાણપણ - wisdom આપે છે.

સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ત્રણ કારણ:
ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ તથા

સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિમાં બે કારણ: ક્ષય - ક્ષયોપશમ.

સ્વલક્ષ્ય તે સમ્યગ્દર્શન છે,
'સુખ-દુઃખ કર્મના વિપાક છે' એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે,
જ્ઞાન + પ્રતીતિ જેવું જ જીવન, તે સમ્યક્ચારિત્ર છે.
સુખ-દુઃખ પ્રત્યે સમાન ભાવ તે સમ્યગ્જ્ઞાનનું ફળ
અને જેવું જ્ઞાન અને દર્શન, તેવું જ અહિંસા-
સંયમમય જીવન અને તે જીવન જીવવા માટે
કરાતી કષ્ટસહન રૂપી તપશ્ચર્યા, તે સમ્યક્ચારિત્ર છે.
'ભગવાન પૂર્ણ છે' એવી શ્રદ્ધા તે દર્શન,
'આત્મા પૂર્ણ છે' એવી પ્રતીતિ તે જ્ઞાન અને
'જગત પૂર્ણ છે' એવી પ્રતીતિ તે ચારિત્ર.
દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન, ધર્મથી ચારિત્રનો લાભ થાય.
દર્શન વડે દેવતત્ત્વ, જ્ઞાન વડે ગુરુતત્ત્વ અને
ચારિત્ર વડે ધર્મતત્ત્વની આરાધના થાય છે.

## 'સ્વભાવ' એટલે આત્મસ્વરૂપ - જ્ઞાનસ્વભાવ.

સ્વભાવની રૂચિ તે સમ્યગ્દર્શન છે,
સ્વભાવની ઓળખાણ તે સમ્યગ્જ્ઞાન છે અને
સ્વભાવમાં સ્થિરતા તે નિશ્ચય ચારિત્ર છે.
'ભગવાન પૂર્ણ છે' એ શ્રદ્ધા તે દર્શનગુણ.
'આત્મા પણ પૂર્ણ છે' એ વિશ્વાસ તે જ્ઞાનનું મૂળ તથા
'જગત પણ પૂર્ણ છે' એ પ્રતીતિ તે ચારિત્રનું મૂળ છે.
દર્શનગુણ વડે દેવતત્ત્વની આરાધના થાય છે,
જ્ઞાનગુણ વડે ગુરૂતત્ત્વની આરાધના થાય છે તથા
અને ચારિત્રગુણ વડે ધર્મતત્ત્વની આરાધના થાય છે.
દેવથી દર્શન, ગુરૂથી જ્ઞાન, ધર્મથી ચારિત્રનો લાભ થાય છે.
શુદ્ધાત્મામાં દેવ - ગુરૂ - ધર્મ ત્રણેનો સમાવેશ થાય છે.

## સમ્યગ્દર્શન તેને કહેવાય...

કે જેમાં સર્વવિરતિની અભિલાષા પ્રગટે.
ગુરૂકૃપાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય અને
તીર્થભૂમિઓના સ્પર્શનાથી સમ્યગ્દર્શન નિર્મળ થાય.

દર્શન : નવપદ - નવકાર - અરિહંતપદ.

જ્ઞાન : વાચના - પૃચ્છના - પરાવર્તના - અનુપ્રેક્ષા - કથા.

ચારિત્ર : ઈચ્છા - મિચ્છા - આવસ્સહી - નિસ્સીહી.

તપ : વિરતિ - પચ્ચક્ખાણ - ત્યાગ - તપ.

આત્મૌપમ્ય - ઔદાસિન્ય શેમાં શેમાં મુખ્ય ?

સમ્યગ્દર્શનમાં જીવો પ્રત્યે 'આત્મૌપમ્ય' મુખ્ય છે, સમ્યક્ચારિત્રમાં વિષયો પ્રત્યેનું 'ઔદાસિન્ય' મુખ્ય છે. દયા એ સમકીતનો ગુણ છે, ક્ષમા એ ચારિત્રનો ગુણ છે. નમસ્કાર પણ સમ્યગ્દર્શનગુણનો જ એક પ્રકાર છે. ભેદભાવનો નાશ કરી અભેદભાવને પુષ્ટ કરનાર દરેક ભાવના કે ક્રિયા દર્શનગુણની શુદ્ધિ તથા દર્શનમોહનીય કર્મનો ક્ષય કરનાર છે. સમ્યગ્દર્શન ગુણની બધી જ ક્રિયાઓ અભેદભાવની પુષ્ટિ કરી એકાંત ભેદબુદ્ધિનો નાશ કરે છે. તે નાશના પાયા ઉપર જ ચારિત્રગુણનું પાલન એ મોક્ષનો માર્ગ બને છે તથા સકલ કર્મનો ક્ષય કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

## દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ શેના ભંડાર ?

સમ્યગ્દર્શન એ શુભભાવોનો - સંવેદનનો ભંડાર છે,
સમ્યગ્જ્ઞાન એ વૈરાગ્યરસનો, સમ્યક્ચારિત્ર એ
સદ્ગુણોનો, સમ્યક્તપ એ સર્વ સમૃદ્ધિનો તથા
પાંચે પરમેષ્ઠિ ભગવંતો સર્વે ભંડારોના ભંડાર છે.

## દર્શન - જ્ઞાન - ચારિત્રપદ શા માટે મૂક્યા ?

નવકાર મહામંત્રના પ્રથમ પાંચ પદોની મંગલમયતા,
આરાધ્યતમતા અને પરમોપકારિતા સમજવા ઈચ્છે કોણ ?
જેના હૈયામાં શ્રદ્ધાનો પ્રદીપ પ્રજ્વલતો હોય તે જ.
તેથી દર્શનપદ મૂક્યું.
શ્રદ્ધા આવ્યા બાદ પણ સમજણમાં ન ઉતરે તો ?
માટે જ્ઞાનપદ મૂક્યું.
શ્રદ્ધા - સમજણ આવ્યા બાદ છતાં આચરણમાં કશું જ
ન આવે તો ? આચરણમાં મૂકાવનાર ચારિત્રપદ છે.
જીવનનું ઉત્થાન આચરણથી છે તથા
ચારિત્રને ઝળહળતું રખાવનાર છેલ્લું તપપદ છે.

## સમ્યગ્દર્શનમાં પ્રવેશવું આવશ્યક

મિથ્યાત્વ અવસ્થામાં વ્યક્તિ વિશ્વની અસર નીચે છે

અને આત્મા એ કર્મપ્રકૃતિના બંધનમાં છે.

વિશ્વ એ વ્યક્તિ માટે પ્રકૃતિ - કુદરત - Nature છે.

સમ્યગ્દર્શનમાં વ્યક્તિ આ બંધનને જુએ છે - જાણે છે,

દેશવિરતિમાં આ બંધનમાંથી મુક્ત થવાના પ્રયત્નો શરૂ

થાય છે અને સર્વવિરતિમાં પૂર્ણ પુરુષાર્થ ફોરવે છે.

અપ્રમત્ત ગુણસ્થાનકે Effortless effort છે.

## સમ્યગ્દર્શન કઈ રીતે પ્રગટે?

જો વ્યક્તિ પોતે Negative બની વિશ્વપ્રકૃતિને

positive બનાવે તો સંસાર પરિભ્રમણ - circle છે.

ગ્રન્થિભેદ આ circleને તોડે છે અને

Spiral થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે.

પુરુષ positive તો વિશ્વપ્રકૃતિ Negative બને છે.

પુરુષ દ્રષ્ટા બને છે, તો સમગ્ર પ્રકૃતિ દૃશ્ય બને છે.

શુદ્ધોપયોગ સમ્યક્ત્વ પછી રહે, શુદ્ધોપયોગે સિદ્ધિ મળે.

## 'અક્રમ સિદ્ધાંતને ભેટશું...'માં ભેટવું 'Spiral' છે.

કેન્દ્રમાં ભગવાન છે.

'Spiral' શરૂ થાય, ત્યાં સમ્યગ્દર્શન છે,
Spiralનું ગણિત તે સમ્યગ્જ્ઞાન છે અને
ભગવાન પ્રત્યે Negative બનીને, Clockwise રીતે
right hand pathની ચાલવું, તે સમ્યક્ચારિત્ર છે,
તેથી વિપરીત રીતે left hand pathની Anti-
Clockwise રીતે જગત પ્રત્યે જો Negative બનીશો
તો અને ભગવાન પ્રત્યે positive બનીશો, તો
મિથ્યા આચરણ થાય છે અને તેથી સંસાર વધે છે.
પ્રદક્ષિણા Clockwise છે - Spiral છે, તેમાં પરિધિ
ઉપરથી કેન્દ્ર સન્મુખ થવાનું છે, તે સમ્યગ્દર્શન છે.
પોતાનું અને કેન્દ્ર વચ્ચેનું
distance - અંતર ઘટાડવાનું છે, તે સમ્યગ્જ્ઞાન છે.
કેન્દ્રને સતત લક્ષ્યમાં રાખીને અંતર ઓછું કરવાનું છે,
કેન્દ્ર પ્રત્યે ચાલવાનું છે, તે સમ્યક્ચારિત્ર છે.

## રત્નત્રયનો સમ્યક્ અર્થ શું?

સમ્યગ્દર્શન = સંગત જોવું, પ્રશસ્ત જોવું.

સમ્યગ્જ્ઞાન = સંગતજ્ઞાન, યથાર્થજ્ઞાન, પ્રશસ્તજ્ઞાન.

સમ્યક્ચારિત્ર = સમ્યગ્વર્તન, યથાર્થ - પ્રશસ્ત આચરણ.

સુખમાં અથવા દુઃખમાં વિષમાવસ્થાને જાણવું,

તે સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ છે.

## રત્નત્રયી માટે કોનો આશ્રય?

(૧) સમ્યગ્દર્શન માટે આત્મવાદનો આશ્રય લેવો.

(૨) સમ્યગ્જ્ઞાન માટે અનેકાન્તવાદનો આશ્રય લેવો.

(3) સમ્યક્ચારિત્ર માટે કર્મવાદનો આશ્રય અનિવાર્ય છે.

જ્ઞાન સ્વભાવને લક્ષમાં લઈ, ઉપયોગ તેમાં પ્રવર્તાવી,

નિર્વિકલ્પ થઈને શુદ્ધાત્માનો અનુભવ કરવો,

તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.

રત્નત્રયમાં ધર્મનું સર્વસ્વ છે. જે ધર્મથી પરાઙ્મુખ છે,

તે અસુરક્ષિત છે, તો પછી ધર્મ શું? તથા આર્હત્ય શું?

એક જ શબ્દમાં કહેવું હોય, તો 'રત્નત્રય'.

મોક્ષ જ માર્ગ છે અને માર્ગ રત્નત્રયસ્વરૂપ છે.

સમ્યગ્દર્શન એ મોક્ષની રૂચિ છે,

સમ્યગ્જ્ઞાન એ મોક્ષનો અવબોધ છે,

સમ્યક્ચારિત્ર એ મોક્ષનો સાધન છે.

મોક્ષનો ભંગ = માર્ગનો ભંગ, જે શિક્ષાને પાત્ર છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ બનાવવાનો ઉપાય

શત્રુ-મિત્રભાવ પ્રત્યે સમત્વ ભાવવા રાખવા સંસારી જીવોની કર્માધીનતાનો વિચાર અને સુખ-દુઃખ પ્રત્યે સમત્વ ટકાવવા સ્વકૃત કર્મભાવોનો વિચાર અનિવાર્ય છે.

આપણે કર્માધીન છીએ, માટે જીવ શુભાશુભ કર્મના ઉદયાનુસાર સુખ-દુઃખ પામીએ છીએ, તેમ જગતના જીવો પણ કર્માધીન હોઈ આપણા પ્રત્યે શુભાશુભ ભાવવાળા બને છે, તેથી તે બંનેમાં મધ્યસ્થ અને તટસ્થ રહેવું, એ જ જ્ઞાન અને વિચારનું ફળ છે. એથી ઉપયોગની શુદ્ધિ થાય છે અને ઉપયોગ શુદ્ધ થયાં પછી યોગસ્થૈર્ય સહજ બને છે, જેનું નામ 'ચારિત્ર' છે.

મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને
મિથ્યાચારિત્ર રૂપી વિષનું નિવારણ સમ્યગ્જ્ઞાન,
સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર વડે થાય છે.

સમ્યગ્જ્ઞાન = સુખ - દુઃખ ઉપર સમભાવ.

સમ્યગ્દર્શન = શત્રુ - મિત્ર સમભાવ, જે આધિ, વ્યાધિ
અને ઉપાધિથી નિવૃત્તિ કરાવનાર સમાધિનું મૂળ છે.

'ત્રયમેકત્ર સંયમઃ ।'

સંયમ = એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ.

ત્રીજું મૂળ સમ્યક્ચારિત્ર અર્થાત્
જન્મ - મરણ ઉપરનો સમભાવ અર્થાત્ સંયમ છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર મળીને મોક્ષમાર્ગ બને છે.

ઇચ્છાનો અભાવ તે વીતરાગતા,
મૂર્છાનો અભાવ તે નિર્ગ્રન્થતા અને
એ બંને મુક્તિના ઉપાય છે, તેનું જ્ઞાન અને તેની જ
શ્રદ્ધા, તે સમ્યગ્જ્ઞાન અને તે જ સમ્યગ્દર્શન છે.

તે બધાનો ઉપાય 'નમો અરિહંતાણં' છે.

'सम्यग्दर्शन - ज्ञान - चारित्राणि मोक्षमार्गः ।' ત્રણે
ભેગા મળે, ત્યારે તે માર્ગ બનીને મુક્તિ અપાવે છે.

મૂળનાયકની મૂર્તિ દર્શનાદિનો લાભ આપી
સમાધિનું કારણ બને છે.

અરિહંત પછી ઉપકારક શ્રુત - આગમ છે, તેમ
તેની સ્તુતિ કરાય છે, આગમ સૂત્રાત્મક છે અને
મૂર્તિ તથા સમવસરણ ચિત્રાત્મક છે.

સૂત્ર વડે અર્થબોધ થાય છે અને તેમ
જ્ઞાનગુણનો વિકાસ થાય છે, તેમ ચિત્ર વડે ભાવવૃદ્ધિ
અને તેમ દર્શનગુણનો વિકાસ થાય છે.

અર્થબોધ વડે સૂત્ર ઉપકારક અને
ભાવવૃદ્ધિ કરવા દ્વારા મૂર્તિ - ચિત્ર ઉપકારક થાય છે.
પ્રભુનું તીર્થ ટકાવવા માટે જ્ઞાન અને ભાવ - તથા
તે બે દ્વારા વૃદ્ધિ પામતાં ચારિત્રગુણની જરૂર છે.
ચારિત્ર એ મોક્ષ માર્ગનો પ્રાણ છે, તેમ ભાવ એ
ચારિત્રનો પ્રાણ છે અને જ્ઞાન એ ભાવનો પ્રાણ છે.

## કઈ સમજનું નામ 'સમ્યગ્દર્શન'?

'સ્વકર્મ અશુભના સંબંધમાં આવવાની પોતાની જ યોગ્યતારૂપ છે, તેથી જે કાંઈ અશુભ બને છે અને તેમાં જે કોઈ નિમિત્તરૂપ બને છે, તે બધાનું કારણ પોતાનો સ્વછંદ છે, તેથી પાપ અને તેનાં ફળરૂપ દુઃખમાં જવાબદાર બીજો કોઈ નહીં પણ પોતે જ છે' એવી સમજનું નામ 'સમ્યગ્દર્શન' છે.

જ્ઞાનનો અર્થ છે સારાસારવિવેક.

જે અક્ષરજ્ઞાનને પરિણામે આ વિવેકશક્તિ ન આવે, તે જ્ઞાન નહિ પણ શિક્ષિત મૂર્ખતા છે.

સમ્યગ્દર્શનથી બંધતત્ત્વ નિર્મૂળ થાય છે,
સમ્યગ્જ્ઞાનથી આસ્રવતત્ત્વની નિવૃત્તિ થાય છે,
સમ્યક્ચારિત્રથી સંવરતત્ત્વનું સેવન થાય છે અને
સમ્યક્તપથી નિર્જરાતત્ત્વ કાર્યરૂપ બને છે.

રત્નત્રયની ઉજ્જ્વળ આરાધના દ્વારા સ્વહિત સાથે શક્તિ અનુસાર પરહિતસાધનામાં પણ ઉજમાળ રહેવું.

## સમ્યગ્દૃષ્ટિ આત્માની વિશેષતા શી છે?

અગાધ નિઃશંકતા, લોકો પ્રતિ ઉદાસીનતા,
પદાર્થોની વિકૃત - અવિકૃત દશાઓમાં સમતાભાવ,
વસ્તુસ્વરૂપની તીક્ષ્ણ પકડ, પરદોષો પ્રત્યે ઉપેક્ષાભાવ,
વિશ્વાસની દૃઢતા, પરિણામોની સ્થિરતા,
ગુણ અને ગુણી પ્રત્યે અનુરાગ,
આત્મલીનતા દ્વારા પોતાની અને ઉપદેશાદિ દ્વારા
વસ્તુતત્ત્વની પ્રભાવના - એ સમ્યગ્દૃષ્ટિની વિશેષતા છે.
તેઓ પોતાના સ્વરૂપ - આત્માને પ્રાપ્ત કરી લેવાથી
સાચા સ્વરૂપાધિપતિ - ભૂપતિ હોય છે.
તેઓ આત્મસ્વભાવને પામેલા સર્વજ્ઞ - વીતરાગ પુરુષો
તરફ અનંત ભક્તિપૂર્ણ ભાવથી ભરેલાં હોય છે.
તેમની ઔદયિક ભાવની પ્રવૃત્તિઓ
ધાવમાતા સમાન, શેઠના મુનિમ સમાન, સતી સ્ત્રીના
પોતાના પતિ ઉપરના મન સમાન અથવા તો
જળમાં કમળવત્ અને કીચડમાં કંચનવત્ નિર્લેપ હોય છે.

## દર્શન એટલે...

પ્રત્યેક જીવમાં પોતાની સત્તાના અનુભવનની શક્તિ.

જીવનું મુખ્ય લક્ષણ ઉપયોગ = દર્શન અને જ્ઞાન.

જ્ઞાન = બાહ્ય પદાર્થોને જાણવા - સમજવાની શક્તિ.

એ યોગથી પ્રાપ્ત થાય સમ્યગ્દર્શન.

ચિત્તમાં ક્ષણેક્ષણે જાગતી વૃત્તિઓનો નિરોધ તે યોગ છે.
ચિત્ત ચંચળતાને રોકીને નિરોધ કરતાં રહેવું, એટલે કે
વૃત્તિનું વિકલ્પમાંથી સંસ્કારમાં પરિવર્તન કરતાં રહેવું.

ધર્મનું મૂળ દયા અને ધર્મનું ફૂલ ક્ષમા છે.
દયા વડે કોમળતા અને ક્ષમા વડે ઔદાર્ય પુષ્ટ થાય છે
ત્યાં જે આત્મૌપમ્ય સધાય છે,
બસ, તે જ નિશ્ચયનયાત્મક સમ્યગ્દર્શન છે.

જ્ઞાન = હેય - જ્ઞેય - ઉપાદેયને તે તે રૂપે જાણવું.

દર્શન = હેય - જ્ઞેય - ઉપાદેયને સદ્દહવું.

ચારિત્ર = જે હેય છે, તેને પ્રત્યાખ્યાનપૂર્વક છોડવું.

તપ = ઉપાદેય છે, તેને પ્રત્યાખ્યાનપૂર્વક ગ્રહણ કરવું.

# જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ

જગતની કોઈ પ્રિયમાં પ્રિય વસ્તુ હોય,
તો પહેલો યાદ આવે અને તે વસ્તુ છે શુદ્ધાત્મા.
ખરેખરું ભાન થઈ જાય, તો અજ્ઞાનનો અંત આવે
અને સંસારરૂપી મહેલ પળવારમાં નાશ પામે છે.
શુક્લધ્યાન = શુદ્ધાત્માનું લક્ષ્ય અને તેની પ્રતીતિ.
'હું શુદ્ધાત્મા છું' એ <u>જ્ઞાન</u> છે,
'હું શુદ્ધાત્મા છું' એ <u>પ્રતીતિ</u> (દર્શન) અને
જ્ઞાતા - દ્રષ્ટાભાવમાં સ્થિર રહેવું, તે <u>ચારિત્ર</u> છે.
જ્યાર કશું થાય, ત્યારે હૃદય તપે,
તે તપતાં હૃદયને જોવું - જાણવું, તે અભ્યંતર <u>તપ</u> છે.
અનાદિ દેહાધ્યાસથી છૂટવા બાહ્ય તપ પણ જરૂરી છે.
સમ્યગ્દર્શન = આત્મા - શરીરની ભિન્નતાનો અનુભવ.
દર્શનગુણનું ક્ષેત્ર અંતરંગ - જ્ઞાનગુણનું ક્ષેત્ર બહિરંગ.
દર્શનગુણ વડે આત્મસત્તાનું ભાન થાય છે અને
જ્ઞાનગુણ વડે બાહ્ય પદાર્થોનો બોધ થાય છે.

આ થઈ દર્શન - જ્ઞાન - ચારિત્રની સાદી વ્યાખ્યા:

આ (પાપ) અગ્નિ છે, આ વિષ છે - એ થયું દર્શન.

અગ્નિ (પાપરૂપી) બાળે, વિષ મારે - એ થયું જ્ઞાન.

અગ્નિને (પાપ) ન અડે, વિષ ન ખાય - એ થયું ચારિત્ર.

'આ ચિન્તામણિ રત્ન મૂલ્યવાન છે'

એમ જોવું - જાણવું અને માટે ગ્રહણ કરવું, એ

અનુક્રમે યથાર્થ દર્શન, યથાર્થ જ્ઞાન, યથાર્થ વર્તન છે.

'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ।' અહીં 'વિરતિ'નો અર્થ છે:

સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ, કેમકે તે પરપીડાકારક છે.

તેનો ત્યાગ તો જ થાય જો જ્ઞાન સમ્યગ્ હોય અને

જ્ઞાન સમ્યગ્ તો જ બને,

કે જો સાધકને જીવતત્ત્વ પ્રત્યે સન્માન હોય.

ઈશ્વર તરફ પગલું ભરવું, તે સમકીત અને

પાપથી પાછા ફરવું, તે વિરતિ.

સમકીતમાં સ્નેહ છે, વિરતિમાં વૈરાગ્ય છે.

સમકીત વિરતિને ખેંચી લાવે છે.

## ચાર ધર્મની વ્યાખ્યા

નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ = દર્શનાર્થ.

દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ = જ્ઞાનાર્થ.

દાન - શીલ - તપ - ભાવ = ચારિત્રાર્થ.

મિથ્યા અને સમ્યક્ : દર્શન - જ્ઞાન - ચારિત્ર

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર - તે અજ્ઞાનમય વાસનામાંથી સર્જતો જગત અને તેનો સઘળો વ્યવહાર છે, તેના સામે વાસનામાત્રના વિલયને સર્જનારું અને જગતપરિભ્રમણથી નિવૃત્ત કરનારું જ્ઞાન તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

ક્ષમાથી દર્શનગુણ, નમ્રતાથી જ્ઞાનગુણ, સરળતાથી ચારિત્રગુણ અને સંતોષથી તપગુણ પ્રગટે છે.

'સ્ફુરણા' એટલે શબ્દના અભાવે થતું જ્ઞાન.

સમ્યગ્દર્શન = જેને જોવાથી પોતે તથા પર યથાર્થ દેખાય, તે સાચું જોયું ગણાય. અને ઓળખવું, તે સમ્યગ્દર્શન અને ઓળખી સ્વસ્વરૂપમાં રહેવું, તે ચારિત્ર ગણાય.

મુખ્યત્વે ૨૭ વર્ગ પડી જાય:

| | |
|---|---|
| સમ્યગ્જ્ઞાન | ઉત્કૃષ્ટ. |
| સમ્યગ્દર્શન | મધ્યમ. |
| સમ્યક્ચારિત્ર | જઘન્ય. |

ઉત્કૃષ્ટ સમ્યગ્દર્શની શાસનપ્રભાવક હોય અને
મધ્યમ સમ્યગ્દર્શની શાસનરક્ષક હોય.
ઉત્કૃષ્ટ સમ્યગ્જ્ઞાની પૂર્વધર હોય અને
મધ્યમ સમ્યગ્જ્ઞાની ઉત્તમ ગ્રન્થકાર હોય.
ઉત્કૃષ્ટ સમ્યક્ચારિત્રી મહામુનિ હોય અને
મધ્યમ સમ્યક્ચારિત્રી પ્રતિષ્ઠિત મુનિ હોય.
બાકી બધા જઘન્ય હોય.

મુનિસંસ્થા રૂપી યુનિવર્સિટીમાંથી સમ્યગ્દર્શન અને
સમ્યગ્જ્ઞાનપ્રધાનોએ મહાગ્રન્થો - ટીકાઓ લખી છે.
સમ્યક્ચારિત્રપ્રધાન વ્યક્તિઓ, મહાન તપસ્વીઓ,
આદર્શ ત્યાગીઓ અને ઉત્તમ ચારિત્રશીલ
મહાત્માઓએ સ્વપરનું અનેકવિધ કલ્યાણ કર્યું છે.

## સમ્યગ્દર્શનને રોકનાર કર્મ

કર્મની અકામ નિર્જરાથી સમ્યગ્દર્શન ભોગવટો વધારે અને કર્મબંધ અલ્પ થાય છે. સમ્યગ્દર્શન વિના દીર્ઘ સ્થિતિ જો ખપી, તો તે વિના બાકીની કેમ ખપે નહીં? વસ્ત્રનો ઘણો મેલ માત્ર પાણીના સંયોગથી જ દૂર થાય અને શેષ માટે ક્ષારાદિકની જરૂર છે, તેમ અહીં પણ સમ્યગ્દર્શનરૂપી ખારા સહિત તપરૂપી જળની જરૂર છે. સમ્યગ્દર્શનને રોકનાર મિથ્યાત્વમોહનીય કર્મ જ નહીં, પરંતુ જ્ઞાનાવરણીયાદિ + કર્મોની દીર્ઘ સ્થિતિ પણ છે.

## સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મેળવવા

પ્રામાણિકતા, ઈમાનદારી, એકવચનીતા ઉપરાંત સુબુદ્ધિ અને પ્રામાણિકતા એક જ કાળે લેવા જરૂરી છે.

લાલ કાચનું ફાનસ - મિથ્યાદર્શન પટલ લાલ કાચ.

દર્શન નિશ્ચયકારક છે, જ્ઞાન પ્રકાશકારક છે, તપ નિર્જરાકારક છે તથા ચારિત્ર અવરોધકારક છે.

દર્શન - જ્ઞાન નિર્જરાના કારણ નહીં, કાર્ય છે (સંવર).

સમ્યગ્દર્શન = જીવનનું મૂલ્ય આંકવાની દૃષ્ટિ.

'નાહિ પરમ ગુહ્ય જીવનો, નાહિ ભવાર્ણવ પોત;
મિથ્યામતિતમ ભેદવા, જ્ઞાન મહાઉદ્યોત.'

તે ગુહ્યને પ્રગટ કરવાના પરમ સાધનરૂપ આગમરત્નોને ભણવા, ભણાવવા, સાચવવા, યોગ્ય રીતે લખવા, લખાવવા પ્રચારવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો, એમાં સાધુતા છે.

આશયશુદ્ધિ તથા તત્ત્વરુચિ વિના સમ્યગ્દર્શન નહિ.

સમ્યગ્દર્શન = તત્ત્વમીમાંસા, સમ્યગ્જ્ઞાન = જ્ઞાનમીમાંસા,
સમ્યક્ચારિત્ર = આચારસંહિતા.

'સમ્યગ્દર્શન એ મૂળ ધર્મ છે' તેનો બીજો અર્થ છે કે:
ધર્મનું મૂળ જીવતત્ત્વને સન્માનનું દાન કરવું.

સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે.
જ્ઞાન એ બોધરૂપ છે, દર્શન એ રુચિરૂપ છે.

○

Faith, hope and charity (love)
means દર્શન - જ્ઞાન - ચારિત્ર.

જ્ઞાન એટલે સ્વભાવનો 'ઈ'કાર એટલે સ્વીકાર.

અજ્ઞાન એટલે સ્વભાવનો 'ન'કાર યાને અસ્વીકાર.

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ નિશ્ચય રત્નત્રયી છે.

આત્મામાં આનંદ જ ભર્યો છે. તેના શ્રદ્ધામાં યથાર્થ સમજણપૂર્વક કરવું, તે નિર્વિકલ્પ ચારિત્રની ક્રિયા છે.

## જ્ઞાનમાં શું જણાય?

જેમ મરચાં અને મરીની તીખાશનું અંતર જ્ઞાનમાં જણાય પણ તેના સ્વાદનું વર્ણન વાણીમાં સંતોષકારક રીતે કરી શકાય નહીં, તેમ અખંડ, ધ્રુવ, જ્ઞાનાનંદી, અવિકારી એકાકાર સ્વભાવ લક્ષમાં લીધો, તેમાં સહજ નિર્મળ અવસ્થાનો આનંદ પ્રગટે છે, તે જ્ઞાનમાં જણાય છે. વર્તમાન અવસ્થા ઉપર દૃષ્ટિ કરતાં વિકલ્પ કે રાગ-દ્વેષ થાય છે, તેમાં શુભ ભાવ કરે, તો મંદ આકુળતા અને પાપભાવ કરે, તો તીવ્ર આકુળતાનો સ્વાદ આવે છે, બેનું અંતર જ્ઞાની જાણે છે. તે માત્ર જ્ઞાનથી જ જાણી શકાય છે, તે અંતરને વાણીમાં ઉતારી શકાતું નથી.

જ્ઞાનની ત્રણ ભૂમિકા : રૂઢ, બૌદ્ધ અને અગાધ.

આધારવાળા જ્ઞાનને રૂઢ કહે, અનુભવજ્ઞાન બૌદ્ધ છે
તથા આત્મજ્ઞાન અગાધ છે.

નિર્ગ્રન્થ પ્રવચનનો એક અર્થ એવો છે કે...

જે પ્રવચનની પાછળ કોઈ ગ્રન્થનો આધાર નહિ પણ આત્મામાંથી પ્રગટેલા જ્ઞાનનો છે. ગ્રન્થ કે વેદના આધારે વિધિનિષેધનું જ્ઞાન થાય પણ વિધિનિષેધથી પર એવું જ્ઞાન ગ્રન્થથી થતું નથી, આત્માથી થાય છે.

તત્ત્વજ્ઞાનનો સાર અથવા તો તેનું પરિણામ સાચું સદ્વર્તન છે. સદ્વર્તનની અભિમુખ તત્ત્વજ્ઞાનને જ 'સમ્યગ્જ્ઞાન' કહ્યું છે. ભારતીય જ્ઞાનના શાસ્ત્રો તો અગાધ જ્ઞાનીઓના વિશ્વ વિષેના અંતિમ નિષ્કર્ષો છે.

જે જ્ઞાન સમ્યગ્દર્શનથી શુદ્ધ હોય, તે વિરતિ પામે.

પ્રભુનું તાત્ત્વિક દર્શન તે સમ્યગ્દર્શન,
પ્રભુનું તાત્ત્વિક મિલન તે સમ્યક્ચારિત્ર અને
તેનો ઉપાય તે સમ્યગ્જ્ઞાન છે.

## નવપદમાં છઠ્ઠું સમ્યગ્દર્શન પદ છે.

જેમ આંખો વગરનો માનવ, તેમ
સમ્યગ્દર્શન વગરનો આત્મા, ભલે આંખો વગર ચાલે,
પરંતુ સમ્યગ્દર્શન વગર ન ચાલે.

દર્શનરહિતનો અંધાપો આત્માને જિનવાણી અને જીવતત્ત્વ
- ઉભયથી દૂર રાખી જિનવાણીમાં શ્રદ્ધા ન કરવા દે
અને જીવતત્ત્વમાં પ્રીતિ ન ખીલવા દે.

સમ્યગ્દર્શનને નમસ્કાર એટલે અવિરતિ, દેશવિરતિ,
સર્વવિરતિ અને ચૌદમા ગુણસ્થાનક સુધીના
શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ આદિ સર્વને નમસ્કાર.

દાન અને દયા પણ સમ્યગ્દર્શનને લાવનાર છે.

સમ્યગ્દર્શન = અનંત જીવોના ગુણોનું અનંત અનુમોદન.

મિથ્યાદર્શન = મારું સુકૃત સુકૃત, પરનું સુકૃત સુકૃત નહીં.

મારા સુકૃત જેટલું જ બલ્કે તેના કરતાં પણ અધિક
અનુમોદનીય જ્યારે મને પરનું સુકૃત લાગે, ત્યારે મારું
દર્શન તે સમ્યગ્દર્શન ગણાય, મને તે સમકિતી ગણાય.

'મિથ્યાત્વ' એટલે...

પરના અને પોતાના એકત્વ (અવિશેષ)ની માન્યતા.

રાગાદિ અને દેહાદિ સાથે એકત્વ - એકપણાની બુદ્ધિ અથવા પોતાના સ્વરૂપનો જુઠો અભિપ્રાય અથવા જીવની જે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તે માન્યતા, તે મિથ્યાત્વ છે.

પોતાના સ્વરૂપની ભ્રમણાનું જ નામ 'મિથ્યાત્વ' છે.

સ્વસ્વરૂપની ભ્રમણા એ સૌથી મોટું પાપ છે.

તે ટાળ્યા સિવાય કોઈ જીવને ધર્મ થાય નહીં.

જીવને મિથ્યાત્વ એટલે ભ્રમણા હોય, ત્યારે તેને નિમિત્ત પણ કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્ર હોય છે.

એનો અર્થ એ નથી કે જેને સાચા નિમિત્ત હોય, તેને સમ્યક્ત્વ હોય જ.

મિથ્યાત્વ સહિતનું જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.

રાગ-દ્વેષ-મોહ એ જીવના અજ્ઞાનમય પરિણામ છે.

તેને ચિદ્વિકાર - ચિદાભાસ પણ કહે છે.

# અજ્ઞાન રૂપી પાડો

મિથ્યાત્વ અને અજ્ઞાન રૂપી જે પાડો
અનંતાનુબંધી કષાય વડે અનંતા ચારિત્ર રૂપી
ઘાસના પૂળા ખાઈ ગયો છે, તે એક તણખલા રૂપી
વાડ પ્રતીત કરે નહીં, માટે તે પાડાને જ પ્રથમ
આત્મજ્ઞાન રૂપી બંધનથી બાંધવો જોઈએ.

આત્મજ્ઞાનનું બળ વધે, તો જ મિથ્યાત્વ - અજ્ઞાન ઘટે.

'નિમિત્ત પરદ્રવ્યનું કાંઈ કરે છે' એમ માનીએ, તો મિથ્યા શ્રદ્ધાનનો દોષ આવે છે. 'નિમિત્ત નથી' એમ માનીએ, તો મિથ્યાજ્ઞાનનો દોષ આવે છે. છ એ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં સર્વ સદા અસહાય પરિણમે છે.
કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય કદી પણ પ્રેરક નથી.

રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વ રૂપી મદિરાનું પાન છે.

પરનું અહંત્વ અને સ્વામિત્વ જીવ ધારણ કરે છે, ત્યાં સુધી તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ ટળતાં નથી.
પરપદાર્થોમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના મિથ્યાત્વ છે.

# પાંચ પ્રકારના મિથ્યાત્વ

સાંશયિક, એકાન્તિક, વૈનયિક,

પૂર્વ વ્યુદ્ગ્રાહિત, વિપરિત રુચિ અને નિસર્ગ મૂઢદૃષ્ટિક.

(૧) સાંશયિક (સંશય) એટલે...

ચંચળ ચિત્ત, શંકાશીલતા અથવા અનિશ્ચય.

(૨) એકાંતિક (અભિગ્રહિક) એટલે...

અહંત, અનુદારતા અથવા મારું જ સત્ય.

(૩) વૈનયિક (અનાભિગ્રહિક) એટલે...

વિવેકશૂન્ય નિયમપાલન અથવા બધાનું જ સત્ય.

(૪) વ્યુદ્ગ્રાહિતા (અભિનિવેશિક) એટલે...

વિપરીત કે વિપર્યય મિથ્યાત્વ અથવા બધાનું જ ખોટું.

(૫) અજ્ઞાનતા (અનાભોગિક) એટલે...

અનભિજ્ઞતા અથવા અસમજ.

સપ્રતિપક્ષ નથી મિથ્યાદૃષ્ટિ છે.

અન્યોન્ય સાપેક્ષ નથી સમ્યક્ત્વ છે.

સાપેક્ષ નથી સમ્યગ્દૃષ્ટિ - નિરપેક્ષ મિથ્યાદૃષ્ટિ છે.

મિથ્યાત્વ = અનાત્મભાવને આત્મભાવ માનવો.

મિથ્યાત્વના ત્યાગને માટે આત્મામાં આત્મભાવની બુદ્ધિ અને અનાત્મામાં અનાત્મભાવની બુદ્ધિ સ્થિર કરવી.

દેહ અને રાગાદિમાં એકત્વ બુદ્ધિ તે મિથ્યાત્વ.

મિથ્યાત્વ અવસ્થામાં પોતાનો સ્વાર્થ અને તેનું પોષણ તથા બીજાઓ પ્રત્યે દ્વેષ અને ઈર્ષાનો ભાવ હોય છે, જ્યારે સમ્યક્ત્વ પામ્યાં પછી પોતાની આસપાસના જીવોમાં પોતાના સમાન આત્મતત્ત્વનું દર્શન કરે છે, તેથી તેના પ્રત્યે સ્નેહ, સહાનુભૂતિ, કારુણ્ય આદિની ભાવના ઉત્પન્ન થાય છે અને જે વૃત્તિઓના કારણે જીવોમાં સંઘર્ષ પેદા થાય છે, તે વૃત્તિઓ પ્રત્યે વિરક્તિ જાગે છે. આ નવી દૃષ્ટિના ફલસ્વરૂપ સમ્યક્ત્વના શમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય નામના ૪ લક્ષણો પ્રગટે છે.

વિરતિ ન હોવાના કારણે યોગ આસ્રવ આવે, તેમ મૌન કે વિતરાગિતાના પરિણામ ન હોવાના કારણે મિથ્યાત્વ અને અજ્ઞાનજન્ય આસ્રવ પણ આવે જ.

# મિથ્યાત્વનાં સ્થાન

(a) આત્માને અકર્તા માનવો, તે સાંખ્ય નિયતિવાદ છે.

નિયતિવાદ = સાધક - કારક.

(b) આત્માને અભોક્તા માનવો, તે વેદાંત સ્વભાવવાદ છે.

સ્વભાવવાદ = યોગ્યતા - કર્મ.

(c) ઉપાદાનને માનવું - નિમિત્તને નહીં, તે અજ્ઞેયવાદ.

અજ્ઞેયવાદ = ઉપાદાન નિમિત્ત.

(d) નિશ્ચયને માનવું - વ્યવહારને નહીં, તે અદ્વૈતવાદ છે.

અદ્વૈતવાદ = નિશ્ચય વ્યવહાર.

(e) ભાવને માનવું - દ્રવ્યને નહીં, તે સ્વચ્છંદવાદ છે યા શુભ રાગને મોક્ષનું સાધન ન માનવું અને શરીરાદિની ક્રિયાને નિરપેક્ષ માનવી, તે સ્વચ્છંદવાદ છે.

સ્વચ્છંદવાદ = દ્રવ્ય - ભાવ. અશ્રદ્ધાવાદ = શુભ રાગ.

આત્મત્વ - કર્તૃત્વ - કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષાર્થ.

ઉપરના પાંચ કારણોમાંથી કોઈનો પણ ઇન્કાર કરવાથી ઉપર્યુક્ત દોષો આવે છે.

મિથ્યામતિમાં રહેલા જે પ્રકારના ગુણો
એક સહજાત અને બીજા સંસર્ગજન્ય.

મિથ્યાધર્મના સહજાત ગુણો

તે પ્રેમ-દયા-દાન-વાત્સલ્યાદિ મનુષ્યત્વના પોષક છે,
માર્ગાનુસારિતાને વિકસાવનાર છે તથા
સમ્યગ્ ધર્મ માટેની યોગ્યતાને લાવનાર છે.

મિથ્યાધર્મના સંસર્ગજન્ય ગુણો

તે મિથ્યા દેવ-ગુરુ-શાસ્ત્ર-સિદ્ધાંત-આચાર-પર્વ
આદિની માન્યતાઓ અને તે માટેનો પ્રયત્ન છે.
તે ગુણો માર્ગાનુસારિતાને બાધક છે, તેથી અપ્રશંસનીય છે.
જેમ મિથ્યાદૃષ્ટિપરિગ્રહિત સમ્યક્શ્રુત મિથ્યાશ્રુત બને,
તેમ સુદેવ અને સુગુરુ તત્ત્વ પણ મિથ્યા બને છે.
જેમ સમ્યગ્દૃષ્ટિ પરિગ્રહિત મિથ્યાશ્રુત પણ
સમ્યક્શ્રુત બને છે, તેમ સમ્યગ્દૃષ્ટિ, મધ્યસ્થ મતિ,
અરક્તદ્વિષ્ટ, સત્યાર્થી પરિગ્રહિત
કુદેવ - કુગુરુ પણ સુદેવ - સુગુરુપણે પરિણમે છે.

જીવ જીવોને દુઃખ દેવું ધર્મની વિરુદ્ધ છે, તેમ તેમના પ્રત્યે સ્નેહભાવ ન હોવો એ ઉગ્ર મિથ્યાત્વનો ઉદય છે.

'મિથ્યાત્વ' એટલે ધર્મ અને ધર્મી પરત્વે ઉપેક્ષા, અધર્મ અને અધર્મીને ઉત્તેજન, કર્મ અને તેના ફળ પ્રત્યે અવિશ્વાસ, જીવ-જડ વચ્ચે અભેદ અધ્યાસ છે. 'શુભાશુભ ભાવ મારા છે, તે કરવા જેવા છે' એવી જે જીવની મજબુત પક્કડ છે, તે સંસારનું મૂળિયું છે. તે છેદવામાં ન આવે, ત્યાં સુધી સંસાર ઉભો રહે છે. પોતાનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના સંસાર ટળે નહીં.

તે મૂળિયાને 'મિથ્યાત્વ' કહે છે.

તે જ સંસાર છે અને મિથ્યાત્વ તે જ પરિગ્રહ છે.

મિથ્યાત્વ એ દોષનું સ્થાન છે. શાસ્ત્રમાં તે ગુણસ્થાનક અને મિથ્યાશ્રુતને નમસ્કાર પણ કહ્યો છે. જે દૃષ્ટિ ગુણને મહત્વ આપે, તે 'સમ્યગ્દૃષ્ટિ' છે અને જેની દૃષ્ટિ સદા એ મિથ્યાને જ મહત્વ આપે, તે 'મિથ્યાદૃષ્ટિ' ઇત્યાદિ. 'મિથ્યા' એટલે દોષ.

મિથ્યાત્વ = અસત્યતા, ખોટી સમજ, અયથાર્થ સમજ.

સમ્યક્ત્વ યાને સાચી સમજ - એ સુખનું મૂળ છે.

મિથ્યાત્વ યાને ઉલ્ટી સમજ - એ દુઃખનું મૂળ છે.

મિથ્યાદૃષ્ટિ જીવનું સાધ્ય વિષયસુખ છે,

સમ્યગ્દૃષ્ટિ જીવનું સાધ્ય આત્મિક સુખ છે.

એક ધન, સ્વજન, યૌવનથી હરખાય છે,

બીજો જ્ઞાન - દર્શન - ચારિત્રથી આનંદ પામે છે.

એક પુદ્ગલરસિક છે, જ્યારે બીજો આત્મરસિક છે.

સાચું સામાયિક અને પ્રતિક્રમણ ક્યારે?

મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ અંગીકાર કરે ત્યારે.

અરિહંતનું નામ લેવાથી મિથ્યાત્વ જાય?

નામ સાથે તેમનું સ્વરૂપ ઓળખવાથી જાય.

મિથ્યાત્વની સંજ્ઞા કઈ ભાવનાને હોય?

મન અને શરીરથી કોઈ ઇતર તત્ત્વ મનુષ્યના

બંધિયારપણામાં હોવાનો જે ભાવના વડે ઇન્કાર થાય છે,

તે ભાવનાને મુખ્યત્વે મિથ્યાત્વની સંજ્ઞા છે.

કહ્યું છે કે : 'ગુણપર્યાયવદ્ દ્રવ્યં ।'

દ્રવ્યનિરપેક્ષ પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય વિનિર્મુક્ત દ્રવ્યદૃષ્ટિ ઉપાસનાની દૃષ્ટિએ સમ્યક્ત્વ છે.

ઉપાસનાની દૃષ્ટિ એટલે ભક્તિદૃષ્ટિ.

અનંતાનુબંધી લોભ મિથ્યાત્વને પુષ્ટ કરે છે અને મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયને પુષ્ટ કરે છે.

પ્રથમ અનંતાનુબંધી લોભનો નાશ થાય પછી મિથ્યાત્વનો નાશ થાય છે. લોભનો નાશ અપાયવિચય ધ્યાન અને વિપાકવિચય ધ્યાનથી થાય અને મિથ્યાત્વનો નાશ આજ્ઞાવિચય અને સંસ્થાનવિચય ધ્યાનથી થાય છે.

Imp દોષોનું મૂળ જન્મસ્થાન કયું ?

રતિ - અરતિ એ રાગદ્વેષનું કાર્ય છે,

રાગદ્વેષનું મૂળ અજ્ઞાન - મિથ્યાત્વાદિ દોષો છે.

રતિ - અરતિ, રાગદ્વેષ, અવિરતિ - કષાય એ સૌ રોગ છે.

તેમાં આરોગ્યબુદ્ધિ ધારણ કરવી, તે મિથ્યાત્વ છે અને તેમાં રોગબુદ્ધિ ધારણ કરવી, તે તેનો પ્રતિકાર છે.

## પાપબંધનના ચાર મૂળ કારણો

મિથ્યાત્વ = મિથ્યામતિ - આત્મભાન ભૂલવું તે.

અવિરતિ = ઈચ્છાને કાબુમાં રાખવાનો નિયમ ન કરવો તે.

કષાય = રાગ-દ્વેષવાળી પ્રવૃત્તિઓ.

યોગ = મન - વચન - કાયાની સ્વાભાવિક ક્રિયાઓ.

કોઈ વખતે એક, કોઈ વખતે બે, કોઈ વખતે ત્રણ, કોઈ વખતે ચારે ય જાતની લાગણીઓ એકસાથે હોય છે.

## મિથ્યાત્વનો પ્રતિકાર કઈ રીતે ?

મિથ્યાત્વનો છેદ ગુરુ - પાપાદિની શ્રદ્ધા વડે અને વિષય - તૃષ્ણારૂપ અવિરતિનો છેદ સર્વવિરતિ વડે થાય.

મિથ્યાત્વસેવન વડે અનંતાનુબંધી કષાયોનું રક્ષણ થાય, અનંતાનુબંધી કષાયસેવનથી મિથ્યાત્વરક્ષણ થાય છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો છે. તેનો પ્રતિકાર ન થાય, ત્યાં સુધી કોઈપણ સદ્‌ગુણનું સેવન સાનુબંધ - ટકાઉ થતું નથી. સર્વજ્ઞવચનરુચિતાનો પરિણામ મિથ્યાત્વને અટકાવે છે.

...આને પણ મિથ્યાત્વ કહેવાય!

ઉપકારીના ઉપકારને અવગણવા અને
ગુણ - ગુણી પ્રત્યે પ્રમોદને બદલે માધ્યસ્થ્ય,
દીન - દુઃખી પ્રત્યે કરુણાને બદલે માધ્યસ્થ્ય દર્શાવવું
વગેરે સર્વ એક રીતે તો મિથ્યાત્વના જ પ્રકારો છે.
મિથ્યાત્વ = માયા, માર, શેતાન, મોહ, પ્રકૃતિ, sin આદિ.
દેહને, દેહાધીનને, કર્મને તથા કર્મના પરિણામને
હું અને મારા માનવા, તે પણ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વશલ્ય એટલે...

દુષ્કૃતને દુષ્કૃત - હેય ન માનવું અને
સુકૃતને અનુમોદનીય - ઉપાદેય ન સમજવું તે.
ધર્મના પાયામાં પાપની ભીતિ અને પ્રભુપ્રીતિ રહેલી છે.
દુષ્કૃતની ગર્હાથી દુઃખ જાય, સુકૃતની અનુમોદનાથી
દુર્ગતિ જાય અને ચતુઃશરણાગમન વડે
દુઃખની પરંપરાના હેતુભૂત મિથ્યાત્વશલ્ય જાય તથા
પાપનો પશ્ચાત્તાપ અને ગુણનું અનુમોદન થાય.

મિથ્યાત્વ એટલે અવિવેક, રાગ-દ્વેષ એટલે તૃષ્ણા.

વિવેક વડે મિથ્યાત્વ, તૃષ્ણાત્યાગ વડે ચારિત્રમોહ જાય.

### મંદ મિથ્યાત્વના લક્ષણ

ભવનો ભય, પાપનો ભય, જીવની દયા.

### ઉગ્ર મિથ્યાત્વના લક્ષણ

પાપની ઘૃણા ન હોય કે જીવદયાની ભાવના ન હોય.

ધર્મપરિણતિ સમ્યક્ત્વથી અથવા મંદ મિથ્યાત્વથી ગણાય.

ધર્મના બે પ્રકાર છે: પ્રવૃત્તિ અને નિવૃત્તિ.

દયા - દાન - પૂજા વિગેરેની પ્રવૃત્તિ એ જેમ ધર્મ છે,
તેમ હિંસાદિ કામ - ક્રોધાદિ પાપનો ભય પણ ધર્મ છે.

જેમ પાપને પાપ ન માનવું, એ મિથ્યાત્વનો દોષ છે,
તેમ પાપને પાપ માન્યાં પછી પણ તેનું સેવન કરવું,
એ પણ મિથ્યાત્વનો દોષ જ છે.

એક સમ્યક્ત્વનો ઘાતક, બીજો ચારિત્રનો ઘાતક છે.

મિથ્યાત્વની હાજરીમાં ચારિત્ર એ ખોટનો ચાળો છે,
ઉપશમના અભાવમાં ધર્મ છાર ઉપર લીંપણ સમાન છે.

તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
તેમાં ત્રીજું સ્વપ્ન સિંહ.



તપ્ત સુવર્ણ અને વીજળીના ચળકાટ જેવી આંખોવાળો,
તેજસ્વી સૂર્ય સમાન તથા સોનેરી કેશવાળી સહિતનો
કેસરી સિંહ આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ નરકેસરીબાળ સિંહની જેમ અતિવ
પરાક્રમી તથા બળવાન થશે.



: રત્નત્રયી સાધવાના ત્રણ પર્વ :

પર્યુષણા પર્વ એ સમ્યગ્ દર્શનનું પર્વ છે,
જ્ઞાનપંચમી એ સમ્યગ્ જ્ઞાનનું પર્વ છે અને
મૌન એકાદશી એ સમ્યક્ ચારિત્રનું પર્વ છે.
વિજ્ઞાન = સમ્યગ્ દર્શન+જ્ઞાન, વીતરાગ = સમ્યગ્ ચારિત્ર.
સમ્યગ્ દર્શન એ યમુનારૂપ, સમ્યગ્ જ્ઞાન એ સરસ્વતીરૂપ
અને સમ્યક્ ચારિત્ર એ ગંગારૂપ છે.

www.fiestadesigns.in